# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

'નાગિન' ફેમ સુરભી ચંદનાએ ટીવીથી દૂર રહેવાનું સાચું કારણ જણાવ્યું



પેજ-09

પોર્ટુગલે આર્મેનિયાને ૯-૧થી હરાવી ફૂટબોલ વિશ્વ કપ માટે ક્વોલિફાય કર્યું




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 28.00 | 16.00 |
| વડોદરા | 28.00 | 15.00 |
| સુરત | 29.00 | 17.00 |


પેજ 5





એસબીઆઈ હોમ લોન ૬૦ લાખ: તમારો પગાર ૮૪,૦૦૦ હોય...

**18** NOVEMBER-2025 TUESDAY

નેતન્યાહૂનો 'સત્ય છુપાવવાનો' પ્લાન વિપક્ષે નકારી ઓક્ટો. 7 તપાસની માંગ




પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 84950.95 | ▲ | 388.17 |
| નિફ્ટી | 26013.45 | ▲ | 103.40 |
| સોનું | 122863.00 | ▼ | 698.00 |
| ચાંદી | 155089.00 | ▼ | 929.00 |


વર્ષ-15 । અંક-007 । વિક્રમ સંવત-2082 । કારતક વદ-14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


શેખ હસીનાની સજા સામે બાંગ્લાદેશમાં વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા... ગૃહયુદ્ધ જેવી પરિસ્થિતિ સર્જાઇ

# શેખ હસીનાને ફાંસીની સજા: 'હસીનાને અમને સોંપી દો' યુનુસ સરકારનો ભારતને પત્ર

(એજન્સી) ઢાકા | તા.17

બાંગ્લાદેશના પૂર્વ વડાંપ્રધાન હાલ ભારતમાં આશરો લઈ રહ્યા છે, ત્યારે બાંગ્લાદેશની આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યુનલ કોર્ટે આજે શેખ હસીનાને ફાંસીની સજાનો ચુકાદો આપ્યો છે. આ ચુકાદના થોડાંક જ કલાકો બાદ બાંગ્લાદેશની વચગાળાની સરકારે ભારતને પત્ર લખ્યો છે અને શેખ હસીના તેમજ પૂર્વ ગૃહમંત્રી અસદુઝમાન ખાન કમાલની તાત્કાલિક પ્રત્યાર્પણની ઔપચારિક માંગણી કરી છે. બાંગ્લાદેશી સરકારે પત્રમાં કહ્યું છે કે, 'બાંગ્લાદેશી આઈસીટીએ માનવતા વિરુદ્ધના અપરાધોના ગુનામાં હસીના અને અસદુઝમાનને મોતની સજા સંભળાવી છે. જો આ ફરાર આરોપીઓને કોઈ દેશ આશરો આપે છે, તો તે દુશ્મનાવટ અને ન્યાયની અવગણના ગણાશે.' બાંગ્લાદેશી વિદેશ મંત્રાલયે 2013માં થયેલી દ્વિપક્ષીય પ્રત્યાર્પણનો ઉલ્લેખ કરીને કહ્યું કે, 'આ સંધિ હેઠળ આ દોષિતોને બાંગ્લાદેશને સોંપવું ભારતનું અનિવાર્ય કર્તવ્ય છે. અમે ભારત સરકારને અપીલ કરીએ છીએ કે, તેઓ બંનેને તાત્કાલીક બાંગ્લાદેશી અધિકારીઓને સોંપી દે.'

## હસીનાએ જે કોર્ટની સ્થાપના કરી, તે જ કોર્ટે સજા સંભળાવી

હસીનાને મોતની સજા સંભળાવનારા ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલની સ્થાપના તેમણે પોતે જ કરી હતી. તેને 2010માં બનાવવામાં આવ્યું હતું. આ કોર્ટને 1971ના બાંગ્લાદેશ મુક્તિ સંગ્રામ દરમિયાન થયેલા વોર ક્રાઈમ્સ અને નરસંહાર જેવા મામલાઓની તપાસ અને સજા માટે બનાવવામાં આવ્યું હતું. જોકે આ ટ્રિબ્યુનલ બનાવવા માટે 1973માં જ કાયદો બનાવી દેવાયો હતો, પરંતુ દાયકાઓ સુધી પ્રક્રિયા અટકેલી રહી. તે પછી 2010માં હસીનાએ તેની સ્થાપના કરી જેથી ગુનેગારો પર મુકદ્દમો ચાલી શકે.

### ફાંસીની ચુકાદો ગેરવ્યાજબી : શેખ હસીના

ફાંસીની સજા મામલે શેખ હસીનાએ આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે, 'ટ્રિબ્યુનલે અલોકતાંત્રિક અને પક્ષપાતી રીતે ચુકાદો આપ્યો છે. ટ્રિબ્યુનલ એવી વચગાળાની સરકાર હેઠળ કામ કરી છે, જેને લોકશાહીનો જનાદેશ જ મળ્યો નથી અને તેમના નિર્ણય રાજકીય પ્રેરીત છે. જે સંકેત આપી રહ્યા છે કે, વચગાળાની સરકારના કટ્ટરપંથી તત્વો બાંગ્લાદેશના અંતિમ ચૂંટાયેલા વડાંપ્રધાનને ખતમ કરવા માંગે છે. આ ઉપરાંત તેઓ અમારી પાર્ટી અવામી લીગને પણ ખતમ કરવાનું ષડયંત્ર રચી રહ્યા છે.' બાંગ્લાદેશના લોકો ડૉ.મોહમ્મદ યુનુસની આગેવાની હેઠળની વચગાળાની સરકારની અવ્યવસ્થિત, હિંસક અને નબળી કામગીરીનો સામનો કરી રહ્યા છે.



### સજા મામલે ભારતે શું કહ્યું?

બાંગ્લાદેશી આઈસીટીએ શેખ હસીનાને સજા સંભળાવ્યા બાદ ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું કે, 'એક ગાઢ પાડોશી હોવાના નાતે, અમે બાંગ્લાદેશમાં શાંતિ, લોકશાહી, સમાવેશીતા અને રાજકીય સ્થિરતા સહિત ત્યાંના લોકોના શ્રેષ્ઠ હિતો માટે પ્રતિબદ્ધ છીએ.

## બાંગ્લાદેશના બે "દેશદ્રોહી" જેમના લીધે શેખ હસીનાને મૃત્યુદંડની સજા ફટકારાઇ

### 1. વકાર-ઉઝ-ઝમાન

બાંગ્લાદેશના આર્મી સ્ટાફના વડા. તેમને શેખ હસીનાના સંબંધી પણ માનવામાં આવે છે. તેમને જૂન ૨૦૨૪માં બાંગ્લાદેશના આર્મી સ્ટાફના વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, પરંતુ તેમણે હસીના સાથે દગો કર્યો હતો. બાંગ્લાદેશના ભૂતપૂર્વ ગૃહમંત્રીના જણાવ્યા મુજબ, વકાર-ઉઝ-ઝમાન યુનાઈટેડ સ્ટેટ્સ સાથે મળ્યા હતા. પરિસ્થિતિ હાથમાંથી બહાર નીકળી ગઈ, ત્યારે વકારે શેખ હસીનાને જાણ કરી. વકારના કહેવા પર જ શેખ હસીનાએ પોતાનું રાજીનામું સુપરત કર્યું.

### 2. અલ મામુન

બાંગ્લાદેશના ભૂતપૂર્વ પોલીસ મહાનિરીક્ષક. જુલાઈના બળવામાં શેખ હસીના સાથે તેમનું નામ પણ હતું, પરંતુ ટ્રાયલ દરમિયાન મામુન સરકારી સાક્ષી બન્યા. મામુને કોર્ટમાં એવી બાબતોનો ઉલ્લેખ કર્યો હતો જે બાંગ્લાદેશમાં ફક્ત ચર્ચાનો વિષય હતી. મામુને સરકારી સાક્ષી આપવાની વાત કરતાની સાથે જ બાંગ્લાદેશમાં એક ઓડિયો ક્લિપ વાયરલ થઈ ગઈ. આ ઓડિયોમાં, શેખ હસીના પોલીસ વડાને બળવાખોરો પર ગોળીબાર કરવાનું કહેતી જોવા મળે છે.

---

બાંગ્લાદેશના પૂર્વ PM શેખ હસીનાને સજા મુદ્દે ભારતની પ્રતિક્રિયા

# બાંગ્લાદેશમાં લોકશાહી, શાંતિ અને સ્થિરતા જાળવવાની જરૂર

(એજન્સી) નવી દિલ્હી | તા.17

બાંગ્લાદેશના પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાને આંતરરાષ્ટ્રીય અપરાધ ટ્રિબ્યુનલ (ICT) દ્વારા સંભળાવવામાં આવેલી ફાંસીની સજા પર ભારતની પ્રથમ પ્રતિક્રિયા સામે આવી છે. ભારતે કહ્યું છે કે, અમે આ નિર્ણય પર ધ્યાન આપી રહ્યાં છીએ અને બાંગ્લાદેશના હિતો માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. ભારત સરકાર દ્વારા જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ભારતે બાંગ્લાદેશના આંતરરાષ્ટ્રીય અપરાધ ટ્રિબ્યુનલ દ્વારા શેખ હસીના વિરુદ્ધ સંભળાવવામાં આવેલા નિર્ણયની નોંધ લીધી છે. ચુકાદાના બાદ ઢાકા સહિત અન્ય શહેરોમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો શરૂ થઈ ગયા છે. હસીનાની પાર્ટી અવામી લીગના સમર્થકો રસ્તાઓ પર ઉતરી આવ્યા છે અને સ્પષ્ટ કહ્યું છે કે, અમારી પાર્ટી વગર દેશમાં ચૂંટણી નહીં થવા દઈએ.

### બાંગ્લાદેશની જનતાના સર્વશ્રેષ્ઠ હિતો માટે પ્રતિબદ્ધ : ભારત



ભારતે સ્પષ્ટપણે કહ્યું છે કે, 'એક નજીકના પાડોશી હોવાના નાતે અમે બાંગ્લાદેશની જનતાના સર્વશ્રેષ્ઠ હિતો માટે પ્રતિબદ્ધ છે.' વિદેશ મંત્રાલયે વધુમાં કહ્યું કે, 'બાંગ્લાદેશમાં શાંતિ, લોકશાહી, સમાવેશ અને સ્થિરતા જાળવવી અત્યંત જરૂરી છે અને ભારત હંમેશા આ મૂલ્યોના સમર્થનમાં ઊભું રહેશે. ભારત બાંગ્લાદેશ સાથે જોડાયેલા પક્ષો સાથે રચનાત્મક સંવાદ ચાલુ રાખશે, જેથી દેશમાં સ્થિરતા અને લોકશાહી માહોલ કાયમ રહે.'

# સાયબર ઠગે મહિલા પાસેથી 32 કરોડ રૂપિયા સેરવી લીધા!

બેંગલુરુમાં ચોંકાવનારો કેસ

(એજન્સી) બેંગલુરુ | કર્ણાટકની રાજધાની બેંગલુરુમાંથી સાયબર છેતરપિંડીનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં એક મહિલાને 'ડિજિટલ અરેસ્ટ'ના નામે 32 કરોડની ઠગાઈ કરવામાં આવી છે. પીડિતાની ફરિયાદના આધારે પોલીસે કેસ નોંધીને તપાસ હાથ ધરી છે. આ છેતરપિંડી 15 સપ્ટેમ્બર, 2024ના રોજ શરૂ થઈ હતી અને તે ઘણા મહિનાઓ સુધી ચાલી. ઠગબાજોએ CBI, સાયબર ક્રાઈમ અને RBIના નામનો ઉપયોગ કરીને મહિલાને 'ડિજિટલ અરેસ્ટ' કરીને ઘરમાં જ કેદી બનાવીને રાખી હતી. પોલીસ ફરિયાદમાં મહિલાએ જણાવ્યું કે 15 સપ્ટેમ્બરના રોજ સવારે 11 વાગ્યે તેને એક ફોન કૉલ આવ્યો હતો, જેમાં કૉલ કરનારે પોતાને DHL કંપનીનો કર્મચારી ગણાવ્યો હતો.

# ભારતમાં હમાસ જેવા હુમલાની તૈયારી હતી! ડ્રોન-રોકેટ બનાવતા આતંકવાદીની ધરપકડ

(એજન્સી) નવી દિલ્હી | તા.17

દિલ્હી વિસ્ફોટ મામલામાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ને મોટી સફળતા મળી છે. એજન્સીએ આત્મઘાતી હુમલાખોર ડૉ. ઉમરના સાથી જાસિર બિલાલ વાની ઉર્ફે દાનિશની શ્રીનગરથી ધરપકડ કરી છે. કડક સુરક્ષા વચ્ચે તેને દિલ્હી લાવવામાં આવ્યો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પૂછપરછ દરમિયાન જાસિરે અનેક ચોંકાવનારા ખુલાસા કર્યા છે. આ આતંકી મોડ્યુલ હેઠળ હમાસની જેમ ડ્રોન અને નાના રોકેટ બનાવીને ભારતમાં મોટા હુમલાનું ષડયંત્ર રચવામાં આવ્યું હતું. આતંકીઓ ડ્રોનને હથિયાર તરીકે ઉપયોગ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

### ડ્રોનને મોડિફાઈ કરી હથિયાર બનાવવાની યોજના

તપાસમાં ખુલાસો થયો છે કે, આતંકવાદીઓ એવા ડ્રોન તૈયાર કરવાની ફિરાકમાં હતા, જેને મોડિફાઈ કરીને હથિયાર તરીકે ઉપયોગમાં લઈ શકાય. ડ્રોનમાં કેમેરા અને બેટરીની સાથે નાના બોમ્બ લગાવવાની તૈયારી હતી, પરંતુ તે પહેલા જ આ મોડ્યુલનો ઘટસ્ફોટ થઈ ગયો છે. NIAએ પકડેલો આતંકવાદી દાનિશ આ પ્રકારના ડ્રોન બોમ્બ બનાવવામાં માહેર હતો. યોજના મુજબ, આતંકવાદી ડ્રોનને ભીડવાળી જગ્યા અથવા સુરક્ષા સ્થળ પર લઈ જઈને વિસ્ફોટ કરવા માંગતો હતો. સીરિયા, ગાઝા અને અફઘાનિસ્તાન જેવા વિસ્તારોમાં હમાસ અને અન્ય સંગઠનો દ્વારા જે રીતે હુમલા કરવામાં આવયા હતા, તે રીતે ભારતમાં પણ ડ્રોન હુમલો કરવાનું ષડયંત્ર રચાયું હતું.

### એક દિવસ પહેલા આમિર રાશિદ અલીની ધરપકડ કરાઈ હતી

NIAએ એક દિવસ પહેલા જ ઉમરના અન્ય એક સાથી આમિર રાશિદ અલીની પણ ધરપકડ કરી હતી. કાશ્મીરનો રહેવાસી આમિર પર આરોપ છે કે, તેણે ઉમર સાથે મળીને વિસ્ફોટનું ષડયંત્ર રચ્યું હતું. દિલ્હી વિસ્ફોટમાં જે કારનો ઉપયોગ કરાયો હતો, તે પણ આમિરના નામ પર રજિસ્ટર્ડ હતી. એનઆઈએએ દિલ્હી બ્લાસ્ટને દેશનો પહેલો આત્મઘાતી હુમલો ગણાવ્યો છે.



### દાનિશ ડ્રોન અને નાના રોકેટનો ઉપયોગ કરીને મોટા હુમલાનું કાવતરું ઘડી રહ્યો હતો

અહેવાલો અનુસાર, જસીર બિલાલ વાની, ઉર્ફે દાનિશ, હમાસ જેવા સંગઠનો દ્વારા કરવામાં આવેલા ડ્રોન હુમલાઓ જેવો જ ભારતમાં હુમલો કરવાની યોજના બનાવી રહ્યો હતો. તપાસમાં જાણવા મળ્યું છે કે આતંકવાદીઓ સતત ડ્રોનમાં ફેરફાર કરીને તેનો હથિયાર તરીકે ઉપયોગ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ યોજનામાં ડ્રોન પર કેમેરા, બેટરી અને નાના બોમ્બ લગાવવાનો સમાવેશ થતો હતો, જે પછી ભીડવાળા વિસ્તારો અથવા સુરક્ષા મથકો પર ઉડાવીને લક્ષિત વિસ્ફોટો કરવામાં આવતા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, હમાસ અને અન્ય આતંકવાદી જૂથો સીરિયા, ગાઝા અને અફઘાનિસ્તાન જેવા વિસ્તારોમાં સમાન ડ્રોન હુમલાઓ કરે છે. દાનિશ અને તેના સહયોગીઓ ભારતમાં મોડેલ લાગુ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

### હુમલાખોર દાનિશ ઉમરનો ખાસ સાથી

દાનિશ જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લાના કાઝીગુંડ વિસ્તારનો રહેવાસી છે. તેના પર આક્ષેપ છે કે, તે આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા માટે ટેકનિકલ મદદ કરતો હતો. જાસિરે વિસ્ફોટ કરનાર આતંકી ઉમર ઉન નબી સાથે મળીને આ હુમલાની તૈયારી કરી હતી. દાનિશ હુમલાખોર ઉમરનો ખાસ સાથી હોવાનું મનાય છે અને તે હુમલાના કાવતરાના દરેક તબક્કામાં સામેલ હતો. તપાસમાં સામે આવ્યું કે તે બ્લાસ્ટનું ષડયંત્ર કરવામાં સક્રિય ભૂમિકા નિભાવી રહ્યો હતો. NIA મુજબ જાસિરે આતંકીઓને ટેક્નિકલ મદદ કરી હતી. તે ડ્રોનમાં ફેરફાર કરીને તેમને હુમલા માટે ઉપયોગ થાય તે બનાવવાના પ્રયત્નો કરી રહ્યો હતો. તેની સાથે જ તે રોકેટ જેવી ટેક્નોલોજી વિકસિત કરવાના પ્રયત્નમાં સામેલ હતો. આ કામ બ્લાસ્ટ પહેલા સતત ચાલી રહ્યું હતું અને આ ટેક્નોલોજીની મદદથી આતંકી નેટવર્ક પોતાના હુમલાને વધુ ઘાતક બનાવવાની તૈયારીમાં હતું.

---

પાકિસ્તાન ફરી તક આપશે તો જવાબ વધુ કડક હશે; આતંક ફેલાવનારાઓ પર કાર્યવાહી જરૂરી

# 'ઓપરેશન સિંદૂર 88 કલાકનું ટ્રેલર હતું': આર્મી ચીફ

(એજન્સી) નવી દિલ્હી | તા.17

આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ સોમવારે ઓપરેશન સિંદૂર વિશે કહ્યું કે ફિલ્મ તો હજુ શરૂ પણ થઈ નથી, ફક્ત 88 કલાકનું ટ્રેલર બતાવવામાં આવ્યું છે. જો પાકિસ્તાન અમને બીજી તક આપે, તો અમે તેમને બતાવવામાં અચકાઈશું નહીં કે જવાબદાર રાષ્ટ્રો તેમના પડોશીઓ સાથે કેવી રીતે વર્તે છે. દિલ્હીમાં ચાણક્ય સંરક્ષણ સંવાદના પ્રારંભિક કાર્યક્રમમાં આર્મી ચીફ બોલતા હતા. તેમણે કહ્યું કે જ્યારે ભારત પ્રગતિનું સમર્થન કરે છે, ત્યારે આતંક ફેલાવનારાઓને રોકવા માટે પગલાં લેવા જરૂરી છે.



**1. રાજદ્વારીમાં સૈન્યની ભૂમિકા મહત્વપૂર્ણ-** વિદેશ મંત્રી એસ. જયશંકરે ગયા વર્ષે ઓક્ટોબરમાં સૈન્ય કમાન્ડરોને સંબોધિત કર્યા હતા અને સ્પષ્ટપણે જણાવ્યું હતું કે સંરક્ષણ રાજદ્વારીમાં ભારતીય સૈન્યની ભૂમિકા મહત્વપૂર્ણ છે. તેમાં શીખવાની અને નોંધપાત્ર યોગદાન બંનેની જરૂર છે. **2. ભારત-ચીન સંબંધોમાં મોટો પરિવર્તન આવ્યો-** ઓક્ટોબર 2024થી ભારત-ચીન સંબંધોમાં મોટો પરિવર્તન આવ્યો છે. બંને દેશોએ સ્વીકાર્યું છે કે સામાન્યતા પુનઃસ્થાપિત કરવી ફાયદાકારક છે.

ભારતીય સેના ભવિષ્યને એક પાયાના દૃષ્ટિકોણથી જુએ છે. આપણે પાંચમી પેઢીના યુદ્ધમાં લડી રહ્યા છીએ, અને સેના તે મુજબ પોતાને બદલી રહી છે. પહેલાં યુદ્ધમાં નિર્ણયો લેવામાં દિવસો લાગતા હતા, પરંતુ હવે પરિસ્થિતિ બદલાઇ ગઇ છે. જો 48 કલાકમાં યુદ્ધ લડવું હોય, તો સમગ્ર રાષ્ટ્રની તાકાત એક સાથે તહેનાત કરવી પડશે.
**-આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી**

---

કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહનું અલ્ટિમેટમ...

# દિલ્હી બોમ્બ વિસ્ફોટો માટે જવાબદાર લોકોને પાતાળમાંથી પણ શોધી કઢાશે

(એજન્સી) નવી દિલ્હી | તા.17

અમિત શાહે દિલ્હી બોમ્બ વિસ્ફોટો અંગે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. ફરીદાબાદમાં NZC ની બેઠક દરમિયાન, તેમણે જણાવ્યું હતું કે દિલ્હી બોમ્બ વિસ્ફોટો માટે જવાબદાર લોકોને પાતાળમાંથી પણ શોધી કઢાશે. ગૃહમંત્રી અમિત શાહે દિલ્હી બોમ્બ વિસ્ફોટો અંગે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. ફરીદાબાદમાં NZCની બેઠક દરમિયાન, તેમણે જણાવ્યું હતું કે દિલ્હી બોમ્બ વિસ્ફોટો માટે જવાબદાર લોકોને પાતાળમાંથી પણ શોધી કઢાશે. બેઠકની શરૂઆત બે મિનિટના મૌન અને દિલ્હીમાં તાજેતરમાં થયેલા કાર બોમ્બ વિસ્ફોટો અને જમ્મુ અને કાશ્મીરના નૌગામ પોલીસ સ્ટેશનમાં થયેલા વિસ્ફોટમાં જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ સાથે થઈ હતી. કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, આતંકવાદને નાબૂદ કરવો એ એક સહિયારી પ્રતિબદ્ધતા છે.

### ભવિષ્યમાં આવા હુમલાનો પ્રયાસ કરતા પહેલા બે વાર વિચારશે



અમિત શાહે 13 નવેમ્બરના રોજ વિસ્ફોટમાં સામેલ આતંકવાદીઓ અંગે એક નિવેદન પણ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે વિસ્ફોટમાં સામેલ લોકોને એટલી કડક સજા આપવામાં આવશે કે તેઓ ભવિષ્યમાં આવા હુમલાનો પ્રયાસ કરતા પહેલા બે વાર વિચારશે. તેમણે એમ પણ કહ્યું હતું કે તેમની સજા દુનિયા માટે એક સંદેશ તરીકે કામ કરશે. દિલ્હી સહિત વિવિધ રાજ્યોની પોલીસ દિલ્હીમાં થયેલા તાજેતરના વિસ્ફોટ બાદથી આ કેસની તપાસ કરી રહી છે.

# 'આ તો બિલકુલ જ્યુસ જેવું લાગે છે' ટેટ્રા પેકમાં દારૂ જોઈને સુપ્રીમ કોર્ટ ચોંકી ગઈ...

(એજન્સી) નવી દિલ્હી | તા.17

સુપ્રીમ કોર્ટે ટેટ્રા પેકમાં દારૂના વેચાણ પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે ટેટ્રા પેકમાં દારૂ સરળતાથી સ્કૂલના બાળકો સુધી પહોંચી શકે છે. કારણ કે ટેટ્રા પેક દારૂ જેવો દેખાતો નથી, તેથી માતા-પિતા પણ તેમની વચ્ચે ભેદ કરી શકતા નથી. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સૂર્યકાંત અને જોયમલ્યા બાગચીએ ટેટ્રા પેકને જ્યુસ પેકેટ જેવા ગણાવ્યા, અને કહ્યું કે તે દારૂ જેવા નથી. સુપ્રીમ કોર્ટે આ પેકેજો પર કોઈ ચેતવણીના અભાવ પર પણ ચિંતા વ્યક્ત કરી. આ પછી, સુપ્રીમ કોર્ટે ચેતવણી વિના જ્યુસ પેકેટ જેવા ટેટ્રા પેકમાં દારૂ વેચવાની સરકારની પરવાનગી પર પ્રશ્ન ઉઠાવ્યો. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે સરકાર ફક્ત આવક ઉત્પન્ન કરવાની ચિંતા કરે છે અને જાહેર આરોગ્ય કરતાં આવકને પ્રાથમિકતા આપે છે.

### ટેટ્રા પેક્સ કોર્ટમાં પહોંચ્યા

બે દારૂ કંપનીઓ વચ્ચેના કાનૂની વિવાદને કારણે સુપ્રીમ કોર્ટમાં આ કેસ ઉભો થયો હતો. મદ્રાસ હાઈકોર્ટે ઓફિસર્સ ચોઈસના ઉત્પાદક એલાઈડ બ્લેન્ડર્સ એન્ડ ડિસ્ટિલર્સની તરફેણમાં ચુકાદો આપ્યો હતો અને જોન ડિસ્ટિલરીઝને 'ઓરિજિનલ ચોઈસ' ટ્રેડમાર્ક દૂર કરવાનો આદેશ આપ્યો હતો. તેમણે હવે મદ્રાસ હાઈકોર્ટના આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. સુનાવણી દરમિયાન, વરિષ્ઠ વકીલ રોહતગીએ બંને કંપનીઓની બોટલો અને ટેટ્રા પેક કોર્ટમાં રજૂ કર્યા. ટેટ્રા પેક જોઈને ન્યાયાધીશ ચોંકી ગયા, જેના કારણે કોર્ટે ટિપ્પણી કરી કે બાળકો તેમના દ્વારા સરળતાથી દારૂ મેળવી શકે છે. વકીલ રોહતગીએ પછી કોર્ટને સમજાવ્યું કે મોટાભાગના દારૂનું વેચાણ આ પેકમાં થાય છે કારણ કે તે સૌથી સસ્તા હોય છે.



# સેન્સેક્સમાં 351.18 પોઇન્ટનો ઉછાળો

(એજન્સી) મુંબઇ | તા.17

બેંકિંગ શેરમાં ખરીદીની કારણે શેરબજારમાં મજબૂતી જોવા મળી રહી છે. બપોરે 3.30 કલાકે શેરબજાર લીલા નિશાનમાં બંધ થયું. સેન્સેક્સ પોઈન્ટના વધારા સાથે અંકે બંધ થયો. જ્યારે નિફ્ટી પોઈન્ટના વધારા સાથે અંકે બંધ થયું. એશિયન બજારોના મિશ્ર વલણ વચ્ચે, ભારતીય શેરબજાર સોમવારે (17 નવેમ્બર) ના રોજ, અઠવાડિયાના પહેલા ટ્રેડિંગ સત્રમાં લીલા રંગમાં ખુલ્યા. સરકારી અને ખાનગી બેંકિંગ શેરોમાં ખરીદીથી બજારને ટેકો મળ્યો. વધુમાં, ઓટો શેરોમાં તેજીથી પણ બજારને વેગ મળ્યો. સવારે 9.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી લીલા નિશાનમાં ખૂલ્યા. સેન્સેક્સ 266.29 પોઈન્ટના વધારા સાથે 84,829.07 અંકે ખૂલ્યો. જ્યારે નિફ્ટી 67.15 પોઈન્ટના વધારા સાથે 25,977.20 અંકે ખૂલ્યો. એશિયન બજારોમાં મિશ્ર વલણ જોવા મળ્યું. જાપાનનો નિક્કી ઈન્ડેક્સ 0.18 ટકા અને ટોપિક્સ ઈન્ડેક્સ 0.44 ટકા ઘટ્યો હતો. ત્રીજા ક્વાર્ટરમાં જાપાનના અર્થતંત્રમાં 0.4% નો થોડો ઘટાડો નોંધાયો હતો.

## કડીમાં બે વાર સવા-સવા કરોડનો દારૂ મળ્યો... દારૂનું કટિંગ ચાલતું હતું ને બાવલુ પોલીસ ત્રાટકી, ₹1.31 કરોડનો જથ્થો પકડ્યો

# ડ્રાય સ્ટેટ ગુજરાતમાં 3 દિવસમાં ₹5 કરોડનો વિદેશી દારૂ ઝડપાયો

(એજન્સી) અમદાવાદ | તા.17

ડ્રાય સ્ટેટ ગુજરાતમાં 3 દિવસમાં 5 કરોડનો વિદેશી દારૂ ઝડપાયો છે. એમાં પણ મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં ત્રણ દિવસમાં બબ્બે વાર સવા કરોડનો દારૂ ઝડપાયો છે. ગત રાત્રે (16 નવેમ્બર) બાવલુ પોલીસ સ્ટેશનની હદમાં સવા કરોડનો વિદેશી દારૂ ઝડપાયો છે. આ અગાઉ સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે 14 નવેમ્બરે મોડી રાત્રે સપાટો બોલાવતા કડી નજીકથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. 1.38 કરોડનો દારૂ પાઈલોટિંગ કરીને ઘૂસાડાતો હતો. જ્યારે ગત રાત્રે રવિવારે બાવલુ પોલીસે સવા કરોડનો દારૂ પકડ્યો છે. દલ્લા ગામથી કલ્યાણપુરા જવાના રોડ પર સૂર્ય ફાર્મ સામે કેનાલ નજીક એક ખેતરમાં દારૂનું કટિંગ ચાલતું હતું અને પોલીસે ત્રાટકી હતી. આ પહેલાં 15 નવેમ્બરે છોટાઉદેપુર જિલ્લા પોલીસની લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ટીમે પાવી જેતપુર નજીક રેલવે ગરનાળા પાસેથી એક સિમેન્ટ ટેન્કરમાંથી 2.50 કરોડની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો.



**કડી તાલુકામાં ફરી એકવાર દારૂનું કટિંગ ઝડપાયું :** કડી તાલુકાના બાવલુ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી રવિવારે ફરી એકવાર મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો છે. બાતમીના આધારે પોલીસે દેલ્લા ગામની સીમમાં સૂર્ય ફાર્મ સામે કેનાલ નજીક આવેલા એક ખેતરમાં દરોડો પાડી આશરે રૂ. 1 કરોડ 31 લાખથી વધુની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો અને બે આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



### બે આરોપીઓની ધરપકડ, ચાર ફરાર

પોલીસે રેડ દરમિયાન સદ્દામ હુસેન હુસેનભાઈ શેખ અને મોહમ્મદ આરીફ ઈબ્રાહીમભાઈ શેખ (બંને રહે. દાણીલીમડા, અમદાવાદ) નામના બે ઈસમોની ધરપકડ કરી હતી. પ્રાથમિક પૂછપરછમાં, ઝડપાયેલા આરોપીઓએ કબૂલાત કરી હતી કે, સરફરાજ બિસ્મિલ્લાખાન પઠાન (રહે. દાણીલીમડા, શાહઆલમ, અમદાવાદ), સૈયદ સાહિલ ઉર્ફે વસૂલી (રહે. દાણીલીમડા), હારુણ (રહે. જુહાપુરા, અમદાવાદ) અને હારુન બચુભાઈ બેલીમ (રહે. દેલ્લા, કડી) એ ભેગા મળીને આ વિદેશી દારૂનો જથ્થો મંગાવ્યો હતો અને તેનું કટિંગ કરી અલગ-અલગ વાહનોમાં ભરાવવાનું હતું.

**જપ્ત કરાયેલો મુદ્દામાલ અને કાર્યવાહી :** પોલીસે ખેતરમાંથી અને આઈસર ટ્રકમાંથી વિદેશી દારૂની કુલ 16,836 બોટલો જપ્ત કરી હતી, જેની કિંમત રૂ. 1,21,62,240 થાય છે. દારૂ, આઈસર ટ્રક અને અન્ય મુદ્દામાલ સહિત પોલીસે કુલ રૂ. 1,31,72,240નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે ઝડપાયેલા બંને આરોપીઓ અને ફરાર અન્ય ચાર ઈસમો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નોંધનીય છે કે, થોડા દિવસો અગાઉ પણ કલ્યાણપુરામાં આવેલી એક ઓઈલ મિલમાંથી રૂ. 50 લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો બાવલુ પોલીસે ઝડપી પાડ્યો હતો. SMCની ટીમે 14 નવેમ્બરે મોડી રાત્રે સપાટો બોલાવતા કડી નજીકથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે, જેને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. પોલીસે 1,38,06,810ની કિંમતની વિદેશી દારૂની કુલ 18,651 બોટલો અને અન્ય મુદ્દામાલ જપ્ત કર્યો છે. ક્રેટા અને ફોર્ચ્યુનર કાર ટેલરની આગળ-પાછળ પાઈલોટિંગ કરી રહી હતી.

### કેવી રીતે ઝડપાયો દારૂનો જથ્થો?

બાવલુ પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.આર. ચૌધરીની સૂચનાથી પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન પોલીસકર્મી દર્શનસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે, દેલ્લા ગામથી કલ્યાણપુરા જવાના રોડ પર સૂર્ય ફાર્મ સામે કેનાલ નજીકના એક ખેતરમાં વિદેશી દારૂનું 'કટિંગ' ચાલી રહ્યું છે. આ બાતમીના આધારે પીઆઈ સહિતનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસે જુવારના ખેતરમાં તપાસ કરતા છૂટીછવાઈ પડેલી વિદેશી દારૂની પેટીઓ અને બોટલો મળી આવી હતી. ત્યારબાદ પોલીસે ખેતરમાંથી તેમજ દેલ્લા ગામથી થોથોડા જવાના રસ્તા પર ખુલ્લી જગ્યામાં પડેલા એક આઈસર ટ્રક (નં. GJ 1 KT 8440) માંથી પણ દારૂનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો.

# GTUમાં ગત વર્ષનું જ પેપર પૂછાવા મામલે ABVP-NSUIનો હલ્લાબોલ

## વિરોધ દરમિયાન પોલીસને ઈશારો કરતા કાર્યકરોએ કુલપતિને ખખડાવ્યા

(એજન્સી) અમદાવાદ | તા.17

GTU દ્વારા સિવિલ એન્જિનિયરિંગની પરીક્ષામાં ગત વર્ષનું બેઠું પેપર પૂછવામાં આવ્યું હતું. જેને લઈને ABVP અને NSUI દ્વારા GTUમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ABVPના વિરોધ દરમિયાન કુલપતિએ પોલીસને ઈશારો કરતા કાર્યકરોએ કુલપતિને ખખડાવ્યા હતા. કાર્યકરોએ કુલપતિને કહ્યું, તમારે માત્ર તાયફા જ કરવા હોય તો રાજીનામું આપી દો, તમને તાયફા માટે ઈનચાર્જ બનાવી દઈશું. બીજી તરફ NSUIએ પણ કુલપતિ પર ગંભીર આક્ષેપ કર્યા હતા.

GTUમાં ચાલી રહેલી સિવિલ એન્જિનિયરિંગની સેમેસ્ટર 7ની પરીક્ષામાં ગત વર્ષનું બેઠું પેપર પૂછવામાં આવ્યું હતું. કુલપતિ રાજુલ ગજ્જર જે બ્રાન્ચના પ્રોફેસર છે તે જ બ્રાન્ચના પેપરમાં છબરડો થતાં NSUI અને ABVP દ્વારા GTUમાં ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. GTUમાં ગેટ પર ABVPના કાર્યકરોને રોકી લેતા ABVPએ સિક્યુરિટી ઈનચાર્જને ખખડાવ્યા હતા જેથી સિક્યુરિટી ઈન્ચાર્જે કાર્યકરોને અંદર જવા દીધા હતા.

### 'તમારે માત્ર તાયફા જ કરવા હોય તો રાજીનામું આપી દો'

કુલપતિ ચેમ્બરમાં જઈને ABVP દ્વારા રજૂઆત કરવામાં આવી રહી હતી, ત્યારે કુલપતિ રાજુલ ગજ્જરે પોલીસન ઈશારો કરીને કાર્યકરોને લઈ જવા કહ્યું હતું ત્યારે કાર્યકરોએ કુલપતિને ધમકાવ્યા હતા. કાર્યકરોએ કુલપતિને કહ્યું કે, તમારે જવાબ આપવો પડશે. અગાઉ ડિપ્લોમાની પરીક્ષામાં પણ છબરડો થયો હતો. ABVPએ કુલપતિને કહ્યું હતું કે, તમે આવીને તાયફા જ કર્યા છે, વિદ્યાર્થીઓ માટે કઈ કર્યું નથી. તમારે તાયફા જ કરવા હોય તો કહી દો ખુરશી છોડી દો તમને ઈનચાર્જ બનાવી દઈએ એટલે તમે તાયફા કરજો. વારંવાર રજુઆત કરી છતાં તમે કોઈ પગલા લેતા નથી તમે ટેકનિકલ ક્ષેત્રે ફેલ ગયા છો.



### ABVP બાદ NSUIના કાર્યકરો પણ રજૂઆત કરવા આવ્યા

ABVPની રજૂઆત બાદ NSUIના કાર્યકરો પણ રજૂઆત કરવા આવ્યા હતા. NSUIના કાર્યકરો રજૂઆત કરી રહ્યા હતા ત્યારે સિક્યુરિટી ઈન્ચાર્જ વચ્ચે બોલતા NSUIના કાર્યકરોએ કુલપતિ અને સિક્યુરિટી ઈનચાર્જને ખખડાવ્યા હતા. NSUIના કાર્યકરોએ કુલપતિ પર ગંભીર આક્ષેપ કરતા કહ્યું હતું કે, તમારા આવ્યા બાદ નર્સિંગની પરીક્ષામાં છબરડો થયો છે. તમારા કારણે એક પ્રોફેસરે પણ આપઘાત કર્યો હતો. હવે તમારા કાર્યકાળમાં પેપર પણ ગત વર્ષનું બેઠું પૂછવામાં આવ્યું છે. ABVPના નેતા ધ્રુમિલ અખાણીએ જણાવ્યું હતું કે, કોઈ ચોક્કસ વ્યક્તિઓના ફાયદો કરાવવા માટે જ GTUના પ્રોફેસરે ગત વર્ષનું બેઠું પેપર પૂછ્યું છે. કુલપતિએ કાર્યવાહી કરવાની બાહેધરી આપી છે, ટૂંક સમયમાં કાર્યવાહી ન થાય તો અમે યુનિવર્સિટીની ઘેરાવ કરીશું. જ્યારે NSUIના નેતા સુધીર રાવલે જણાવ્યું હતું કે, પેપર કાઢનાર પ્રોફેસરે 10 વિદ્યાર્થીઓને બોલાવીને ગત વર્ષનું પેપર જ તૈયાર કરવા જણાવ્યું હતું. કુલપતિ કાર્યવાહી કરવામાં ઢીલ મૂકી રહ્યા છે. 2 અઠવાડિયામાં કાર્યવાહી કરવામાં ન આવ તો કુલપતિના ઓફિસ અને ઘરે તાળાબંધી કરવામાં આવશે.

# હરિત ઝવેરી જ્વેલર્સ રજૂ કરે છે - જમણવર: પ્રેમ અને નવી શરૂઆતનો ઉત્સવ



**માત્ર 20 ગ્રામથી શરૂ થતા ટાઈમલેસ બ્રાઈડલ ખજાના**

(એજન્સી) અમદાવાદ | તા.17

હરિત ઝવેરી જ્વેલર્સ જમણવર નામની નવી, તેજસ્વી કલેક્શન રજૂ કરે છે, જે ભારતની સૌથી હૃદયસ્પર્શી પ્રી-વેડિંગ પરંપરાઓમાંથી એકથી પ્રેરિત છે. જમણવર એ એવી સાંજ છે જ્યારે પરિવાર કન્યાની નવી જીવનયાત્રા પહેલાં અંતિમ ભવ્ય ભોજન માટે સાથે મળે છે.જમણવર એક અંતરંગ ઉજવણી છે–એક એવો ક્ષણ જ્યાં હાસ્ય, આશીર્વાદ અને જૂની યાદો એકસાથે ગૂંથાઈ જાય છે. આ ભાવનાને આભૂષણોની કલામાં રૂપાંતરિત કરતાં, હરિત ઝવેરી જ્વેલર્સ એવા ડિઝાઈન રજૂ કરે છે જે પ્રેમ, સૌમ્યતા અને કુટુંબીય જોડાણની ઊષ્મા વ્યક્ત કરે છે.22 કેરેટ સોનામાં બનેલી આ કલેક્શન લગ્નોની ઝગમગાહટને જીવંત કરી આપે છે. એન્ટીક અને હાઈ-પોલિશ ટેક્સ્ચરનું સંયોજન, સાથે પન્ના, રૂબી અને આઈવરી મીનાકારી અને કુન્દન જડિત અનકટ હીરાઓ તેને અનોખી ઓળખ આપે છે. ભારતની સમૃદ્ધ વારસાથી પ્રેરાયેલા આ ડિઝાઈન કમળના ફૂલો, વેલ-બૂટા, મંદિરની નક્કાશ અને પેસ્લી જેવા શિલ્પાત્મક રૂપોને દર્શાવે છે–જે શાશ્વત પરંપરા અને સૌંદર્યનું પ્રતિબિંબ છે. અમદાવાદ સ્થિત હરિત ઝવેરી જ્વેલર્સ આ કલેક્શનમાં એમરલ્ડથી સજેલા લેયર્ડ લાંબા હાર સાથે સ્ટેટમેન્ટ ચોકર્સ, બારીક નક્કાશવાળા કંકણ અને મોતી તથા રંગીન રત્નોથી સજેલા ક્લાસિક ઝુમકા રજૂ કરે છે. આ નિર્દેશો વારસાની ઉત્સવી ગરમાહટ સાથે આધુનિક પ્રસંગોની શોભાને સહજ રીતે જોડે છે.આ કલેક્શન 20 ગ્રામથી શરૂ થાય છે અને તેમાં એવા ઘણાં વિકલ્પો સામેલ છે જે લગ્નના દરેક પાત્ર–કન્યા, તેની મા, બહેનો અને નજીકના પરિવાર–ની પસંદ અને શાનને અનુરૂપ છે.

સિગ્નેચર હાઈલાઈટ્સ:

*મોઈસ્સનાઈટ નેકલેસ, જે પારંપરિક વેશભૂષાને આધુનિક ચમક આપે છે

*એન્ટીક ટેક્સ્ચરમાં સમકાલીન ડિઝાઈન–જેમાં વારસાગત કળા અને આધુનિક સંવેદનાનો સુંદર સંતુલન છે

*બહુમુખી, હળવાં આભૂષણ–પ્રી-વેડિંગ ગેધરિંગ્સ, તહેવારો અને પરિવાર સાથેની અંતરંગ ઉજવણીઓ માટે પરફેક્ટ

## શ્રી કેશવ સિમેન્ટ્સ એન્ડ ઈન્ફ્રાએ EBITDA માર્જિનમાં વાર્ષિક ધોરણે 1122 બીપીએસ વિસ્તરણ નોંધાવ્યું, મજબૂત ઓપરેટિંગ લીવરેજ દર્શાવી

અમદાવાદ | તા.17 શ્રી કેશવ સિમેન્ટ એન્ડ ઈન્ફ્રા લિમિટેડ (બીએસઈ - 530977), કર્ણાટક રાજ્યમાં સિમેન્ટ અને સોલાર પાવર જનરેશન અને ડિસ્ટ્રિબ્યુશન સાથે સંકળાયેલી કંપનીએ નાણાકીય વર્ષ 26ના બીજા ત્રિમાસિક અને પ્રથમ અર્ધવાર્ષિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે.નાણાકીય પ્રદર્શન પર ટિપ્પણી કરતા, શ્રી કેશવ સિમેન્ટ એન્ડ ઈન્ફ્રા લિમિટેડના ચેરમેન શ્રી વેંકટેશ કટવાએ જણાવ્યું, "નાણાકીય વર્ષ 26ના બીજા ત્રિમાસિકમાં મજબૂત ગતિ જોવા મળી, કુલ આવક વાર્ષિક ધોરણે 42.81% વધીને 36.22 કરોડ થઈ, જે મુખ્યત્વે સિમેન્ટ સેગમેન્ટ દ્વારા પ્રેરિત છે જેણે એકંદર પ્રદર્શનને મજબૂત બનાવી રાખ્યું છે. શ્રેષ્ઠ ડિસ્પેચ, સારી પ્રાપ્તિ અને સ્થિર ભઠ્ઠા કામગીરીએ નફાકારકતાને ટેકો આપ્યો, જેના કારણે EBITDA 23.65%ના સ્વસ્થ માર્જિન સાથે 8.38 કરોડ સુધી ઝડપથી વિસ્તર્યો. પીએટી નોંધપાત્ર રીતે સુધરીને 0.69 કરોડ થયો, જે ગયા વર્ષના સમાન ત્રિમાસિકમાં થયેલા નુકસાનથી સ્પષ્ટ સુધારો દર્શાવે છે.શિસ્તબદ્ધ ખર્ચ વ્યવસ્થાપન અને સુધારેલા ઉપયોગથી માર્જિન વિસ્તરણને ટેકો મળ્યો, જેના કારણે કાર્યકારી કાર્યક્ષમતા મુખ્ય વિશેષતા રહી. નાણાકીય વર્ષ 26ના પ્રથમ અર્ધવાર્ષિકમાં, કુલ આવક 77.62 કરોડ થઈ, જે વાર્ષિક ધોરણે 37.14% વધી, જ્યારે EBITDA વધીને 18.78 કરોડ થયો, જે વાર્ષિક ધોરણે 69.03%ની વૃદ્ધિ દર્શાવે છે. અર્ધવાર્ષિકમાં પીએટી પાછલા વર્ષના નુકસાનની સરખામણીમાં સુધરીને 3.78 કરોડ થયો, જે ચાલી રહેલી નાણાકીય રિકવરીને દર્શાવે છે.નવા ભઠ્ઠા સંપૂર્ણપણે સ્થિર થઈ ગયા છે અને સતત યોગદાન આપી રહ્યા છે, તેથી કંપની ઉત્પાદન વધારવા અને બજારમાં તેની ઉપસ્થિતિને વધુ મજબૂત બનાવવા માટે સારી સ્થિતિમાં છે.

### ઈફ્કો કિસાન SEZના વિકાસ અંગે વ્યાપક અને ઊંડાણપૂર્વકની ચર્ચા થઈ : દિલીપ સંઘાણી

## ઈફ્કોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી સાથે શુભેચ્છા મુલાકાત કરી

(એજન્સી) અમદાવાદ | તા.17

ઈફ્કોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ આજે આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી એન. ચંદ્રાબાબુ નાયડુ સાથે મુલાકાત કરી અને ઈફ્કો કિસાન SEZના વિકાસ કાર્યોને આગળ ધપાવવા અંગે અત્યંત સારગર્ભિત અને સકારાત્મક ચર્ચા કરી. મુખ્યમંત્રીએ શ્રી દિલીપ સંઘાણીનું સ્વાગત કરી સૌજન્ય વ્યક્ત કર્યું. બેઠક દરમિયાન પ્રોજેક્ટની વર્તમાન પ્રગતિ, ભવિષ્યની સંભાવનાઓ અને રાજ્ય સરકાર તરફથી વધારાના સહકારને વધુ મજબૂત બનાવવાના મુદ્દાઓ પર ચર્ચા કરી.

મુખ્યમંત્રી શ્રી ચંદ્રાબાબુ નાયડુએ ઈફ્કો કિસાન SEZ પ્રોજેક્ટ રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું અને સંબંધિત અધિકારીઓને પ્રોજેક્ટ માટે જરૂરી તમામ સહકાર અને કાર્યવાહી તાત્કાલિક આપવાના નિર્દેશો આપ્યા. શ્રી દિલીપ સંઘાણીએ મુખ્યમંત્રીશ્રીના સકારાત્મક અભિગમ તથા તાત્કાલિક સહકાર બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે રાજ્ય સરકારના આ સમર્થનથી પ્રોજેક્ટને નવી ગતિ મળશે તથા ક્ષેત્રના ઔદ્યોગિક અને આર્થિક વિકાસને મજબૂત આધાર મળશે.



**આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી એન. ચંદ્રાબાબુ નાયડુએ ઈફ્કોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું**

બેઠકમાં આંધ્ર પ્રદેશના ઉદ્યોગ મંત્રી શ્રી ટી.જી. ભારત, ઉદ્યોગ વિભાગના સચિવ ડૉ. એન. યુવરાજા (IAS), ઈફ્કાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.જે. પટેલ, સંયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાકેશ કપૂર, ઈફ્કો કિસાન SEZના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ટી. સુધાકર અને નેલ્લોરના કલેક્શનર શ્રી હિમાંશુ શુક્લા (IAS) ઉપસ્થિત રહ્યા.

## અંબુજા સિમેન્ટ્સે એસઈડીઆઈ ભાટાપારા ખાતે કૌશલ્ય વિકાસ દ્વારા ગ્રામીણ યુવાનોને સશક્ત કર્યાં

અમદાવાદ | તા.17 વૈશ્વિક સ્તરે 9માં ક્રમની સૌથી મોટી બિલ્ડિંગ મટિરિયલ્સ સોલ્યુશ્સ કંપની અને વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોનો હિસ્સો અંબુજા સિમેન્ટ્સ તેની સ્કિલ એન્ડ આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ્સ (એસઈડીઆઈ) દ્વારા ગ્રામીણ ભારતના યુવાનોને સશક્ત કરી રહ્યું છે, જેથી તેમને રોજગાર માટે આવશ્યક કૌશલ્યો તથા આર્થિક આત્મ-નિર્ભરતા હાંસલ કરવા માટે મદદ મળી રહે છે. છત્તીસગઢના બલોદા બજારના ભાટાપારાની અનુકૃતિ ટંડનની સફર આ પ્રભાવી પહેલનું એક ઉત્તમ ઉદાહરણ છે.



એક સાધારણ પૃષ્ઠભૂમિમાંથી આવતી અનુકૃતિને આરોગ્ય અને આર્થિક પડકારોનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે તેમના માટે શિક્ષણ અને બીજી તકો સીમિત થઈ ગઈ હતી. તેમની માતા એક નાનો જનરલ સ્ટોર ચલાવે છે, જેનાથી પરિવારની રોજિંદી જરૂરિયાતો મૂશ્કેલીથી પૂર્ણ થતી હતી. આ પરિસ્થિતિમાં સુધારો કરવા માટે અનુકૃતિએ દ્રઢ સંકલ્પ સાથે સામુદાયિક જાગૃકતા અભિયાનના માધ્યમથી વર્ષ 2024માં એસઈડીઆઈ ભાટાપારા ખાતે રિટેઈલ સેલ્સ એસોસિયેશનના કોર્સમાં પ્રવેશ મેળવ્યો હતો.

ત્રણ મહિનાની ટ્રેનિંગ દરમિયાન અનુકૃતિએ કસ્ટમર સર્વિસ, સેલ્સ, વર્કપ્લેસ બિહેવિયર અને આઈટી ટુલ્સ અંગે પ્રેક્ટિકલ જાણકારી મેળવી તેમજ સોફ્ટ સ્કિલ પણ શીખી, જેનાથી તેમનો આત્મવિશ્વાસ અને કમ્યુનિકેશન ક્ષમતાઓમાં વધારો થયો હતો.

## બગડતી જતી હવામાનની ગુણવત્તાના કારણે ઉભા થતાં સ્વાસ્થ્યના જોખમો અંગે રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સની ચેતવણી

અમદાવાદ | તા.17 ઓક્ટોબરના અંતથી ડિસેમ્બરની શરૂઆત સુધી, દેશના ઘણા ભાગોમાં હવાની ગુણવત્તા સામાન્ય રીતે "મધ્યમ" સ્તરથી "ગંભીર" સ્તર સુધી ઘટે છે. તેના મુખ્ય કારણોમાં ખેતરોમાં પરાળી સળગાવવી, તહેવારો દરમિયાન ફટાકડાં ફોડવા અને શિયાળાની ઋતુમાં સ્થિર હવાની પરિસ્થિતિઓનો સમાવેશ થાય છે. આવા પ્રદૂષણના લાંબા સમયના સંપર્કથી ફેફસાં ઉપરાંત શરીરના અનેક અંગ તંત્રો પર પ્રતિકૂળ અસર થાય છે, જેના કારણે શ્વસન, હૃદયરોગ અને ત્વચા સંબંધિત તકલીફોમાં વધારો જોવા મળે છે.આ વધતી ચિંતાને લઈને, રિલાયન્સ જનરલ ઈન્શ્યોરન્સના સીઈઓ રાકેશ જૈને કહ્યું હતું કે, "ભારતના ઘણા પ્રદેશોમાં હવાની નબળી ગુણવત્તામાં હવે માત્ર પર્યાવરણીય મુદ્દો નથી. તે વધતી જતી જાહેર આરોગ્ય કટોકટી છે. પ્રદૂષણના સ્તરમાં વધારાથી શ્વસન અને હૃદય સંબંધી બીમારીઓમાં વધારો થઈ રહ્યો છે. તેના કારણે સારવારની પ્રક્રિયા લાંબી થઈ રહ્યું છે અને પરિવારો માટે હેલ્થકેર ખર્ચમાં વધારો થઈ રહ્યો છે.આ સંદર્ભમાં હેલ્થ ઈન્શ્યોરન્સને વિવેકાધીન ખર્ચ તરીકે નહીં, પરંતુ મૂળભૂત ઘરગથ્થુ જરૂરિયાત તરીકે જોવું જોઈએ. તે ગુણવત્તાયુક્ત મેડિકલ કેરની સમયસર એક્સેસ સુનિશ્ચિત કરે છે અને પરિવારોને અણધારી સ્વાસ્થ્ય પરિસ્થિતિઓના નાણાકીય ભારણ સામે રક્ષણ આપે છે. વીમા કંપની તરીકે અમે પ્રદૂષણ-સંબંધિત બીમારીઓ સાથે જોડાયેલા ક્લેમના પેટર્નમાં સ્પષ્ટ પરિવર્તન જોઈ રહ્યા છીએ, જે વ્યાપક કવરેજ અને વીમાને ઝડપી અપનાવવાની જરૂરિયાતને મજબૂત બનાવે છે.



## AI 2027 સુધીમાં ભારતમાં 50% સેવા કેસનું નિરાકરણ લાવવાની અપેક્ષા રાખે છે, સેલ્સફોર્સ રિસર્ચ

અમદાવાદ | તા.17 વિશ્વની ★1 AI CRM* સેલ્સફોર્સે આaaજે તેની નવીનતમ સ્ટેટ ઓફ સર્વિસ રિપોર્ટમાંથી તારણોની જાહેરાત કરી, જેમાં ખુલાસો થયો કે AI હવે ફક્ત નિયમિત કાર્યોને સ્વચાલિત કરી રહ્યું નથી; તે સેવા ટીમો કેવી રીતે કાર્ય કરે છે, વૃદ્ધિ કરે છે અને ગ્રાહક અનુભવો કેવી રીતે પહોંચાડે છે તે બદલી રહ્યું છે. સેવા ટીમો ઝડપ, ખર્ચ અને ગ્રાહક સંતોષ સુધારવા માટે તૈયાર છે, જેમાં AI નો પ્રભાવ વધી રહ્યો છે.ભારતીય સેવા ક્ષેત્રના અગ્રણીઓની પ્રાથમિકતા યાદીમાં AI માત્ર એક વર્ષમાં 7મા સ્થાનેથી બીજા સ્થાને પહોંચી ગયું છે. જે બદલાયું નથી તે ભારતીય સેવા ક્ષેત્રના અગ્રણીઓનું પ્રાથમિક લક્ષ્ય છે: ગ્રાહક અનુભવમાં સુધારો. આ પરિવર્તન પહેલાથી જ ચાલી રહ્યું છે: ભારતીય સેવા ટીમોનો અંદાજ છે કે હાલમાં 30% કેસ AI દ્વારા સંભાળવામાં આવે છે. તેમનો અંદાજ છે કે 2027 સુધીમાં, જેમ જેમ AI એજન્ટો - અથવા ડિજિટલ લેબર - વેગ મેળવશે, આ આંકડો 50% સુધી પહોંચી જશે. આ પરિવર્તન એજન્ટિક એન્ટરપ્રાઈઝના ઉદભવને પ્રતિબિંબિત કરે છે, જ્યાં AI એજન્ટો માનવ ટીમો સાથે સહયોગી ભાગીદારો તરીકે કામ કરે છે, તર્ક આપે છે અને નિયમિત કાર્યોને સ્વતંત્ર રીતે સંભાળે છે જ્યારે કર્મચારીઓ વધુ જટિલ, ઉચ્ચ-મૂલ્યવાળા કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.વધુ કેસોનું નિરાકરણ કરવા ઉપરાંત, ટીમો સેવા ખર્ચ ઘટાડવાથી લઈને ગ્રાહક સંતોષ સુધારવા સુધી, તેમની અસર વધારવા માટે AI એજન્ટો પર દાવ લગાવી રહી છે.



## એર ઈન્ડિયા ફેબ્રુઆરી 2026થી શાંઘાઈ માટે નોન-સ્ટોપ ફ્લાઈટ્સ સાથે મેઈનલેન્ડ ચીન માટે કામગીરી ફરી શરૂ કરશે

અમદાવાદ | તા.17

એર ઈન્ડિયાએ દિલ્હી અને શાંઘાઈ (પીવીજી) વચ્ચે તેની નોન-સ્ટોપ ફ્લાઈટ્સ ફરી શરૂ કરવાની જાહેરાત કરી છે, જે 1 ફેબ્રુઆરી, 2026થી અમલમાં આવશે. લગભગ છ વર્ષ બાદ એર ઈન્ડિયાની મેઈનલેન્ડ ચાઈના પરત ફરશે. આવશ્યક નિયમનકારી મંજૂરીઓને આધીન રહેતાં એર ઈન્ડિયા વર્ષ 2026માં મુંબઈ અને શાંઘાઈ વચ્ચે નોન-સ્ટોપ ફ્લાઈટ્સ શરૂ કરવાનો પણ ઈરાદો ધરાવે છે. શાંઘાઈ એર ઈન્ડિયા ગ્રૂપ દ્વારા સેવા આપતું 48મું આંતરરાષ્ટ્રીય ડેસ્ટિનેશન છે, જે ભારતની અન્ય કોઈપણ એરલાઈન કરતાં આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ મુસાફરોનું પરિવહન કરે છે.એર ઈન્ડિયા તેના ટ્વીન-આઈસલ બોઈંગ 787-8 એરક્રાફ્ટનો ઉપયોગ કરીને દિલ્હી અને શાંઘાઈ વચ્ચે સપ્તાહમાં ચાર વખત ઉડાન ભરશે, જેમાં બિઝનેસ ક્લાસમાં 18 ફ્લેટ બેડ અને ઈકોનોમી ક્લાસમાં 238 વિશાળ જગ્યા ધરાવતી સીટો હશે.શાંઘાઈ માટે એર ઈન્ડિયાની સેવાઓનો પુનઃપ્રારંભ તાજેતરના ભારત-ચીન રાજદ્વારી કરારોને અનુસરે છે, જેમાં વર્ષ 2020ની શરૂઆતમાં સ્થગિત એર લિંક્સ પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતાં. એર ઈન્ડિયાએ સૌપ્રથમ ઓક્ટોબર 2000માં મેઈનલેન્ડ ચાઈના માટે નોન-સ્ટોપ સેવાઓ શરૂ કરી હતી.એર ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને મેનેજિંગ ડિરેક્ટર કેમ્પબેલ વિલ્સને કહ્યું હતું કે, 'અમારી દિલ્હી-શાંઘાઈ સેવાઓ ફરી શરૂ કરવી એ ફક્ત એક રૂટ લોંચ કરતાં વિશેષ છે. તે બે મહાન પ્રાચીન સભ્યતાઓ અને આધુનિક આર્થિક પાવરહાઉસ વચ્ચેનો સેતુ છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# સુરતમાં યુવકે મિત્રને છાતીમાં ચાકુ માર્યું

## હુમલો કર્યા બાદ ચપ્પુ ખિસ્સામાં મૂકી ઈજાગ્રસ્ત મિત્રને જોતો રહ્યો : , પાંચ વર્ષ જૂના ઝઘડાનો બદલો લીધો

સુરત | સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ફરી એકવાર સવાલ ઉઠાવતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં એક મિત્રએ પાંચ વર્ષ જૂની અદાવતનો બદલો લેવા માટે જાહેરમાં અન્ય મિત્ર પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં સ્પષ્ટપણે કેદ થઈ છે. સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આરોપીની અટકાયત કરી છે.

આ ઘટના તારીખ 15 નવેમ્બરના રોજ સાંજે 5:45 કલાકે બની હતી. સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે કે ફરિયાદી વિશાલ યાદવ તેના એક અન્ય મિત્ર સાથે જાહેર રસ્તા પર ઊભો છે. આ દરમિયાન આરોપી વિશાલ ઉર્ફે ભૂષણ હાથમાં લગભગ 12 ઈંચનું એક મોટું ચપ્પુ લઈને ત્યાં આવે છે. આરોપી ત્યાં આવતાની સાથે જ ફરિયાદી વિશાલ સાથે ઝઘડો શરૂ કરી દે છે. આ બોલાચાલી દરમિયાન, અચાનક જ આરોપી વિશાલ ઉશ્કેરાઈને ફરિયાદી વિશાલની છાતીના ભાગે ચપ્પુ વડે જીવલેણ વાર કરી દે છે.

હુમલાના તુરંત બાદ, હુમલા બાદ આરોપી ત્યાં થોડીવાર ઊભો રહે છે અને ઈજાગ્રસ્ત મિત્રને સતત જોતો રહે છે.



ફરિયાદી વિશાલ સાથે ઊભેલો અન્ય વ્યક્તિ તાત્કાલિક ઈજાગ્રસ્ત વિશાલને કારમાં બેસાડીને સારવાર અર્થે હોસ્પિટલ તરફ લઈ જાય છે.

આ બધું થઈ રહ્યું હોવા છતાં, આરોપી વિશાલ શાંતિથી પોતાનું ચપ્પુ ખિસ્સામાં મૂકીને સ્થળ પર ઊભો રહે છે અને દ્રશ્ય જોતો રહે છે. થોડીવાર પછી તે પોતાની બાઈક પર બેસીને ઘટનાસ્થળેથી ફરાર થઈ જાય છે.જોકે, આ સમગ્ર ઘટના એક ભરચક વિસ્તારમાં બની હતી. સીસીટીવી ફૂટેજમાં દેખાય છે કે લોકો સામાન્ય રીતે અવરજવર કરી રહ્યા હતા, જાણે કે કોઈ ગંભીર ઘટના બની જ ન હોય. જાહેર જનતાની આ નિષ્ક્રિયતાએ શહેરની સામાજિક સભાનતા પર ગંભીર પ્રશ્નાર્થ ઊભો કર્યો છે. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવતા જ ઉધના પોલીસ એક્શનમાં આવી હતી. પોલીસે ફૂટેજના આધારે તપાસ શરૂ કરી હતી અને ગણતરીના કલાકોમાં જ આરોપી વિશાલ ઉર્ફે ભૂષણની અટકાયત બારડોલી ખાતેથી કરી લીધી છે. હાલ તેની ધરપકડની પ્રક્રિયા ચાલી રહી છે. બીજી તરફ, છાતીમાં ગંભીર ઈજા પામેલા યુવક વિશાલ યાદવને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે અને હાલ તે સારવાર હેઠળ છે. પોલીસે સીસીટીવી ફૂટેજને મુખ્ય પુરાવા તરીકે ગણીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, આ હુમલા પાછળનું કારણ પાંચ વર્ષ પહેલાં થયેલો એક જૂનો ઝઘડો હતો. તે સમયે, ફરિયાદી વિશાલ યાદવે આરોપીના બદલે અન્ય વ્યક્તિનો પક્ષ લીધો હતો.




# પતિએ પત્નીની ગળું દબાવી હત્યા કરી

## પત્નીએ 'તુમ મેં કામ કરને કી ઔકાત નહીં હૈ' કહેતા જ પતિએ જીવ લઈ લીધો, 6 માસની બાળકી નિરાધાર બની

વડોદરા | વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં પતિએ જ પત્નીની ગળુ દબાવી હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. મહિલાના પતિ સાથે બીજા લગ્ન થયા હતા. આ દંપતીને છ માસની બાળકી પણ છે. જો કે માતા મિસ્બા શેખની હત્યાથી બાળકીએ માતાની છત્રછાયા ગુમાવી છે. આ મામલે જે. પી. રોડ પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ હત્યા પાછળનું મૂળ કારણ એટલું છે કે, પતિ કોઈ કામ કરતો ન હતો અને છ માસની બાળકીને માતા મારતી હશે, એટલે પતિએ પત્નીની હત્યા કરી નાખી હતી. પતિએ પોલીસ સમક્ષ આપેલા નિવેદન કહ્યું કે, તુમ્હારે મેં કામ કરને કી ઔકાત નહીં હૈ, ઓર મુજે સલાહ દેતે હો, એસા મુજે બોલ કે ચિલ્લાતી થી, ઈસલિયે મુજે ગુસ્સા આ ગયા.

શેખ પરિવાર તાંદલજા વિસ્તારમા આવેલી મહાબલીપુરમ સોસાયટીના ગેટ નંબર 2ના મકાન નંબર 197માં થોડા દિવસો અગાઉ રહેવા માટે આવ્યો હતો. આશરે 23 વર્ષીય મિસ્બા શેખ તથા તેના પતિ કાસિમ શેખ વચ્ચે કારણોસર બોલાચાલી થઇ હતી. ત્યારબાદ ઉશકેરાયેલા કાસિમે તેની પત્ની મિસ્બા શેખનુ ગળું દબાવી મોતને ઘાટ ઉતારી હતી.

આ બનવાની જાણ થતાં જ જે.પી. રોડ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર સહિતનો સ્ટાફ સ્થળ પર આવી પહોંચ્યો હતો. મૃતક મિસ્બા શેખનો મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ગોત્રી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો આવ્યો હતો. હત્યા કરનારા આરોપી પતિ કાસિમ શેખને ગણતરીના કલાકોમાં જ ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

જે પી રોડ પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદમાં, મિસ્બા ઉર્ફે આરજુ (ઉમર વર્ષે 23) ના પતિ કાસિમ શબ્બીરભાઇ શેખ ભાડેથી રાખેલા ઘર મહાબલીપુરમ ગેટ નંબર-02 તાંદલજા ખાતે રહેતા હતા. પત્નીનું ગળું દબાવી હત્યા કરનાર કાસિમ શેખ ફરિયાદમાં જણાવે છે કે "તુમ્હારી નવાસી મિસ્બા મેરી છોટી લડકી કો મારતી થી, ઓર બાર બાર મૈને ઉસકો મારને કો મના કીયા, તો મેરે કો બોલી કી તુમ કુછ કમાતે તો નહીં હો તુમ્હારે મેં કામ કરને કી ઔકાત નહી હૈ ઓર મુજે સલાહ દેતે હો એસા મુજે બોલ કે, ઔર ચીલ્લાતી થી ઔર મેરી લડકી કો જ્યાદા મારતીથી તો મેરે કો ગુસ્સા આ ગયા ઓર મૈને ઉસકા ગલા દબા કે માર ડાલા અભી મહાબલીપુરમ વાલે ભાડે કે મકાન મેં પડી હૈ" તેવું પોલીસને નિવેદન આપ્યું હતું.

આ અંગે મૃતકના મામા શબ્બીર હુસૈન અબુલ કરીમ દીવાને જણાવ્યું કે, પોલીસે અમને આ અંગે જાણ કરી હતી. ઘરમાં ઝઘડો થયો હતો અને તે હત્યા સુધી પહોંચ્યો છે અને તેને છ મહિનાની બાળકી છે અમને ન્યાય જોઈએ છે. અમારે તેની સાથે માત્ર ફોન ઉપર કોન્ટેક્ટ હતો. તેનો ઘર સંસાર સારી રીતે ચાલતો હતો અને બાળકી બાબતે ઝઘડો થતા આ ઘટના બની છે.

### ભાવનગરમાં પણ પતિએ હત્યા કરી પત્ની અને બે સંતાનોને દાટી દીધા

ભાવનગરમાં ગુમ થયેલા માતા પુત્ર અને પુત્રીની 16 નવેમ્બરના રોજ શંકાસ્પદ હાલતમાં ખાડામાંથી દટાયેલી લાશ મળતા શહેરમાં ચકચાર મચી ગઈ હતી. 5 તારીખે ગુમ થયેલા પરિવારની શોધખોળ દરમિયાન પોલીસને તળાજા જકાતનાકા પાસે આવેલી ફોરેસ્ટ કોલોની પાસે ખોદકામ થયેલી શંકાસ્પદ જગ્યાએથી ત્રણ લાશો મળી હતી. આ મામલામાં પોલીસે મૃતક નયનાબેનના પતિ અને ફોરેસ્ટ વિભાગના અધિકારી શૈલેષ ખાંભલા સામે હત્યાનો ગુનો નોંધ્યો છે.

## ન્યૂઝ ફ્લેશ

### જૂનાગઢમાં આર્થિક સંકડામણથી યુવા ખેડૂતે જીવન ટૂંકાવ્યું

જૂનાગઢ | જૂનાગઢ જિલ્લાના વિસાવદર પંથકમાં પડેલા કમોસમી વરસાદ અને માવઠાને કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ અત્યંત દયનીય બની છે. પાક નિષ્ફળ જવાથી ગંભીર આર્થિક સંકળામણના કારણે ઈશ્વરીયા ગામના 42 વર્ષીય ખેડૂતે આત્મહત્યા કરી લીધી હોવાની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ખેડૂતના આ અંતિમ પગલાથી સમગ્ર પંથકમાં ગમગીની અને ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

મૃતક શૈલેષ દેવજીભાઈ સાવલીયા તેમની પત્ની 11 વર્ષનો દીકરો અને એક 16 વર્ષની દીકરી સાથે રહેતાં હતાં. શૈલેષભાઈને સવા દસ વીઘા જેટલી જમીન હતી, જે તેમના પરિવારના ગુજરાનનો એકમાત્ર આધાર હતી. તેને ચાલુ વર્ષે પોતાની આ જમીનમાં મગફળી, ડુંગળી અને તુવેર જેવા મહત્ત્વના પાકનું વાવેતર કર્યું હતું, પરંતુ કાપણીના સમયે જ કમોસમી વરસાદ તૂટી પડતા, ખેડૂતોની મહેનત પર પાણી ફરી વળ્યું હતું. શૈલેષ સાવલિયાએ વાવેલા ત્રણેય પાક સંપૂર્ણપણે નિષ્ફળ જતા તેમને પારાવાર નુકસાન થયું હતું. આ અંગે મૃતક શૈલેષભાઈનાભાઈ પ્રફુલભાઈ દેવજીભાઈ સાવલીયાએ જણાવ્યું હતું કે, શૈલેષભાઈએ આર્થિક સંકળામણના કારણે ઝેરી દવા પી આત્મહત્યા કરી છે. તે તેમની પત્ની અને સંતાનો સાથે રહેતા હતાં. શૈલેષભાઈને સવા દસ વીઘા જમીન હતી અને તે ખેતી કામ કરતા હતાં. નિરાશા અને હતાશાથી શૈલેષભાઈએ ખેતરમાં જઈને ઝેરી દવા પીને જીવન ટૂંકાવી લીધું હતું.

### બગસરા બસ સ્ટેન્ડ નજીક શંકાસ્પદ લાશ મળી : મૃતદેહને ભાવનગર ખસેડાયો




અમરેલી | અમરેલી જિલ્લાના બગસરા બસ સ્ટેન્ડ નજીક એક વ્યક્તિનો શંકાસ્પદ મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. મૃતકની ઓળખ ધીરુભાઈ મોહનભાઈ ખીમસુરિયા તરીકે થઈ છે.

પ્રાથમિક તપાસ બાદ મૃતદેહને બગસરાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં પરિવારજનો પણ દોડી આવ્યા હતા. વધુ તપાસ અને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે મૃતદેહને ભાવનગરની હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો છે.

પોલીસના જણાવ્યા અનુસાર, મૃતદેહ પર હાલ કોઈ ઈજાના નિશાન મળ્યા નથી. જોકે, જાહેરમાં મૃતદેહ મળી આવતા પોલીસે અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી છે. મૃતદેહ અહીં કેવી રીતે પહોંચ્યો તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે. મૃતકના કાકા વાલજીભાઈએ જણાવ્યું હતું કે, તેમણે મૃતદેહ જોયા બાદ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. પોલીસે મૃતદેહને હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

### મોડલ હની પટેલ AAPમાં જોડાતા જ વિવાદ શરૂ...

# બિયર -ઈ-સિગાર સાથેનો વીડિયો વાઈરલ

## 'આની પાછળ મારા પતિ અને ભાજપના નેતાનો હાથ'

(એજન્સી) સુરત | તા. 17

ગાંજા કેસમાં સંડોવાયેલી સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અને મોડલ હની પટેલ પાંચ દિવસ પહેલા આપમાં જોડાતા વિવાદ શરૂ થયો છે. બિયરનો ગ્લાસ ભરતો અને ઈ-સિગારેટ પીતો હની પટેલનો એક વીડિયો વાઈરલ થયો છે. જેને લઈ હવે હની પટેલે સામે આવી પોતાના પતિ અને ભાજપ નેતા પર ગંભીર આક્ષેપ કર્યા છે. ઈ-સિગારેટનો વીડિયો દુબઈનો હોવાનો દાવો કર્યો છે અને તેને ફક્ત બિયરનો ગ્લાસ ભર્યો હતો પીધી ન હોવાનો બચાવ કર્યો છે. સોશિયલ મીડિયામાં જે વીડિયો વાઈરલ કરવામાં આવી રહ્યા છે તે પોતાનો ભૂતકાળ હોવાનું કહી રહી છે. સાથે તેના પર હાઈબ્રીડ ગાંજાનો જે કેસ કરવામાં આવ્યો છે તેને લઈને પણ ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

હની પટેલે જણાવ્યું હતું કે,થોડાક દિવસ પહેલા હું આપ પાર્ટી સાથે જોડાણી છું. હવે સોશિયલ મીડિયા ઉપર અત્યારે મારા હાઈબ્રિડ ગાંજા ને લઈને, બિયરનો ગ્લાસ ભરતો હોય એવો વીડિયો, ઈલેક્ટ્રિક વેપ વાળા વીડિયો, આ બધા વીડિયો અત્યારે સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યા છે તો એ મારું ભૂતકાળ છે.

જે તમે એમ ક્યો છો કે દારૂ પાર્ટી, ગાંજો પીવે છે, દારૂ પીવે છે, તો એ વીડિયો તમે નિરખીને જોઈ લેજો. હું ખાલી બિયરનો ગ્લાસ ભરું છું, પીતી નથી. અને બીજી વસ્તુ જે સ્મોકિંગ વાળા વીડિયો છે એ ઈલેક્ટ્રિક વેપ છે, જે નિકોટિન ફ્રી, આલ્કોહોલ ફ્રી છે, જેમાં કોઈ જાતનો નશો નથી. એ ઈલેક્ટ્રિક વેપ આપણા ગુજરાતમાં અત્યારે બેન છે. એ વીડિયો મારા આઉટ ઓફ કન્ટ્રી, એટલે કે દુબઈના છે. જે બિયર વાળો ગ્લાસ છે એ હું ભરું છું. આ બધા જ વીડિયો મારા હસબન્ડ તુષાર ગજેરાએ વાઈરલ કરેલા છે. હવે એ વીડિયો કોણે ઉતાર્યો, મારી સાથે કયા લોકો હતા? તો મારી સાથે મારો હસબન્ડ જ હ.



### ગાંજા સાથે પકડાઈ ત્યારે મારા પતિ પણ સાથે હતા તો તેની સામે કાર્યવાહી કેમ ન થઈ- હની પટેલ

હની પટેલે વધુમાં જણાવ્યું હતું કે, મારી સાથે મારા હસબન્ડ તુષારભાઈ ગજેરા પણ આમાં સાથે હતા. બંગકોકથી પરત ફરતી સમયે જ્યારે હું અમદાવાદ એરપોર્ટ પર પકડાઈ ત્યારે મારા હસબન્ડ પણ મારી સાથે હતા. જે મારી ચાર્જશીટ, મારું જે સ્ટેટમેન્ટ લેવાયુ છે, પંચનામું જેને આપણે કહીએ એ લેવાયુ છે, એમાં મારી સિગ્નેચર નીચે મારા પતિની પણ સિગ્નેચર છે. તો મને જેલમાં નાખી દીધી, મારી ઉપર કેસ બનાવી દીધો, તો મારા પતિ ઉપર કેમ કોઈ જાતનો કેસ ન બન્યો? સિગ્નેચર તો એની હતી, મારી સાથે એ હતા ગાંજો લાવવામાં. આ બધું એરપોર્ટ ઉપર સેટલમેન્ટ પ્રદીપ ભાખરનું. આ બધી વસ્તુ કરાવનારો પ્રદીપ ભાખર. એ બેંગકોક અમારી સાથે આવ્યો. આખું પ્લાનીંગ તેને જ કર્યું છે. બહુ સારું મગજ વાપર્યું છે.

### હની પટેલે પોતાની સામે થયેલા કેસ અને જામીનને લઈ સવાલ ઉઠાવ્યો

એરપોર્ટ ઉપર બધું જ સેટલમેન્ટ થઈ ગયું. કોઈ જાતના રિમાન્ડ નહીં. ચલો હું હાઈબ્રિડ ગાંજો લાવું છું. મારી બેગમાંથી 19 કિલો 728 ગ્રામ હાઈબ્રિડ ગાંજો નીકળે છે, તો મને રિમાન્ડ તો થવા જોઈએ ને? મારા રિમાન્ડ થાય, મને પૂછપરછ કરવામાં આવે પછી મારી ઉપર કેસ બને ને પછી મને જેલમાં નાખવામાં આવે. પણ આ કેસમાં મને ખાલી એરપોર્ટ ઉપર 24 કલાક બેસાડી, સીધી મને કોર્ટમાં લઈ ગયા અને કોર્ટમાંથી સીધી મને સાબરમતી જેલમાં લઈ ગયા. કોઈ જાતની પૂછપરછ નહીં. એટલે આ એક પોલિટિક્સ કહેવાય ને? ભાજપનું રાજકારણ, ભાજપની સત્તા, પ્રદીપ ભાખર ભાજપનો માણસ, એ ધારે તો બધું કરી શકે. એના રાજમાં હું જામીન ઉપર અત્યારે બહાર છું. બધા કહે છે, કમેન્ટ્સ આવે છે બધાના, વીડિયો હું જોઉં છું કે, બેન હાઈબ્રિડ ગાંજો લાવ્યા છે તો કેસ કેમ નથી થયો?

## સાસણના ભાલછેલ નજીકના રિસોર્ટમાં એકસાથે બે દીપડાના આંટાફેરા

(એજન્સી) જુનાગઢ | તા. 17

એશિયાટિક સિંહોના એકમાત્ર નિવાસસ્થાન ગીરના જંગલની સુંદરતા અને અહીંના વન્યજીવ સૃષ્ટિને માણવા માટે દર વર્ષે લાખોની સંખ્યામાં પ્રવાસીઓ મુલાકાતે આવે છે. પ્રવાસીઓને ક્યારેક જંગલની નજીકમાં જ સિંહ દર્શનનો લહાવો મળી જાય છે, જેના વીડિયો પણ અનેક સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે. તાજેતરમાં સાસણના ભાલછેલ નજીક આવેલા એક રિસોર્ટમાં એકસાથે બે દીપડાએ રાત્રિના સમયે પ્રવેશ કર્યો હતો. કોઈ પણ જાતના ડર વિના બન્ને દીપડા રિસોર્ટના પટાંગણમાં આંટાફેરા મારી રહ્યા હતા. આ દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. રિસોર્ટમાં એકસાથે બે દીપડાના આટાફેરાથી સ્થાનિકો



અને પ્રવાસીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. કારણ કે, રિસોર્ટમાં રોકાયેલા લોકોની સુરક્ષા જોખમાઈ શકે છે.

એક તરફ વન વિભાગ લોકોની સલામતી અને સુરક્ષાને ધ્યાને લઈ સતત કામગીરી કરી રહ્યા હોવાનો દાવો કરે છે, પરંતુ રિસોર્ટમાં દીપડાઓની સીધી એન્ટ્રી પરથી જણાય છે કે જંગલની સીમાડે સુરક્ષાની વ્યવસ્થામાં મોટી ખામી છે.

# મધરાતે ધાબા પરથી કચ્છીઓની બુમો- 'આ ડ્રોન છે ડ્રોન!'

## પક્ષીઓની હરમાળ જેવી રોશનીથી લોકોમાં કુતુહલ

કચ્છ (ભુજ ) | કચ્છ જિલ્લાના ગાંધીધામમાં મધરાતે આકાશમાં સંખ્યાબંધ પક્ષીઓની હરમાળ જેવી રહસ્યમય રોશની જોવા મળતા સ્થાનિકો ધાબા પર દોડી ગયા હતા અને 'આ ડ્રોન છે, ડ્રોન છે!' કહીને પોતાના મોબાઈલ ફોનમાં ઘટના કેદ કરી હતી. આ ડ્રોન હતા કે નહીં એ હજી સ્પષ્ટ થયું નથી, પરંતુ ખગોળશાસ્ત્રીએ આ કોઈ સેટેલાઈટ કે ઉલ્કા હોવાની શક્યતાો નહિવત્ અને ડ્રોન હોવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. ગત મધ્યરાત્રિના સમયે ગાંધીધામ વિસ્તારમાં કેટલાક લોકોને આકાશમાં સામૂહિક રીતે ટમટમતા તારા જેવી રોશની દેખાઈ હતી. આશ્ચર્યચકિત થયેલા લોકો ઠંડી હોવા છતાં મકાનની છત પર ચડીને આ દ્રશ્યો રેકોર્ડ કર્યા હતા. વીડિયોમાં લોકો કચ્છી ભાષામાં આ વસ્તુઓને 'ડ્રોન' ગણાવી રહ્યા હતા, જોકે તેની વાસ્તવિકતા સ્પષ્ટ થઈ નથી. આ અંગે ભુજ સ્થિત રિજનલ સાયન્સ સેન્ટરના ખગોળશાસ્ત્રી હેતભાઈ આહીરે જણાવ્યું હતું કે, વીડિયોમાં દેખાઈ રહી છે તે સેટેલાઈટ કે ઉલ્કા હોવાની સંભાવના નહિવત્ છે. સેટેલાઈટ કતારબંધ દેખાય અને ઉલ્કા વાતાવરણમાં પ્રવેશતા સળગી ઊઠે. તેમણે ઉમેર્યું હતું કે, આ ડ્રોન હોવાની સંભાવના વધુ છે, જે કોઈ કાર્યક્રમ માટે મોટી આકૃતિઓ બનાવવા માટેની પ્રેક્ટિસ ડ્રિલ હોઈ શકે છે.



આગામી 21મીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ભુજમાં BSFના સ્થાપના વર્ષની ઉજવણીમાં ભાગ લેવા આવી રહ્યા છે. આ કાર્યક્રમમાં ડ્રોન શો યોજાશે કે કેમ તે અંગે BSFના જસપ્રતાપ સિંધુએ જણાવ્યું હતું કે, ગૃહમંત્રીના આગમન નિમિત્તે ડ્રોન કાર્યક્રમ યોજાશે, પરંતુ તે ફક્ત ભુજ પૂરતો સીમિત છે. ગાંધીધામમાં આવા કોઈ ડ્રોન કાર્યક્રમ કે પ્રેક્ટિસ વિશે તેમને કોઈ જાણ નથી. આ અંગે કચ્છ પૂર્વ વિભાગના પોલીસવડા સાગર બાગમાર સાથે વાત કરતા તેમણે અત્યાર સુધી આવી કોઈ ઘટના બની હોય એવી જાણ મળી ના હોવાનું કહ્યું હતું.

આ પહેલા કચ્છના આકાશમાં એલોન મસ્કની સેટેલાઈટ કંપની દ્વારા આકાશમાં વહેતા કરાયેલી સ્ટાર લિંક જે ઉપગ્રહો નો સમૂહ કહેવાય છે તે જોવા મળ્યો હતો. તો ગત માર્ચની 17 તારીખે તેજ રોશનીએ છેક ભચાઉથી લખપત સુધીના વિસ્તારમાં 3.12 મિનિટે ક્ષણભર માટે દિવસ સર્જી દીધો હોવાની ઘટના પણ નોંધાઈ ચૂકી છે. ત્યારે ફરી એક વખત ચમકતી વસ્તુઓને લઈ ચર્ચા ઉભી થઇ છે.

ઉલ્લેખનીય છે કે, નાગરિક સંરક્ષણ જિલ્લામાં સમાવિષ્ટ સરહદી કચ્છ જિલ્લામાં સલામતીને લઈ તંત્ર દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવે છે.

### પતિએ પત્નીને ગોળી ધરબી પોતાના લમણે ગોળી મારી આપઘાત કર્યો હતો, સારવારમાં રહેલી પત્નીએ દમ તોડ્યો

# કાકી-ભત્રીજાના પ્રેમ સંબંધમાં થયેલા ફાયરિંગમાં મહિલાનું મોત

(એજન્સી) રાજકોટ | | તા 17

રાજકોટના નાગેશ્વર વિસ્તારમાં 15 નવેમ્બરના રોજ કાકી અને ભત્રીજા વચ્ચેના પ્રેમ સંબંધથી કંટાળેલા પતિએ બિલ્ડિંગના પરિસરમાં પત્નીને પોતાની પરવાના વાળી રિવોલ્વરથી ગોળી મારી બાદમાં પોતાના લમણે ગોળી મારી આપઘાત કર્યો હતો. આ ઘટનામાં પતિનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું, જ્યારે પત્નીને સારવારમાં ખસેડવામાં આવી હતી. આજે (17 નવેમ્બર) ગંભીર રીતે ઈજાગ્રસ્ત પત્નીનું પણ સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. બનાવની જાણ થતા હાલ ગાંધીગ્રામ પોલીસે મહિલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી હત્યાની કલમનો ઉમેરો કરવા તજવીજ હાથ ધરી છે.

બનાવ અંગે મૃતક મહિલાના ભાઈએ શનિવારે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, મારે ત્રણ બહેનો છે, જેમાં સૌથી મોટા સોનલબેન છે. દોઢેક મહિના પહેલા મારી બેનને અન્ય કોઈ વ્યક્તિ સાથેના અફેર બાબતે બનેવી સાથે ઝઘડો થયો હતો અને ત્યારથી મારી બેન તેની બહેનપણી સાથે રહેતી હતી. મારા બનેવી અવારનવાર મને ફોન કરી તેના ઘરે બોલાવી મારી બેનને સમજાવવા કહેતા હતા. ગત 14 નવેમ્બરના રોજ સાંજના આશરે 6.30 વાગ્યાની આસપાસ બનેવીએ મને ફોન કરી તેના ઘરે બોલાવતા હું ત્યા ગયો હતો. રાત્રિના આશરે 11 વાગ્યાની આસપાસ હું તથા મારો ભાણેજ મારી બેન સાથે વાત કરવા તેની બહેનપણીના ઘરે ગયા હતા. જ્યાં મેં મારી બેનને સમજાવી હતી કે, તમે બંન્ને સાથે બેસીને જે કાઈ હોય તે બાબતે વાત કરી લ્યો. આ પછી બનેવીને ત્યાં બોલાવ્યા હતા, પરંતુ તેઓ વચ્ચે સમાધાન ન થતા અમે ત્રણેય ત્યાંથી જતા રહ્યા હતાં. હું પણ મારા બનેવીના ઘરે રાત્રે રોકાયો હતો.

બાદમાં 15 નવેમ્બરના સવારે 9 વાગ્યા આસપાસ ભાણેજના મોબાઈલમાં સતત રિંગ વાગતી હતી અને કોઈ દરવાજો ખખડાવતા હતા, જેથી મેં દરવાજો ખોલ્યો ત્યારે અમારા બનેવીના એપાર્ટમેન્ટમા રહેતા એક બેને કહ્યું કે, તમારા બેન-બનેવી સામેના એપાર્ટમેન્ટમાં નીચે માથાકુટ કરે છે. તમે લોકો નીચે આવો, જેથી હું તથા મારો ભાણેજ બંને સામેના એપાર્ટમેન્ટ ખાતે ગયા હતા.

**શું હતો સમગ્ર મામલો? :** નાગેશ્વર વિસ્તારમાં રહેતા પતિ-પત્ની વચ્ચે આડાસંબંધને લઈ તકરાર ચાલી રહી હતી. પોતાના ભત્રીજા સાથે પત્નીને પ્રેમ સબંધ હતો, જેની જાણ થતા પતિ અને પત્ની વચ્ચે ઝઘડો થયો હતો. આ તકરારને કારણે પત્ની 20 વર્ષના દીકરા અને પતિનું ઘર છોડીને સામેની બિલ્ડિંગમાં જ રહેતી તેની સહેલીના ઘરે રહેવા જતી રહી હતી. છેલ્લા દોઢ મહિનાથી પતિ પત્નીને મનાવતો હતો અને પત્નીને બધુ ભૂલી પરત ઘરે આવી જવા માટે કહેતો હતો. આમ છતાં પત્ની ઘરે આવવા માટે તૈયાર નહોંતી.

# 'લાઈટ કેમ ચાલુ કરી નથી'કહીને ચાર શખ્સો તુટી પડ્યા:ઓફિસના કાચ અને દરવાજા તોડ્યા

(એજન્સી) વડોદરા | તા. 17

વડોદરા શહેરના ખોડિયારનગર સબ-ડિવિઝન હેઠળના વિસ્તારમાં વીજળી કેબલ રિપેરિંગ કરતા MGVCLના કર્મચારીઓ પર ચાર વ્યક્તિઓએ હુમલો કર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ ઘટનામાં ઓફિસના કાચ અને દરવાજા તોડી નાખવામાં આવ્યા હતા, જ્યારે કર્મચારીઓને માર મારવામાં આવ્યો છે. આ મામલે બાપોદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

લાઈન મેન ફરિયાદી મહેન્દ્રભાઈ નેવરભાઈ નાયકાએ નોંધાવેલ ફરિયાદ મુજબ, તેઓ અને સાથી કર્મચારીઓ અશ્વિનકુમાર ગોવિંદભાઈ વરીયા અને જયંતીભાઈ ધુળાભાઈ માછી ખોડિયારનગર સબ-ડિવિઝન વિસ્તારમાં હાજર હતાં. ડેપ્યુટી ઈજનેર ચિરાગભાઈ સોનીએ ફોન કરી જણાવ્યું કે, શ્રીજી વિલા ફીડરની 11 કે.વી. વીજળી લાઈનનું કેબલ VMCની કામગીરી દરમિયાન તૂટી ગયું છે, જેને રિપેર કરવા જણાવ્યું હતું. દરમ્યાન ત્રણેય કર્મચારીઓ શ્રીજી વિલા ફીડર લાઈનના કેબલની તપાસ કરતા સિધ્ધેશ્વર હોનેસ્ટ ફ્લેટ પાસે કેબલ તૂટેલું જાણવા મળ્યું હતું, જ્યાં તેઓ રિપેરિંગ કામે લાગી ગયા હતા. આ દરમિયાન ખોડિયારનગર સબ-ડિવિઝનના કમ્પ્લેન્ટ સેન્ટરમાં ફોન ઓપરેટર તરીકે કામ કરતા હર્ષદભાઈ પરમારે ફરિયાદીને ફોન કરી જણાવ્યું કે, ઓફિસે ત્રણ-ચાર વ્યક્તિઓ ટુ-વ્હીલર સાથે આવ્યા છે અને 'લાઈટ વારંવાર કેમ કાપો છો? આટલો સમય રિપેરિંગ કેમ નથી થયું?' કહી ઝઘડો કરી રહ્યા છે. આ વ્યક્તિઓએ છૂટા પથ્થર મારીને ઓફિસની બારીના કાચ તથા એક ભારી દરવાજો તોડી નાખ્યો છે. ત્યારબાદ સિધ્ધેશ્વર હોનેસ્ટ ફ્લેટ પાસે રિપેરિંગ કામ કરતા કર્મચારીઓ પાસે બે ટુ-વ્હીલર પર આવેલા ચાર વ્યક્તિઓ - દીપકભાઈ રમણભાઈ રાણા, મહેન્દ્રસિંહ ભવરસિંહ પરમાર, રતનલાલ બંસીલાલ ખટીક અને ચંદ્રકાંતભાઈ પટેલ - ગુસ્સામાં ગંદી અને બિભત્સ ગાળો બોલવા લાગ્યા હતા.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે. તમારા પ્રેમી કે પ્રેમિકાને ન ગમતા હોય તેવા કપડાં પહેરવાનું ટાળો કેમ કે એનાથી તેમની લાગણી દુભાઈ શકે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો.

**મિથુન : ક. છ. ઘ.**

તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસ ને પ્રોત્સાહિત કરો. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે.

**કર્ક : ડ. હ.**

નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. પારિવારિક જવાબદારીઓ વધશે, તમારા મગજ પર તાણ વધશે. ભૌતિક અસ્તિત્વનું હવે કોઈ મહત્વ નથી, કેમ કે તમે એકમેકને એકબીજાના પ્રેમમાં જ અનુભવો છો.

**સિંહ : મ. ટ.**

નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે.

**કન્યા : પ. ઠ. ણ.**

શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે.

**તુલા : ર. ત.**

કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારૂ જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે. તમારૂ પ્રેમ જીવન ઝળકાવી શકો છો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમે જે રીતે અનુભવો છો તેના પર અંકુશ લાવવો રહ્યો. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો.

**મકર : ખ. જ.**

એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. જુદા પ્રકારના રોમાન્સનો અમુભવ થવાની શક્યતા છે. સફળતા ચોક્કસ જ તમારી છે- જો તમે મહત્વના ફેરફારો એક સમયે એક પગલું લઈને કરશો.

---

સીવીડી ડાયમંડના વધતા ચલણથી એસોર્ટીંગ સ્ટાફ પણ બેકાર, કોસ્ટમાં જંગી ઘટાડો

# મંદીનું ગ્રહણ: ભાવનગર હિરા ઉદ્યોગના ૧૫૦૦ કારખાના દિવાળી બાદ પણ બંધ



ભાવનગર: ગુજરાતના હિરા ઉદ્યોગનું એક મહત્વનું કેન્દ્ર ગણાતા ભાવનગર હિરા ઉદ્યોગ ને આર્થિક મંદી, અમેરિકાના ટેરીફનો માર અને કૃત્રિમ હિરા (CVD Diamond)ના વધતા ચલણની ત્રિપલ અસરે ઘૂંટણિયે પાડી દીધો છે. સામાન્ય રીતે દિવાળી પછી પાંચમ અને અગિયારસના શુભ મુહૂર્તોમાં પુનઃ ધમધમતા થઈ જતા આ બજારમાં આ વર્ષે નિરાશાનો માહોલ છે. જિલ્લાના કુલ ૩,૦૦૦ નાના-મોટા હિરાના યુનિટોમાંથી હજી પણ ૧૫૦૦ હિરા યુનિટ બંધ રહેવા પામ્યા છે, જેના કારણે હજારો રત્નકલાકારોની રોજીરોટી છીનવાઈ ગઈ છે અને આ ઉદ્યોગના અસ્તિત્વ પર જ મોટું જોખમ ઊભું થયું છે. ભાવનગર હિરા ઉદ્યોગ ને સૌથી મોટો ફટકો અમેરિકા દ્વારા ૧૦૦ ટકા ટેરીફ નાખવામાં આવતા લાગ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ભાવનગરમાંથી તૈયાર થયેલા ૮૦ ટકા હિરાનો માલ વિદેશમાં એક્સપોર્ટ થતો હતો. ટેરીફનો આ ઝટકો આવ્યો તે પહેલા જ લગભગ ૩૦૦ જેટલા કારખાના મંદીના કારણે બંધ થઈ ચૂક્યા હતા, અને ટેરીફના કારણે વધુ ૨૦૦ યુનિટોને તાળા લાગ્યા. પરિણામે, કુલ ૩,૦૦૦ યુનિટોમાંથી ૫૦૦ યુનિટો તો કાયમી બંધ થઈ ગયા, જેનાથી લાખો રત્નકલાકારો અન્ય વ્યવસાય કરવા મજબૂર બન્યા છે. દીવાળી વેકેશન દરમિયાન બંધ થયેલા ૨,૫૦૦ યુનિટોમાંથી શુભ મુહૂર્તો વીતી ગયા હોવા છતાં માંડ ૧,૫૦૦ યુનિટો જ કાર્યરત થઈ શક્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આગામી સમયમાં પરિસ્થિતિ સુધરે તેવા ઉજળા સંજોગો જણાતા નથી.આ મંદીની ગંભીરતાનો અંદાજ બજારના વોલ્યુમ પરથી લગાવી શકાય છે. વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યું છે કે, જે રોજીંદુ લેતી-દેતીનું વોલ્યુમ અગાઉ ૧૫૦ કરોડથી ૧૫૦ કરોડ રૂપિયાનું રહેતું હતું, તે હાલ ઘટીને માત્ર ૨૦ થી ૨૫ કરોડ રૂપિયા જેટલું જ થવા પામ્યું છે. એટલે કે, સમગ્ર બજારનું વોલ્યુમ માંડ ૨૦ ટકા ચાલી રહ્યું છે. આ જંગી ઘટાડો સ્પષ્ટપણે દર્શાવે છે કે, આ ઉદ્યોગ હાલ મહા કટોકટીના તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. આર્થિક સંકટની સાથે સાથે ભાવનગર હિરા ઉદ્યોગ હવે 'સીવીડી ડાયમંડ' એટલે કે કૃત્રિમ હિરાના વધતા ચલણનો સામનો કરી રહ્યો છે. આ કૃત્રિમ હિરા, જેને ઓરીજનલ ડાયમંડના સ્થાને વાપરવામાં આવે છે, તે કોસ્ટમાં ઘણા જ નીચા હોય છે (અંદાજે ૨૦ થી ૨૫ રૂપિયા). આ કૃત્રિમ ડાયમંડની પ્રક્રિયામાં એસોર્ટીંગ (ગ્રેડિંગ)ની જરૂરિયાત ઓછી રહે છે. આ સીવીડી ડાયમંડની અસર સીધી ઓફિસોમાં કામ કરતા એસોર્ટીંગ સ્ટાફ પર પડી છે, જેઓ નવરા ધૂપ બન્યા છે.

---

મૃતકના ભાઈએ આઈશર ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી

## વિઠ્ઠલવાડી નજીક આઈશર અને બાઈક અથડાતાં યુવાનનું મોત

(એજન્સી) ભાવનગર | તા.17




શહેરના વિઠ્ઠલવાડી ઉદ્યોગનગર વિસ્તારમાં બાઈક અને આઈસર વચ્ચે અકસ્માત સર્જાતા યુવાનનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું.જ્યારે અન્ય બે વ્યક્તિને ઈજા થતા ગંભીર હાલતે ભાવનગરની સર ટી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. કુંભારવાડા મફતનગર ખાતે રહેતા વિજયભાઈ ભીમજીભાઈ ગોહેલના ભાઈ ભાવસિંહ ભીમજીભાઈ ગોહેલ તેના મીત્રો કરણભાઈ પરમાર તથા વિશાલભાઈ જાદવ સાથે ત્રણ સવારીમાં મોટરસાયકલ નંબર જીને ૦૪ ડીએસ ૦૫૮૧ લઈ મિત્રને મુકવા જતા હતા તે વખતે આયસર નં. જીજે ૧૪ એક્સ ૯૧૩૬ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે બેફિકરાઈથી માનવીની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી બાઈક સાથે અથડાવી દેતા બાઈક પર જઈ રહેલા ત્રણેયને ઈજાગ્રસ્ત હાલતે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ભાવસિંહનું મોત નીપજ્યું હતી.આ બનાવ સંદર્ભે મૃતકના ભાઈ વિજયભાઈએ આઈશર ચાલક વિરૂધ્ધ નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

---

ખેડા પોલીસે પાડી રેડ

## રઢુ ગામે જુગાર રમતા ૧૦ શખ્સો રોકડ ૫ હજારના મુદ્દામાલ સાથે ઝડપાયા

નડિયાદ: ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા માટે પોલીસે સખત કાર્યવાહી હાથ ધરી છે, જેના ભાગરૂપે રઢુ ગામે જુગાર રમતા ૧૦ શખ્સોને ખેડા ટાઉન પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. સ્કૂલ નજીક જુગારનો અડ્ડો ધમધમતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી જુગાર રમવાના સાધનો અને રોકડ રકમ સહિત કુલ ૫ હજાર રૂપિયાની નજીકનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.ખેડા ટાઉન પોલીસ ગઈકાલે બપોરના સમયે નિયમિત પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પોલીસને ગુપ્ત બાતમી મળી હતી કે, રઢુ ગામે સ્કૂલ પાસે આવેલી એક ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો પોતાના અંગત ફાયદા સારું પત્તા પાનાનો હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. બાતમી મળતાની સાથે જ પોલીસે તાત્કાલિક એક્શન લેતા સ્થળ પર રેડ પાડી હતી. પોલીસે દરોડો પાડતાની સાથે જ ત્યાં જુગાર રમી રહેલા દસ શખ્સોને ઘેરી વળ્યા હતા. આ તમામ શખ્સો પાસેથી પોલીસે જુગાર રમવાના સાધનોની સાથે રોકડા રૂપિયા ૪,૪૮૦ જપ્ત કર્યા હતા.

---

## જોડિયા પંથકમાં કારની ઠોકરે બાઈક સવાર વૃદ્ધનો કરુણ ભોગ લેવાયો

જામનગર: જામનગર હિટ એન્ડ રનના વધુ એક ગોઝારા બનાવમાં, જોડિયા પંથકમાં કાર અને બાઈક વચ્ચે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં ધુળકોટ ગામના એક ૬૦ વર્ષના બુઝુર્ગનું કરુણ મૃત્યુ નીપજ્યું છે. કાર ચાલક અકસ્માત સર્જીને ત્યાંથી ફરાર થઈ ગયો હતો, જેના પગલે મૃતકના પુત્રએ જોડિયા અકસ્માત અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જોડિયા હાઈવે રોડ પર માવનું ગામ પાસે પહોંચ્યા ત્યારે પૂરપાટ ઝડપે આવી રહેલી GJ 12 FE 3102 નંબરની કારના ચાલકે તેમનું બાઈકને જોરદાર ઠોકરે ચડાવ્યું હતું.

---

રાજ્યના પ્રતિબંધ છતાં બેરોક-ટોક વેચાણ

## રૂ. ૩.૮૯ લાખનો ચાઈનીઝ દોરી જથ્થો વડતાલમાં ઝડપાયો

નડિયાદ: સરકાર દ્વારા ચાઈનીઝ દોરી (માન્જા)ના વેચાણ અને ખરીદી પર સખત પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવા છતાં, રાજ્યમાં પ્રતિબંધિત દોરીનું બેરોક-ટોક વેચાણ ચાલુ છે. ખેડા જિલ્લાના વડતાલમાં ખેડા એલસીબી (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) પોલીસે ગેરકાયદેસર પ્રવૃત્તિ પર સખત કાર્યવાહી કરતા રૂ. ૩.૮૯ લાખની કિંમતનો મોટો ચાઈનીઝ દોરી જથ્થો ઝડપી પાડ્યો છે. વડતાલમાં દરોડો પાડીને પોલીસે કુલ ૧૨૯૬ રીલ સાથે એક યુવકને ઝડપી પાડી, સરકારી જાહેરનામાના ભંગ બદલ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.ખેડા એલસીબી પોલીસની ટીમ નિયમિત પેટ્રોલિંગમાં હતી ત્યારે તેમને ચોક્કસ બાતમી મળી હતી. બાતમી મુજબ, વડતાલના દરબાર ચોક વિસ્તારમાં રહેતો કમલેશ ઉર્ફે કમો રમેશભાઈ પરમાર પ્રતિબંધિત ચાઈનીઝ દોરી જથ્થો લાવીને સંતાડી રાખેલો છે અને તેનું ગેરકાયદે વેચાણ કરી રહ્યો છે.આ બાતમીના આધારે એલસીબી પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી અને કમલેશ પરમારના રહેણાંક સ્થળે દરોડો પાડ્યો હતો.

---

નડિયાદ કોમ્પ્લેક્સમાં આગ

## સંતરામ રોડ પર વર્ગોના ભોંયરામાં ભીષણ આગથી દોડધામ

(એજન્સી) નડિયાદ | તા.17



નડિયાદ શહેરના સંતરામ રોડ પર આવેલા વર્ગો કોમ્પ્લેક્સમાં આજે વહેલી સવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. કોમ્પ્લેક્સના ભોંયરા (બેઝમેન્ટ)માં ઈલેક્ટ્રોનિક્સ ગોડાઉન તરીકે ઉપયોગમાં લેવાતી બે દુકાનોમાં અચાનક આગ ભભૂકી ઉઠતાં ભારે દોડધામ મચી ગઈ હતી. આગની જ્વાળાઓ સાથે ધૂમાડાના ગોટા દૂર દૂર સુધી દેખાતા હતા, જેના પગલે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ હોવાના અહેવાલ નથી, પરંતુ આગનું ચોક્કસ કારણ હજી સુધી અકબંધ છે. નડિયાદ કોમ્પ્લેક્સમાં આગ લાગવાનું મુખ્ય કારણ ભોંયરામાં રહેલો ઈલેક્ટ્રોનિક્સનો સામાન હતો, જેના કારણે આગ ઝડપથી પ્રસરી હતી અને તેનું સ્વરૂપ વિકરાળ બન્યું હતું. આગ લાગવાના કારણે બેઝમેન્ટથી ઝેરી ધૂમાડો આખા કોમ્પ્લેક્સમાં ફેલાઈ ગયો હતો, જેનાથી દુકાનદારો અને આસપાસના લોકોને શ્વાસ લેવામાં મુશ્કેલી અને ગુંગળામણ થવાનો ભય ફેલાયો હતો.સમયસૂચકતા વાપરીને લોકો ત્વરિત બહાર નીકળી ગયા હોવાથી મોટી જાનહાનિ ટળી છે. આ ઘટનાએ ફરી એકવાર વ્યાપારી સંકુલના ભોંયરામાં જ્વલનશીલ અને ઝેરી સામાન સંગ્રહ કરવાના જોખમ તરફ ધ્યાન દોર્યું છે. ઘટનાની જાણ થતાં જ નડિયાદ પાલિકાની ફાયર બ્રિગેડની ટીમ બે ફાયર ફાઈટર સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. ભોયરામાં ભીષણ આગ લાગી હોવાથી ફાયર બ્રિગેડના જવાનોને આગ બુઝાવવામાં ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો. ભોંયરામાંથી નીકળતા ગાઢ ધૂમાડાના કારણે અંદર જઈને તપાસ કરવી મુશ્કેલ બની રહી હતી.

ફાયર બ્રિગેડના જવાનો હાલ પાણીનો મારો ચલાવીને જ્વાળાઓને નિયંત્રણમાં લેવા માટે સતત પ્રયાસો કરી રહ્યા છે. સાથે જ, તેઓ એ વાતની પણ તપાસ કરી રહ્યા છે કે આગના કારણે ભોંયરાની અંદર કોઈ વ્યક્તિ ફસાયું છે કે કેમ. ફાયર અધિકારીઓએ જણાવ્યું છે કે, ટૂંક સમયમાં આગ પર સંપૂર્ણપણે કાબૂ મેળવી લીધા બાદ જ આગ લાગવાના ચોક્કસ કારણ અને નુકસાનના અંદાજ વિશે માહિતી મળી શકશે. નડિયાદ કોમ્પ્લેક્સમાં આગની આ ઘટનાથી કોમ્પ્લેક્સના માલિકો અને વેપારીઓને મોટું આર્થિક નુકસાન થવાની સંભાવના છે, ખાસ કરીને ઈલેક્ટ્રોનિક્સના કિંમતી સામાનને કારણે. સંતરામ રોડ પર આ ઘટનાને લઈને થોડા સમય માટે વાતાવરણ તંગ બની ગયું હતું.

---

સનસનાટીપૂર્ણ ભાવનગર હત્યાકાંડ | પત્ની, પુત્ર-પુત્રીના મોતથી અનેક સવાલ

# ફોરેસ્ટ ઓફિસરના પત્ની-બાળકોના કોહવાયેલા મૃતદેહ દાટેલી હાલતમાં મળ્યા

(એજન્સી) ભાવનગર | તા.17

ભાવનગર શહેર જિલ્લામાં હત્યાના બનાવોના સિલસિલા વચ્ચે એક એવા ચોંકાવનારા અને રુવાંટા ઊભા કરી દે તેવા ભાવનગર હત્યાકાંડની ઘટના સામે આવી છે, જેણે આખા શહેરમાં વ્યાપક ચકચાર જગાવી છે. વન વિભાગમાં આસિસ્ટન્ટ કન્ઝર્વેટર ઑફ ફોરેસ્ટ (ACF) તરીકે ફરજ બજાવતા શૈલેષ ખાંભલાએ પોતાના પત્ની અને બાળકો ગુમ થયા હોવાની અરજી પોલીસ મથકમાં આપ્યાના દસ દિવસ બાદ ત્રણેયના કોહવાયેલા મૃતદેહ તેમની ફોરેસ્ટ કોલોની નજીકની અવાવરું જગ્યામાંથી દાટેલી હાલતમાં મળી આવ્યા છે. પોલીસે ત્રણેય મૃતદેહને પેનલ પી.એમ. (પોસ્ટમોર્ટમ) માટે ખસેડીને આગળની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.સુરતના વતની અને હાલ તળાજા રોડ પર આવેલી ફોરેસ્ટ કોલોનીમાં રહેતા શૈલેષ ખાંભલાના પત્ની નયનાબેન (ઉ.વ. ૪૦), પુત્રી પૃથ્વા (ઉ.વ. ૧૩) અને પુત્ર ભવ્ય (ઉ.વ. ૯) સુરતથી ભાવનગર વેકેશન ગાળવા આવ્યા હતા. ગત ૫ નવેમ્બરના રોજ તેઓ સુરત જવા માટે નીકળ્યા હોવાનું જણાવાયું હતું, પરંતુ ૭ નવેમ્બરના રોજ અધિકારી શૈલેષ ખાંભલાએ ભરતનગર પોલીસ મથકમાં તેમના પત્ની અને બાળકો ગુમ થયાની જાણવા જોગ અરજી આપી હતી.

પોલીસ તંત્ર અરજીના દસ દિવસ સુધી ગુમ થયેલા ફોરેસ્ટ ઓફિસરનો પરિવારની શોધખોળ કરી રહ્યું હતું. દરમ્યાનમાં, ફોરેસ્ટ કોલોની પાસેની અવાવરું જગ્યામાંથી અચાનક બદબૂ ફેલાતા પોલીસને એક મજબૂત લીડ મળી હતી. પોલીસ કાફલો ડોગ સ્કવોડ સાથે સ્થળ પર પહોંચ્યો અને ખોદકામ શરૂ કર્યું. જમીન ખોદતા જ એક પછી એક એમ ત્રણ મૃતદેહ મળી આવતાં પોલીસ પણ ચોંકી ઊઠી હતી. આ મૃતદેહો ગુમ થયેલા ACF અધિકારીના પત્ની, પુત્ર અને પુત્રીના જ હતા.

---

વહીવટી અણઆવડત | રાત્રીના સમયે શૌચાલયને તાળા, ફોકસ લાઈટ બંધ

## રાજુલા એસ.ટી. સુવિધાના અભાવે ૩૫ ગામડાઓ પાંચ વર્ષથી હાલાકીમાં

(એજન્સી) રાજુલા | તા.17



ઔદ્યોગિક એકમોથી ધમધમતા રાજુલા પંથકમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)નો વહીવટ સંપૂર્ણપણે ખાડે ગયો હોવાનો પ્રબળ આક્રોશ મુસાફર જનતામાં ભભૂકી ઉઠ્યો છે. અમરેલી ડિવિઝન તળે સંચાલિત રાજુલા એસ.ટી. ડેપોના સત્તાધીશોની વહીવટી અણઆવડત અને મનસ્વી કાર્યપદ્ધતિના કારણે તાલુકાના ૩૫ ગામો એસ.ટી. વિહોણા રહી ગયા છે. આ ગામડાઓના લોકોએ છેલ્લા પાંચ વર્ષથી એસ.ટી. બસના દર્શન કર્યા નથી, જેના કારણે ગ્રામ્ય વિસ્તારના હજારો નાગરિકોને પરિવહન માટે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

રાજુલા એસ.ટી. સુવિધા અને તેના ડેપોના મેનેજરની મનસ્વી કાર્યપદ્ધતિ સામે અનેક સવાલો ઉભા થયા છે. તંત્ર દ્વારા કોઈ નક્કર કારણ વગર જ અચાનક મહત્ત્વના રૂટ પરની બસની ટ્રીપ બંધ કરી દેવામાં આવે છે. થોડા દિવસો પૂર્વે જ રાજુલાથી બર્બટાણા રૂટની મીની બસનું ઉદ્ઘાટન ધારાસભ્ય અને વેપારીઓના હસ્તે કરવામાં આવ્યું હતું. સ્થાનિકોને આશા હતી કે પરિવહનની મુશ્કેલીઓનો અંત આવશે, પરંતુ આ બસ સેવા પણ માત્ર બે જ દિવસમાં બંધ કરી દેવામાં આવી, જે એસ.ટી. ડેપોનો વહીવટ કેટલો અણઘડ છે તેનું સ્પષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. મુસાફરોને અનુકૂળ રૂટની સુવિધા ફાળવવાના બદલે ડેપો મેનેજમેન્ટ દ્વારા ધમધમતા રૂટની સેવાઓ મનમાની રીતે બંધ કરાઈ રહી છે.

### ૩૫ ગામોના નામ, જ્યાં બસ પહોંચતી નથી

રાજુલા તાલુકાના એભલવડ, પીછડી, લોર, જીકાદરી, ધારાબંદર, વારાહ સ્વરૂપ, બાબરકોટ, વાંઢ, ભાકોદર, ધારાના, નેસવડ, ભચાદર, ઉચૈયા, રામપરા, ભેરાઈ, બાલાપર, મસુંદડા, કાગધામ, નવાગામ, છાપરી, ડોળિયા, ઉટીયા, જીંજકા, રામપરા-૨, સાંજણાવાવ, નાના અને મોટા મોભીયાણા, નેસડી, ખારી, ખેરાળી, ધારેશ્વર, ભંડારિયા, ચાંચબંદર સહિતના ૩૫ ગામો એસ.ટી. વિહોણા છે.

---

શિયાળાની ઋતુ જામી

## જામનગર ઠંડીનો ચમકારો વધ્યો, મોસમનું સૌથી નીચું ૧૩.૫ ડિગ્રી તાપમાન નોંધાયું



જામનગર: દેવદિવાળી બાદ હવે ગુજરાતમાં ધીમે ધીમે શિયાળાની ઋતુ જામી રહી છે, અને જામનગર શહેર તથા જિલ્લામાં ઠંડીનો પારો સતત નીચે સરકી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી જામનગર ઠંડીનો ચમકારો દિન-પ્રતિદિન વધતો જ જાય છે. આજે વહેલી સવારે વાતાવરણમાં કડકડતી ઠંડીનો અનુભવ થયો હતો, જેના કારણે તાપમાનનો પારો નીચે સરકીને ૧૩.૫ ડિગ્રી તાપમાન આસપાસ પહોંચી ગયો હતો. આ સાથે જ, આજનો દિવસ આ મોસમનો સૌથી વધુ ઠંડો દિવસ નોંધાયો છે.છેલ્લા ચાર દિવસથી જામનગરનું લઘુત્તમ તાપમાન ૧૬.૦ ડિગ્રી આસપાસ જળવાઈ રહ્યું હતું. આ સમયગાળામાં સવારે અને રાત્રિના સમયે ઠંડી, પરંતુ બપોરે આકરો તાપ પડતો હોવાથી દિવસભર મિશ્ર વાતાવરણ જોવા મળી રહ્યું હતું. જોકે, ગઈકાલે રાતથી જ જામનગર ઠંડીનો ચમકારો અચાનક વધી ગયો હતો, અને તાપમાનનો પારો સીધો ત્રણ ડિગ્રી જેટલો નીચે સરક્યો હતો. પારો નીચે જવાથી વાતાવરણમાં ઠંડકનું પ્રમાણ અચાનક વધી ગયું છે.

---

કપડવંજ તાલુકા પંચાયતમાં પ્લીન્થ લેવલના કામમાં ગેરરીતિ, જિયોટેગિંગ પ્રક્રિયા બાયપાસ

# ચોંકાવનારો ભ્રષ્ટાચાર: પીએમ આવાસ યોજના કૌભાંડમાં એક FTO પર બે લાભાર્થીને રૂ. ૧.૬૦ લાખ ચૂકવાયા

(એજન્સી) નડિયાદ | તા.17

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકા પંચાયતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ (PMAY-G) હેઠળ ભ્રષ્ટાચારની મોડેસ ઓપરેન્ડીનો એક વધુ ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સરકારી યોજનામાં નાણાંકીય ગેરરીતિની આશંકા ઊભી કરતા આ બનાવમાં, ગરોડ ગામના બે અલગ-અલગ લાભાર્થીઓના પ્લીન્થ લેવલના હપ્તા માટે એક જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) નંબરનો ઉપયોગ કરીને ગેરકાયદેસર રીતે કુલ ૧.૬૦ લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી હોવાનું સરકારી રેકર્ડ પરથી સ્પષ્ટ જણાય છે. આ ઘટના ફરી એકવાર પીએમ આવાસ યોજના કૌભાંડ તરફ ઈશારો કરે છે, જેમાં કર્મચારીઓ અને લાભાર્થીઓની મિલિભગતથી સરકારી તિજોરીને મોટું નુકસાન પહોંચાડ્યું છે.

કપડવંજ તાલુકાના ગરોડ ગામના બે લાભાર્થીઓ - અલ્પેશકુમાર લક્ષ્મણભાઈ (GJ147817048) અને દશરથભાઈ રવજીભાઈ સોલંકી (GJ147816979)ને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મકાન મંજૂર થયા હતા. તેમના મકાનનું પ્લીન્થ લેવલનું કામ પૂર્ણ થયા બદલ નિયમ મુજબ પ્રત્યેકને ૮૦,૦૦૦ રૂપિયાનો બીજો હપ્તો ચૂકવવાનો હતો.નિયમ એવો છે કે, દરેક લાભાર્થી માટે કામની પ્રગતિની ચકાસણી કરીને અલગ-અલગ FTO તૈયાર કરી નાણાંની ચુકવણી કરવામાં આવે છે. પરંતુ, અહીં કપડવંજ તાલુકા પંચાયતના કર્મચારીઓએ બંને લાભાર્થીઓ માટે એક જ FTO નંબર - GJ111300808042FTO588780 નો ઉપયોગ કર્યો. આ ગેરરીતિ દ્વારા બંને લાભાર્થીઓને એક જ દિવસે, ૦૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ કુલ ૧,૬૦,૦૦૦ રૂપિયાની સહાય ટ્રાન્સફર કરી દેવામાં આવી હતી. એક FTO પર બે લાભાર્થીને ચુકવણી થવાથી સ્પષ્ટ થાય છે કે, પ્લીન્થ લેવલનું સ્થળ નિરીક્ષણ અને જિયોટેગિંગની પ્રક્રિયાને ઈરાદાપૂર્વક બાયપાસ કરવામાં આવી છે અને માત્ર કાગળ પર કામ પૂર્ણ થયું દર્શાવીને નાણાં સેરવી લેવાયા છે.અગાઉ પણ કપડવંજ તાલુકા પંચાયતમાં એક જ ફોટો વારંવાર અપલોડ કરવો, જૂના મકાનોના ફોટાનો ઉપયોગ કરવો અને એક જ સ્થળે બે લાભાર્થીના ફોટા પાડીને સહાય ચૂકવવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું. હવે એક FTO પર બે લાભાર્થીને સહાય ચૂકવાતા વધુ એક નાણાંકીય કૌભાંડની શંકા દૃઢ બની છે.

આ મામલે વિસ્તરણ અધિકારીએ આશંકા વ્યક્ત કરી છે કે આ કોઈ 'ટેકનિકલ બાબત' હશે અને એકાઉન્ટન્ટ પાસે ખરાઈ કરાવ્યા બાદ જવાબ આપી શકાય. જોકે, આ સમગ્ર મામલે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો, પીએમ આવાસ યોજના કૌભાંડ હેઠળ કપડવંજ તાલુકામાં આવા અનેક કેસમાં ફાઈનાન્સિયલ ફ્રોડ કરીને કરોડો રૂપિયાની સહાય ચૂકવાઈ હશે તેવું બહાર આવવાની પૂરેપૂરી સંભાવના છે. માત્ર કાગળ પર પ્રગતિ દર્શાવવાના પ્રયાસ તરફ ઈશારો કરે છે.

---

નડિયાદ બંધ મકાન ચોરી

## ચોટીલા દર્શને ગયેલા પરિવારના ઘરમાંથી ૬.૪૪ લાખની મત્તાની ચોરી

નડિયાદ: ખેડા જિલ્લાના નડિયાદ શહેરમાં ફરી એકવાર તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવીને પોલીસની ઊંઘ હરામ કરી દીધી છે. મનજીપુરા રોડ પર આવેલી બાલાજી પાર્ક સોસાયટીમાં રહેતા એક પરિવારની ગેરહાજરીનો લાભ લઈ તસ્કરોએ મકાનનું ઈન્ટરલોક તોડીને સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂ. ૬.૪૪ લાખની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ બનાવ અંગે નડિયાદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નડિયાદના મનજીપુરા રોડ પરની બાલાજી પાર્ક સોસાયટીમાં ભાવેશભાઈ જયંતીભાઈ મકવાણા પોતાના પરિવાર સાથે રહે છે અને ખાનગી કંપનીમાં નોકરી કરે છે.તસ્કરોએ ચોરી કરવા માટે તિજોરી તેમજ કબાટનું લોક તોડ્યું હતું અને અંદર મૂકેલી કિંમતી વસ્તુઓ ચોરી લીધી હતી. ચોરી થયેલા મુદ્દામાલમાં સોનાની ચાર ચેન, સોનાની બે બુટ્ટી, સોનાની વીંટીઓ, ચાંદીના છડા અને ચાંદીની લકી સહિત કુલ રૂ. ૪,૬૪,૩૧૯ ની કિંમતના દાગીનાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, તસ્કરો રૂ. ૧,૮૦,૦૦૦ ની રોકડ રકમ પણ સેરવી ગયા હતા. આમ, કુલ રૂ. ૬.૪૪ લાખની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા.નડિયાદ બંધ મકાન ચોરીની આ ઘટના અંગે તુરંત જ નડિયાદ ગ્રામ્ય પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

# News Brief

## ૨૦૨૬માં ભારત વિશ્વની ચોથા નંબરની દુનિયાની ટોપ ૨૦ અર્થવ્યવસ્થા બનશે

નવી દિલ્હી : વૈશ્વિક અર્થતંત્રમાં ચાલી રહેલી અસ્થિરતા અને મંદીના પડકારો વચ્ચે એક સારા સમાચાર સામે આવ્યા છે. ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ (આઈએમએફ) દ્વારા 'ડેટામેપર'ની મદદથી લગાવવામાં આવેલા અંદાજ મુજબ, ભારત વર્ષ ૨૦૨૬ સુધીમાં વિશ્વની ચોથા નંબરની સૌથી મોટી અર્થવ્યવસ્થા (જીડીપીના સંદર્ભમાં) બનવા જઈ રહ્યું છે. આ આર્થિક આગાહીમાં ભારતની જીડીપી વૃદ્ધિ ૪.૫ ટ્રિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે, જે જાપાન જેવા અગ્રણી દેશોને પણ પાછળ છોડી દેશે. વૈશ્વિક પડકારો છતાં ભારતની આર્થિક મહાસત્તા બનવાની દિશામાં આ એક મોટી અને મહત્ત્વપૂર્ણ છલાંગ છે. વર્ષ ૨૦૨૫ ગ્લોબલ ઈકોનોમી માટે અસ્થિર રહ્યું છે અને ૨૦૨૬માં પણ વૈશ્વિક અર્થતંત્ર માટે પડકારો યથાવત્ રહેવાની સંભાવના છે. વૈશ્વિક વૃદ્ધિ દર: આઈએમએફએ અનુમાન લગાવ્યું છે કે વૈશ્વિક વૃદ્ધિ દર ૨૦૨૪માં ૩.૩ ટકાથી ઘટીને ૨૦૨૫માં ૩.૨ ટકા અને ૨૦૨૬માં ૩.૧ ટકા થવાની ધારણા છે. જીડીપી વૃદ્ધિ: દુનિયાની મોટી અર્થવ્યવસ્થાઓ માટે ૨૦૨૫ અને ૨૦૨૬ બંનેમાં જીડીપી વૃદ્ધિ ૧.૬ ટકા રહેવાની આગાહી છે, જે ગયા વર્ષના અંદાજ કરતાં ૦.૨ ટકાનો ઘટાડો દર્શાવે છે. પડકારો: આઈએમએફના ઓક્ટોબર ૨૦૨૫ના અનુમાન મુજબ, ૨૦૨૬માં સંતુલન પ્રાપ્ત કરવા માટે વૈશ્વિક અર્થતંત્રને આર્થિક મંદી અને વધુ ઘટાડાના જોખમ જેવા કેટલાક પડકારોનો સામનો કરવો પડશે.

| ક્રમ | દેશ | જીડીપી (ટ્રિલિયન ડૉલર) |
|---|---|---|
| ૧ | અમેરિકા | ૩૧.૮૨ |
| ૨ | ચીન | ૨૦.૬૫ |
| ૩ | જર્મની | ૫.૩૨ |
| ૪ | ભારત | ૪.૫ |
| ૫ | જાપાન | ૪.૪૬ |
| ૬ | યુનાઈટેડ કિંગડમ | ૪.૨૨ |
| ૭ | ફ્રાન્સ | ૩.૫૫ |
| ૮ | ઈટાલી | ૨.૭ |
| ૯ | રશિયા | ૨.૫ |
| ૧૦ | કેનેડા | ૨.૪૨ |

**૨૦૨૬માં દુનિયાની ટોપ ૨૦ અર્થવ્યવસ્થા**

આઈએમએફના અંદાજ મુજબ, વર્ષ ૨૦૨૬માં જે દેશોની જીડીપી સૌથી વધુ હશે, તેની યાદી નીચે મુજબ છે, જેમાં દુનિયાની ટોપ ૨૦ અર્થવ્યવસ્થામાં ભારત ચોથું સ્થાન મેળવશે.

## એસબીઆઈ હોમ લોન ૬૦ લાખ: તમારો પગાર ૮૪,૦૦૦ હોય તો જ લોન મળશે




અમદાવાદ : જો તમે આ દિવાળીમાં પોતાનું ઘર ખરીદવાનું સપનું જોઈ રહ્યા હોવ, તો તમારા માટે એક મહત્ત્વપૂર્ણ સમાચાર છે. દેશની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) હાલમાં પોતાના ગ્રાહકોને ૭.૫૦ ટકાના આકર્ષક વ્યાજ દરથી હોમ લોન ઓફર કરી રહી છે. ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) દ્વારા રેપો રેટમાં ઘટાડો કર્યા બાદ એસબીઆઈએ પણ તેના વ્યાજ દરોમાં ઘટાડો કર્યો છે, જેના કારણે ગ્રાહકોને ઓછા વ્યાજે ઘર ખરીદવાની સુવર્ણ તક મળી છે. જો તમે ૬૦ લાખની એસબીઆઈ હોમ લોન લેવાનું વિચારી રહ્યા હો, તો તેના માટે બેંકના ચોક્કસ નિયમો અને તમારી માસિક આવક અને ઈએમઆઈનું ગણિત જાણવું જરૂરી છે.લાંબો સમયગાળો (૩૦ વર્ષ) પસંદ કરવાથી માસિક ઈએમઆઈની રકમ ઓછી બને છે, જે તમારા નાણાકીય આયોજનને વધુ સ્થિરતા પ્રદાન કરી શકે છે. જો તમારી પાસે અન્ય કોઈ મોટી લોન ન હોય, તો ૪૨,૦૦૦ની આ ઈએમઆઈ રકમ તમારી નાણાકીય સ્થિતિને અનુકૂળ રહેવા માટે યોગ્ય ગણાય છે.બેંક કોઈપણ મોટી લોન મંજૂર કરતા પહેલા લોન લેનારની લોન ચૂકવવાની ક્ષમતા સુનિશ્ચિત કરે છે. બેંક સામાન્ય રીતે તમારી માસિક આવકના ૫૦ ટકા કરતાં વધુ ઈએમઆઈ રાખવાનું ટાળે છે, જેથી તમારા ઘરખર્ચ પર વધુ બોજ ન પડે.બેંક લોન મંજૂર કરતાં પહેલાં અરજદારની આવક, અન્ય ખર્ચાઓ અને ક્રેડિટ પ્રોફાઈલનું સઘન વિશ્લેષણ કરે છે. આ નિયમ એ સુનિશ્ચિત કરે છે કે લોન મેળવનાર વ્યક્તિ કોઈપણ નાણાકીય તણાવ વિના સરળતાથી લોન પાછી ચૂકવી શકે.કોઈપણ પ્રકારની ધિરાણ મેળવવા માટે ક્રેડિટ સ્કોરનું મહત્ત્વ નિર્ણાયક હોય છે.

---

**સુરક્ષિત અને સસ્તું LPG પૂરું પાડવાના પ્રયાસ: ગ્રાહકોને વાજબી ભાવ આપવા ₹૪૦,૦૦૦ કરોડ ખર્ચ્યા**

# ઐતિહાસિક ડીલથી મોટી રાહતની આશા: ભારત-અમેરિકા LPG કરાર, સિલિન્ડર સસ્તા થશે?

(એજન્સી) નવી દિલ્હી | તા 17

ભારત અને અમેરિકા (યુએસ) વચ્ચે લાંબા ગાળાના સહયોગની દિશામાં એક મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક પગલું ભરવામાં આવ્યું છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ સોમવારે જાહેરાત કરી કે ભારતની સરકારી ઓઈલ કંપનીઓએ યુએસ ગલ્ફ કોસ્ટમાંથી મોટા જથ્થામાં એલપીજી (લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ) આયાત કરવા માટે પોતાનો પ્રથમ લાંબા ગાળાનો કરાર કર્યો છે. આ ભારત-અમેરિકા LPG કરાર વૈશ્વિક બજારની અસ્થિરતા વચ્ચે દેશની ઊર્જા સુરક્ષા મજબૂત કરવા અને પુરવઠાના સ્રોતોમાં વિવિધતા લાવવા માટેનું એક નિર્ણાયક પગલું છે. આ કરાર મુજબ, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. (HPCL) જેવી સરકારી ઓઈલ કંપનીઓ વર્ષ ૨૦૨૬ માટે યુએસ ગલ્ફ કોસ્ટમાંથી વાર્ષિક આશરે ૨.૨ મિલિયન ટન (MTPA) LPG આયાત કરશે. આ જથ્થો ભારતની કુલ વાર્ષિક LPG આયાતનો લગભગ ૧૦ ટકા જેટલો મોટો હિસ્સો છે.કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે, 'આ એક ઐતિહાસિક પ્રથમ પગલું છે, જે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા એલપીજી બજારોમાંનું એક હવે ઔપચારિક રીતે યુએસના પુરવઠા માટે ખુલી રહ્યું છે.' તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, દેશના લોકોને સુરક્ષિત અને સસ્તું એલપીજી પૂરું પાડવાના પ્રયાસમાં આ સોદો એક મહત્ત્વપૂર્ણ પગલું છે, કારણ કે આનાથી સ્રોતોનું વૈવિધ્યકરણ થઈ શકશે. આ યુએસ સાથે ભારતનો અત્યાર સુધીનો પ્રથમ સંરચિત LPG ખરીદી કરાર છે અને તેને Mont Belvieu સાથે બેન્ચમાર્ક કરવામાં આવ્યો છે, જે LPG માટેનું મુખ્ય યુએસ પ્રાઈસિંગ હબ છે.ભારત વિશ્વનો બીજો સૌથી મોટો LPG ગ્રાહક છે અને ઉજ્જવલા યોજનાના વિસ્તરણને કારણે તેની માંગ સતત વધી રહી છે. હાલમાં ભારત તેની ૫૦ ટકાથી વધુ LPG જરૂરિયાત પશ્ચિમ એશિયામાંથી આયાત કરે છે.ભારત-અમેરિકા LPG કરાર હેઠળ યુએસ પાસેથી આટલો મોટો હિસ્સો મેળવવાનો નિર્ણય ભારતની વ્યૂહરચનાનો ભાગ છે. આ વ્યૂહરચનાનો હેતુ પરંપરાગત સપ્લાયરો પરની નિર્ભરતા ઘટાડવા, પુરવઠાની સ્થિરતા સુધારવા અને વૈશ્વિક ભાવના તીવ્ર ઉછાળા સામે ભાવના જોખમને નિયંત્રિત કરવાનો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ માટે, પુરવઠામાં વિવિધતા સપ્લાય-ચેઈનનું જોખમ ઘટાડે છે અને ભાવ સ્થિરતા વધારવામાં મદદરૂપ થાય છે.આ ઐતિહાસિક કરારનો સૌથી મોટો સવાલ એ છે કે શું તેનાથી સામાન્ય ગ્રાહક માટે LPG સિલિન્ડર કિંમત સસ્તી થશે? કેન્દ્રીય મંત્રી પુરીએ આ અંગે સ્પષ્ટ સંકેતો આપ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, 'ગયા વર્ષે વૈશ્વિક એલપીજીના ભાવમાં ૬૦ ટકાથી વધુનો વધારો થયો હોવા છતાં, સરકારે ૪૦,૦૦૦ કરોડથી વધુનો ખર્ચ કરીને ગ્રાહકોને વાજબી ભાવ આપીને રાહત આપી હતી.' આ સબસિડીના કારણે ઉજ્જવલાના લાભાર્થીઓએ ૧,૧૦૦ના વાસ્તવિક ખર્ચ સામે માત્ર ૫૦૦-૫૫૦ ચૂકવ્યા હતા. યુએસ સાથેનો આ કરાર ભારતીય પરિવારો માટે 'સુરક્ષિત, સસ્તો અને ભરોસાપાત્ર LPG પુરવઠો' સુનિશ્ચિત કરવાની દિશામાં બીજું પગલું છે. પુરવઠાના સ્રોતોમાં વૈવિધ્યકરણ થવાથી અને વૈશ્વિક ભાવ સાથે જોડાયેલા જોખમો નિયંત્રિત થવાથી, સરકારને ભાવને સ્થિર રાખવામાં અને ગ્રાહકોને આર્થિક રાહત આપવામાં વધુ મદદ મળશે. આ કરાર ભારત-યુએસ ઊર્જા સહયોગને પણ મજબૂત બનાવશે.



## મોદી સરકારે ૪૦,૦૦૦ કરોડનો બોજ ઉઠાવી ગ્રાહકોને રાહત આપી

નવી દિલ્હી : સોમવારે કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ એક મોટી અને ઐતિહાસિક જાહેરાત કરી, જેનાથી ભારતીય ઊર્જા સુરક્ષાને નોંધપાત્ર બળ મળ્યું છે. ભારતમાં ઘરેલું વપરાશમાં મહત્ત્વનો ભાગ ભજવતા એલપીજી (લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ) માટે, દેશની જાહેર ક્ષેત્રની તેલ કંપનીઓએ પહેલીવાર યુનાઈટેડ સ્ટેટ્સ સાથે એક વર્ષના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર હેઠળ યુએસ ગલ્ફ કોસ્ટમાંથી મોટા પ્રમાણમાં એલપીજી આયાત કરવામાં આવશે, જે ભારત માટે ઊર્જા સ્ત્રોતોના વૈવિધ્યકરણની દિશામાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન છે. મંત્રી હરદીપ સિંહ પુરીએ સોશિયલ મીડિયા પર આ વિકાસની માહિતી આપતા જણાવ્યું કે આ ભારત માટે એક 'ઐતિહાસિક પ્રથમ' ઘટના છે, કારણ કે વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું એલપીજી બજાર હવે યુનાઈટેડ સ્ટેટ્સ તરફ ખુલી ગયું છે.

---

## ટાટા મોટર્સપેસેન્જર શેર ક્રેશ ! 7% તૂટ્યો ભાવ, ઘટાડા પાછળનું કારણ

(એજન્સી) નવી દિલ્હી | તા 17

ટાટા ગ્રુપની પેસેન્જર વ્હીકલ કંપનીમાં સોમવારે મોટો ઘટાડો થયો, તેના શેરમાં 7% તૂટ્યા છે. ડિમર્જર પછી ટાટા ગ્રુપની વાહન કંપની માટે આ સૌથી મોટો ઘટાડો છે, જેના પરિણામે તેના મૂલ્યાંકનમાં 10,476 કરોડનું નુકસાન થયું છે. નિષ્ણાતો માને છે કે કંપનીની લક્ઝરી કાર કંપની પર સાયબર હુમલાને કારણે EBITDA માર્જિનમાં ઘટાડો થયો છે, જેના કારણે કંપનીના શેરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ચાલો સમજાવીએ કે કંપનીનો ડેટા શેરબજારને શું કહે છે.

ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ કંપનીના શેર સોમવારે 7% થી વધુ ઘટ્યા છે. BSE ડેટા અનુસાર, કંપનીના શેર 7.26% ઘટીને 363.15 પર આવી ગયા, જે તેના 52-સપ્તાહના નીચલા સ્તરથી 8.30% વધારે છે. આનો અર્થ એ છે કે જો આગામી દિવસોમાં કંપનીના શેરમાં આવો જ ઘટાડો જોવા મળે છે, તો કંપનીનો શેર તેના 52-સપ્તાહના નીચલા સ્તરને તોડી નાખશે. નિષ્ણાતોના મતે, ટાટા મોટર્સ સાથેના ડિમર્જર પછી TMPV શેરમાં આ સૌથી મોટો ઘટાડો છે.આ ઘટાડો કેમ?: TMPV એ તાજેતરમાં તેના ત્રિમાસિક પરિણામો જાહેર કર્યા છે, જેમાં જણાવાયું છે કે કંપનીની લક્ઝરી કાર કંપની, જગુઆર લેન્ડ રોવર પર સાયબર હુમલાએ તેના પ્રદર્શનને નોંધપાત્ર રીતે અસર કરી છે.

---

## ડાબર ચ્યવનપ્રાશ અને અક્ષય કુમારનું નવું કેમ્પેઇન 'બીમાર યા તૈયાર'

(એજન્સી) અમદાવાદ | તા.17

ભારતની સૌથી વિશ્વસનીય નેચરલ હેલ્થકેર કંપની ડાબરે ડાબર ચ્યવનપ્રાશ માટે નવા હાઈ-ઈમ્પેક્ટ કેમ્પેઈન 'Beemaar Ya Taiyyar' (બીમાર યા તૈયાર)ની જાહેરાત કરી છે. બ્રાન્ડ એમ્બેસેડર અને ફિટનેસ આઈકન અક્ષય કુમારની હાજરીવાળી આ ઝુંબેશ McCann Worldgroup India દ્વારા તૈયાર કરવામાં આવી છે, જે બદલાતી ઋતુઓ અને પર્યાવરણની પડકારજનક પરિસ્થિતિઓ વચ્ચે હંમેશા તૈયાર રહેવાની જરૂરિયાત અને મહત્વ પર ખાસ ભાર મૂકે છે.નવું કોમ્યુનિકેશન એક મહત્વપૂર્ણ સત્યને રેખાંકિત કરે છે:તૈયારીનો અભાવ વ્યક્તિને બીમાર પાડી શકે છે. 40+ ઔષધીય આયુર્વેદિક જડીબુટ્ટીઓથી સમૃદ્ધ ડાબર ચ્યવનપ્રાશને માત્ર એક ઉપચારરૂપ પ્રોડક્ટ તરીકે નહીં, પરંતુ દૈનિક રીચ્યુઅલ તરીકે, જે અંદરથી શક્તિ અને પ્રોએક્ટિવ ઈમ્યુનિટી તૈયાર કરે, તેવી રીતે રજૂ કરવામાં આવ્યો છે. આ કેમ્પેઈનનો હેતુ ગ્રાહકોને 'બીમારી થાય ત્યારે સારવાર' કરતાં 'બીમારીને પહેલેથી જ અટકાવવાની' દિશામાં વિચાર કરવા પ્રેરવાનો છે.ડાબર ઈન્ડિયા લિમિટેડના હેલ્થકેર ડિરેક્ટર શ્રીરામ પદ્મનાભને જણાવ્યું કે"આજની સ્પર્ધાત્મક દુનિયામાં 'તૈયાર' રહેવું એ જ જીતવાનો એકમાત્ર રસ્તો છે.



---

**UPL એ ડાઉ જોન્સ સસ્ટેઈનેબિલિટી ઈન્ડાઈસિસમાં**

## વૈશ્વિક કૃષિ સોલ્યુશન્સ કંપનીઓમાં સર્વોચ્ચ ESG સ્કોર હાંસલ કર્યો

(એજન્સી) અમદાવાદ | તા.17

સાતત્યપૂર્ણ કૃષિ ઉકેલો ઉપલબ્ધ બનાવતી વૈશ્વિક કંપની યુપીએલએ એસએન્ડપી ગ્લોબલ સમર્થિત 2025 ડાઉ જોન્સ સસ્ટેઈનેબિલિટી ઈન્ડાઈસિસ (DJSI)માં કૃષિ ઉકેલો પૂરાં પાડતી વૈશ્વિક કંપનીઓમાં સૌથી વધુ ઈએસજી સ્કોર હાંસલ કર્યો છે. ડીજેએસઆઈ વર્લ્ડ ઈન્ડેક્સમાં સ્થાન હાંસલ કરનાર યુપીએલ એકમાત્ર કૃષિ સોલ્યુશન્સ કંપની છે.યુપીએલએ 2025 એસએન્ડપી ગ્લોબલ કોર્પોરેટ સસ્ટેઈનેબિલિટી એસેસમેન્ટ (સીએસએ) માં 77 (100 માંથી)નો ઈએસજી સ્કોર હાંસલ કર્યો હતો, જે કેમિકલ સેક્ટરની 32ની સરેરાશથી નોંધપાત્ર રીતે વધારે છે. કંપનીને મળેલી આ નોંધપાત્ર માન્યતા પર્યાવરણીય, સામાજિક અને સંચાલનના પરિમાણોમાં યુપીએલની મજબૂત કામગીરીને દર્શાવે છે, જે સાતત્યપૂર્ણ પદ્ધતિઓમાં તેના નેતૃત્વને મજબૂત બનાવે છે.આ સિદ્ધિ અંગે બોલતાં યુપીએલ ગ્રૂપના ચેરમેન અને ગ્રૂપ સીઈઓ શ્રી જય શ્રોફે જણાવ્યું હતું કે, 'યુપીએલમાં અમારું માનવું છે કે કૃષિ, વૈશ્વિક સ્તરે સાતત્યતા માટેના પ્રયાસોના કેન્દ્રમાં છે. અમે અમારા ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે ટોચની ટકાઉ કંપની બનીને અત્યંત ગર્વ અનુભવી રહ્યાં છીએ. આ માન્યતા 'સાતત્યતાની પુનઃકલ્પના' પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે, જે દર્શાવે છે કે કૃષિ કેવી રીતે સકારાત્મક શક્તિ બની ખેડૂતોને સશક્ત બનાવે છે, ખાદ્ય સુરક્ષામાં વધારો કરે છે, ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપે છે અને તમામ માટે ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરે છે."યુપીએલ ગ્રૂપના ચીફ સસ્ટેઈનેબિલિટી ઓફિસર ડો. મૃત્યુંજય ચૌબેએ આ અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, નાણાં વર્ષ 2025માં અમે માત્ર, પર્યાવરણનું પ્રદૂષણ ઘટાડવાનું અમારું લક્ષ્યાંક પૂર્ણ જ નથી કર્યું બલ્કે તેને નોંધપાત્ર રીતે વટાવી દીધું છે.

---

## ભૂલથી પણ રોકાણ ના કરશો! આ 'સ્ટોક' તમને રડાવશે, નિષ્ણાતોએ રોકાણકારોને ચેતવ્યા

નવી દિલ્હી: સ્ટોક માર્કેટમાં સોમવારે ખાસ હલચલ થવાની છે. એવામાં, રોકાણકારો આ 3 શેર પર નજર રાખી શકે છે. આ સ્ટોક્સમાં ટ્રેડિંગ વોલ્યુમ વધવાને કારણે કિંમતોમાં વધારો અથવા ઘટાડો થવાની શક્યતા છે.'Bharat Forge Ltd' ના સ્ટોકની વાત કરીએ તો, તે 1,396.70 ની આસપાસ ટ્રેડ થઈ રહ્યા છે. નિષ્ણાતોના મત મુજબ, 'Bharat Forge Ltd' ના શેર ભવિષ્યમાં -16.03% ઘટીને 1172.90 ની નીચે આવી શકે છે. જો કે, આવનારા 1 વર્ષમાં આ સ્ટોક +11.19% વધીને 1553.00 ની આસપાસ પહોંચી શકે છે, જ્યારે તેમાં -33.41% સુધીનો ઘટાડો આવશે તેવી શક્યતા છે. જો ઘટાડો આવશે તો શેરની કિંમત 930.00 ના તળિયે આવી શકે છે.'Bharat Forge Ltd' ના સ્ટોકની વાત કરીએ તો, તે 1,396.70 ની આસપાસ ટ્રેડ થઈ રહ્યા છે. નિષ્ણાતોના મત મુજબ, 'Bharat Forge Ltd' ના શેર ભવિષ્યમાં -16.03% ઘટીને 1172.90 ની નીચે આવી શકે છે.

---

**ડાયસનની સૌથી લોકપ્રિય ટેકનોલોજી પર ₹25,000 સુધીની છૂટ**

## ડાયસન ડીલ ડેઝ: બ્લેક ફ્રાઈડે પહેલા આકર્ષક ઓફર્સ

(એજન્સી) અમદાવાદ | તા.17

ડાયસન વર્ષની તેની સૌથી મહત્વપૂર્ણ ઓફર્સની જાહેરાત કરે છે. 14 થી 20 નવેમ્બર 2025 સુધી ચાલનારા ડાયસન ડીલ ડેઝ દરમિયાન આ ખાસ ઓફર્સનો લાભ લો. ડાયસન ડીલ ડેઝ દરમિયાન, ગ્રાહકો ડાયસનની અદ્યતન ટેકનોલોજી પર 25,000 સુધીની બચત કરી શકે છે. આ ઓફર્સનો લાભ લો અને ડાયસનની નવીનતાઓ સાથે તમારા ઘર અને સુંદરતાના અનુભવને બહેતર બનાવો. વધુ વિગતો માટે https://www.dyson.in/deals ની મુલાકાત લો. ડાયસનના આઈકોનિક હેર કેર ટૂલ્સ સાથે ઘરે સલૂન જેવો દેખાવ મેળવો. સ્લિક સ્ટ્રેટ વાળથી લઈને વૉલ્યૂમિનસ કર્લ્સ સુધી, દરેક ટૂલ સરળતાથી સ્ટાઈલ કરવા અને ગરમીથી થતા નુકસાનને ટાળવા માટે રચાયેલ છે. ડાયસન ડીલ ડેઝનો મહત્તમ લાભ લો અને તમારા મનપસંદ સ્ટાઈલિંગ ટૂલ્સ ખૂબ જ સસ્તા ભાવે મેળવો: મલ્ટી-સ્ટાઈલર અને ડ્રાયર- ડાયસનના પ્રથમ કનેક્ટેડ ડિવાઈસ સાથે તમારા માટે અનુરૂપ વ્યક્તિગત શૈલીઓ બનાવો. 49,900.00- હવે 42,900 માં (સિરામિક પેટિના અને ટોપાઝ) Dyson Airstrait સ્ટ્રેટનર - હોટ પ્લેટ્સ અને ગરમીના નુકસાન વિના, એક જ પગલામાં સુકવવામાં અને સીધા કરવાની સાથે તમારી શૈલીમાં સ્ટાઈલ કરો. 45,900.00- હવે 29,900 માં (પ્રુશિયન બ્લૂ સિવાયના તમામ કલરવે) Dyson Corrale હેર સ્ટ્રેટનર (બ્રાઈટ કોપર/બ્રાઈટ નિકલ) - ઓછામાં ઓછા વાળના નુકસાન સાથે સફરમાં હેરસ્ટાઈલ કરવા માટે યોગ્ય.




---

## 1 શેર પર ₹55 મળશે! મેન્યુફેક્ચરિંગ કંપનીએ 'ડિવિડન્ડ'નું એલાન કર્યું, કયા રોકાણકારોને આનો લાભ થશે?

નવી દિલ્હી: BSE 500 ઈન્ડેક્સમાં લિસ્ટેડ એર અને ગેસ કોમ્પ્રેસર મેન્યુફેક્ચરિંગ કંપનીએ 2025-26 નાણાકીય વર્ષ માટે તેના બીજા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે અને આ સાથે જ વચગાળાના ડિવિડન્ડની જાહેરાત કરી છે.કંપનીના ડિરેક્ટર બોર્ડે બેઠક કરી અને પ્રતિ શેર 55 નું વચગાળાનું ડિવિડન્ડ જાહેર કર્યું. આ ડિવિડન્ડ 10 ની ફેસ વેલ્યુવાળા દરેક ઈક્વિટી શેર પર ચૂકવવામાં આવશે.કંપનીએ જણાવ્યું હતું કે, વચગાળાના ડિવિડન્ડ માટેની રેકોર્ડ તારીખ 25 નવેમ્બર, 2025 નક્કી કરવામાં આવી છે. આ તારીખ સુધીમાં જે રોકાણકારોના નામ કંપનીના રેકોર્ડમાં નોંધાયેલા હશે, તેઓ જ ડિવિડન્ડ માટે હકદાર રહેશે. ડિવિડન્ડ 11 ડિસેમ્બર, 2025 ના રોજ ચૂકવવામાં આવશે.આ કંપનીની સ્થાપના વર્ષ 1921 માં કોલકાતામાં થઈ હતી અને તેને ભારતમાં સૌથી પહેલા અમેરિકન રોકાણોમાંની એક ગણવામાં આવે છે.

---

**ગ્લોબલ હાઉસ ઓફ બ્રાન્ડ્સને મજબૂત બનાવી, લેન્સકાર્ટે બાર્સેલોનામાં સ્થપાયેલી**

## મેલરને ભારતમાં લોન્ચ કરી અને લબુબુ મેકર પોપમાર્ટ સાથે નવી રચનાત્મક ભાગીદારી સાથે પ્રીમિયમ પોર્ટફોલિયો વિસ્તાર્યો

(એજન્સી) અમદાવાદ | તા.17

લેન્સકાર્ટે આજે ભારતમાં મેલરના લોન્ચની જાહેરાત કરી હતી અને ગ્લોબલ પોપ-કલ્ચર બ્રાન્ડ પોપમાર્ટ સાથે નવી ક્રિએટિવ આઈવેર પાર્ટનરશિપ રજૂ કરી હતી. આ સાથે તેણે મોર્ડન હાઉસ ઓફ આઈવેર બ્રાન્ડ્સ ઊભી કરવાની તેની મહત્વાકાંક્ષા મજબૂત બનાવી છે અને લેન્સકાર્ટને સમકાલિન આઈવેર ડિઝાઈન માટેના સેન્ટર તરીકે સ્થાપી છે.પોપમાર્ટ અને લેન્સકાર્ટ આઈવેર કલેક્શન ડિસેમ્બરના પહેલા અઠવાડિયાથી સિંગાપોરમાં - ઓનલાઈન અને પસંદગીના લેન્સકાર્ટ સ્ટોર્સમાં - લોન્ચ થશે. આ રેન્જ એવા ગ્રાહકો માટે કલેક્ટેબલ, કેરેક્ટર પ્રેરિત ડિઝાઈન રજૂ કરે છે જેઓ અભિવ્યક્તિ સાથે, આનંદપૂર્ણ અને સાંસ્કૃતિક રીતે પડઘો પાડે તેવી ફેશન એસેસરીઝનો આનંદ માણે છે.આ ભાગીદારી હેરી પોટર, હેલો કીટી, પોકેમોન, ડ્રેગન બોલ ઝેડ, સુપરમેન અને બેટમેન સહિતના સાંસ્કૃતિક સહયોગના લેન્સકાર્ટના વિસ્તરણ પર આધારિત છે. આ સહયોગ લેન્સકાર્ટને ચાહકો અને ઉભરતી ઉપસંસ્કૃતિઓ સાથે ગહનતાપૂર્વક જોડાતી ડિઝાઈન સમર્થિત વાર્તા કહેવા દ્વારા તેના ચશ્માના આકર્ષણને વિસ્તારવામાં મદદ કરે છે.બાર્સેલોનામાં સ્થપાયેલી મેલર યુરોપની સૌથી પ્રભાવશાળી ડીટુસી યુથ આઈવેર બ્રાન્ડ્સમાંની એક બની ગઈ છે, જે તેના બોલ્ડ સિલુએટ્સ, સ્ટ્રીટ-કલ્ચર-પ્રેરિત પેલેટ્સ અને અભિવ્યક્તિપૂર્ણ, ફેશનેબલ સુંદરતા દ્વારા બધાથી અલગ પડે છે. 7,00,000થી વધુ ફોલોઅર્સ અને યુરોપ તથા યુએસમાં મજબૂત આકર્ષણ સાથે, મેલરે એક વાઈબ્રન્ટ ગ્લોબલ કમ્યૂનિટી અને વિશિષ્ટ, ડિઝાઈન-આધારિત આઈવેર શોધતા યુવા ગ્રાહકો સાથે ગહન જોડાણ બનાવ્યું છે.ભારતમાં મેલર હવે લેન્સકાર્ટના રિટેલ નેટવર્ક તેમજ લેન્સકાર્ટ એપ્લિકેશન તથા વેબસાઈટ દ્વારા ઓનલાઈન ઉપલબ્ધ થશે. આ બ્રાન્ડ સૌથી પહેલા ફેશન પ્રત્યે સભાનતા ધરાવતા ક્ષેત્રો સાથે મેળ ખાય તે માટે GeoIQ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને પસંદ કરવામાં આવેલા 500 ક્યુરેટેડ સ્ટોર્સ પર લોન્ચ કરાશે.



---

**આઝાદી પહેલા બ્રિટિશ રાજાઓની છબી છપાતી**

## ચલણી નોટો પર મહાત્મા ગાંધી કેમ: ભારતીય ચલણ પર ગાંધીજીનો ફોટો રહસ્ય

અમદાવાદ : આઝાદી પછીના ભારતીય ચલણ પર મહાત્મા ગાંધીની છબીની પસંદગી પાછળ ખૂબ જ વિચારપૂર્વક લેવાયેલો નિર્ણય અને નોટોને સરળતાથી ઓળખવાનું વૈચારિક કારણ રહેલું છે.આરબીઆઈના કાર્ય અને ભૂમિકા પર આધારિત એક દસ્તાવેજીમાંથી આ મહત્ત્વપૂર્ણ માહિતી બહાર આવી છે. આ દસ્તાવેજી સ્પષ્ટ કરે છે કે ચલણી નોટો પર કોઈ મહાન પુરુષ કે સ્ત્રીની છબી પસંદ કરતાં પહેલાં ઘણા નામોની ચર્ચા કરવામાં આવી હતી.ચર્ચામાં માત્ર રાજકીય નેતાઓ જ નહીં, પરંતુ ભારતના સાંસ્કૃતિક અને સામાજિક ક્ષેત્રના મહાનુભાવોનો પણ સમાવેશ થતો હતો. જેમાં ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોર અને માનવતાવાદી કાર્યકર્તા મધર ટેરેસા જેવા આદરણીય વ્યક્તિઓના નામોનો સમાવેશ થતો હતો.જોકે, લાંબા વિચાર-વિમર્શ બાદ, આ તમામ મહાન વ્યક્તિઓમાંથી સર્વસંમતિથી મહાત્મા ગાંધીના ફોટા પર નિર્ણય લેવાયો હતો. ગાંધીજીની પસંદગીનું કારણ નોટોને સરળતાથી ઓળખવાની પદ્ધતિ સાથે પણ સંકળાયેલું છે. એક પ્રખ્યાત વ્યક્તિત્વની છબી ચલણને સહેલાઈથી ઓળખવામાં મદદ કરે છે અને વિવાદ રહિત રાષ્ટ્રીય પ્રતિનિધિત્વ પૂરું પાડે છે.દેશની આઝાદી પહેલાં, બ્રિટિશ શાસકો ભારતીય ચલણી નોટો પર વસાહતી પ્રતીકો અને અંગ્રેજી શાસનનું પ્રભુત્વ દર્શાવતી છબીઓ છાપતા હતા. આ ઉપરાંત, વસાહતી પ્રતીકો અને વાઘ, હરણ કે સુશોભન હાથીઓ જેવા પ્રાણીઓનાં ચિત્રો પણ કેટલાક ચલણ પર છપાતા હતા.૧૯૪૭ પછી ભારતીય ચલણી નોટોનો દેખાવ ધીમે ધીમે બદલાતો ગયો.શરૂઆતમાં, અશોકની સિંહ રાજધાની અને પ્રખ્યાત ભારતીય સ્થળોની છબીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.સમય જતાં, ભારતે વિજ્ઞાન અને કૃષિમાં જે સિદ્ધિઓ હાંસલ કરી તેનું પ્રતિબિંબ પણ નોટો પર જોવા મળ્યું. દાખલા તરીકે, આર્યભટ્ટ ઉપગ્રહ અને ભારતીય ખેડૂતોની છબીઓ પણ નોટોમાં દર્શાવવામાં આવી હતી.મહાત્મા ગાંધીનો ફોટો સૌપ્રથમવાર ૧૯૬૯માં રૂપિયા પર દર્શાવવામાં આવ્યો હતો. આમ, ભારતીય ચલણ પર ગાંધીજીનો ફોટો માત્ર વ્યક્તિગત પસંદગીનું નહીં, પરંતુ સર્વસંમતિથી લેવાયેલા અને રાષ્ટ્રીય ઓળખને મજબૂત કરતા વ્યૂહાત્મક નિર્ણયનું પરિણામ છે.



## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, કારતક વદ-14

# ડિજિટલ વ્યસનથી મુક્તિ

દારૂ, કોકેઈન, ગાંજો, ચરસ અને એલએસડી જેવી નશાની વસ્તુઓના હવે ઓનલાઈન સોલ્યુશન આવી ગયા છે અને તેનાથી માણસ રિકવર થઈને ફરી પોતાના સામાન્ય જીવનમાં પાછો પણ ફરી શકે છે, પરંતુ હવે લોકોએ માનસિક રાહત માટે એક નવું ડ્રગ શરૂ કર્યું છે, આ ડ્રગનું નામ ડિજિટલ ડ્રગ છે. હાલમાં જ યુવાનોમાં આ ટ્રેન્ડ આટલી હદ સુધી વધી ગયો છે કે, વિશ્વભરના વૈજ્ઞાનિકો તેના પર રિસર્ચ કરી રહ્યા છે. તો ચાલો જાણીએ ડિજિટલ ડ્રગ શું છે અને તે કેવી રીતે કામ કરે છે? જ્યારે કોવિડ-૧૯ કટોકટીએ વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણનો અસરકારક વિકલ્પ પૂરો પાડ્યો, ત્યારે તેણે તેમને ડિજિટલ વ્યસનનો પણ સામનો કરવો પડ્યો. માતાપિતા માનતા હતા કે તેમના બાળકો ઓનલાઈન અભ્યાસમાં વ્યસ્ત છે, પરંતુ તેમાંથી મોટી સંખ્યામાં ઓનલાઈન રમતોના વ્યસની હતા. શીખવાની પદ્ધતિઓ અને જીવનશૈલીમાં તાજેતરના ફેરફારોને કારણે બાળકો વધુને વધુ ડિજિટલ વ્યસની બની રહ્યા છે. જો કે, તેઓ ઘણીવાર આને સામાન્ય માનતા હતા. જો માતાપિતાએ તેમને રોકવાનો પ્રયાસ કર્યો, તો તેઓ કોઈ ઠપકો સહન કરી શક્યા નહીં અને આક્રમક બની ગયા. કેટલાક કિસ્સાઓમાં, માતાપિતાની કડકાઈ પછી વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હોવાના કિસ્સાઓ નોંધાયા હતા. કેરળમાં, પલક્કડમાં માત્ર ચાર વર્ષમાં 41 બાળકોએ આત્મહત્યા કરી હોવાના દુઃખદ સમાચાર, વહીવટ અને માતાપિતાને ચિંતામાં મૂકી દે છે. કેરળ સરકારે બાળકોને ડિજિટલ વ્યસનથી મુક્ત કરવા માટે એક નવી પહેલ શરૂ કરી. પલક્કડમાં છ વ્યસન મુક્તિ કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે, જ્યાં બાળકોને કાઉન્સેલિંગ કરવામાં આવે છે. અહીં મનોવૈજ્ઞાનિકો વ્યસનથી પ્રભાવિત બાળકો માટે ઇન્ટરનેટ વ્યસન પરીક્ષણો કરાવે છે, જે તેમના વ્યસનનું સ્તર નક્કી કરે છે. તેના આધારે, કાઉન્સેલિંગ આપવામાં આવે છે. જ્યારે કેટલીક કસરતો હાથ ધરવામાં આવે છે, ત્યારે તેમને દૂર કરવામાં મદદ કરવા માટે અન્ય સર્જનાત્મક પ્રવૃત્તિઓનો પણ ઉપયોગ કરવામાં આવે છે. દરેક એક કલાકના દસથી પંદર સત્રો હાથ ધરવામાં આવે છે. ચાર કે પાંચ સત્રો પછી સકારાત્મક પરિણામો જોવા મળે છે તે આનંદદાયક છે. હકીકતમાં, ડિજિટલ વ્યસનથી પીડાતા બાળકોને ડિજિટલ વ્યસની હોવાનું સમજાવવું મુશ્કેલ છે. તેઓ ફક્ત સ્વીકારવાનો ઇનકાર કરે છે કે તેઓ કંઈપણ અસામાન્ય કરી રહ્યા છે. તેમના માટે, આ વર્તન સામાન્ય છે. જોકે, કાઉન્સેલિંગ અને વ્યસનમુક્તિ કેન્દ્રમાં થોડા સત્રો પછી, તેઓ સમજે છે કે કંઈક ખોટું છે. ખરેખર, સોશિયલ મીડિયાનું નેટવર્ક આપણા સમાજને એટલી ઝડપથી ઘેરી રહ્યું છે કે બાળકોને ખ્યાલ પણ નથી આવતો કે તેઓ કંઈપણ અસામાન્ય કરી રહ્યા છે. પરિણામે, કિશોરો, જ્યારે રોકવામાં આવે છે, ત્યારે તેઓ આક્રમક વર્તનનો આશરો લે છે. કેટલાક કિસ્સાઓમાં, તેઓ હતાશ પણ થઈ જાય છે અથવા આત્મહત્યાના વિચારો પણ વિકસાવે છે. એ નોંધવું આનંદદાયક છે કે પલક્કડમાં, છેલ્લા બે વર્ષમાં બારસો પચાસ બાળકો ડિજિટલ વ્યસનમાંથી મુક્ત થયા છે. બાળકો માનસિક રીતે સ્વસ્થ અનુભવી રહ્યા છે. ખરેખર, આજે, શાળાઓમાં શિક્ષકો અને માતાપિતાએ અભ્યાસ અને ઇન્ટરનેટના ઉપયોગને સંતુલિત કરવા માટે પ્રયત્નશીલ રહેવાની જરૂર છે. વાસ્તવમાં, આ કટોકટી કેરળના એક જિલ્લા સુધી મર્યાદિત નથી; તે સમગ્ર દેશ માટે કટોકટી છે. કેન્દ્ર સરકાર તાત્કાલિક નીતિ ઘડવાની અને વ્યસનમુક્તિ કેન્દ્રો ખોલવાની જરૂર છે. આ દિશામાં કેન્દ્ર અને રાજ્ય સરકારોના સહયોગથી સકારાત્મક પરિણામો પ્રાપ્ત કરી શકાય છે. આ પ્રયાસમાં સ્વૈચ્છિક સંસ્થાઓ પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

## મારવાડા સમાજનું ગૌરવ

# વર્ષાબેન જેપાર અને સચિનકુમાર પરગડુએ CISFની ટ્રેનિંગ પૂર્ણ કરી

મહેશ એલ. સોની | નખત્રાણા | તા.17



મારવાડા સમાજ તેમજ કચ્છના અબડાસા તાલુકાના કોઠારા ગામ માટે ગૌરવની ક્ષણ છે. સમાજના બે યુવાનો, એક દિકરી અને એક દિકરાએ CISFની કઠિન ટ્રેનિંગ સફળતાપૂર્વક પૂર્ણ કરીને સમાજનું ગૌરવ વધાર્યું છે અને રાષ્ટ્ર સેવા માટે તૈયાર થયા છે.

કચ્છના કોઠારા ગામના દિકરી એવા વર્ષાબેન મોહનભાઈ જેપારે પોતાની કઠોર મહેનતથી CISF ટ્રેનિંગ પૂર્ણ કરીને દિલ્લી મધ્યે પોસ્ટિંગ મેળવી છે. જ્યારે મારવાડા સમાજના દિકરા એવા સચિનકુમાર દેવશીભાઈ પરગડુએ પણ સમાન કઠિન મહેનતથી ટ્રેનિંગ પૂર્ણ કરી ચેન્નઈ મધ્યે પોસ્ટિંગ મેળવી છે. આ બંને યુવાનોએ સરકારી સુરક્ષા બળમાં સ્થાન મેળવીને તેમના માતા-પિતાએ જોયેલા સપનાઓને સાકાર કર્યા છે. તેમની આ સફળતાથી માત્ર પરિવાર જ નહીં, પરંતુ સમગ્ર સમાજ તેમજ કોઠારા ગામમાં ખુશીની અને ગૌરવની લાગણી ખીલી ઉઠી છે.વર્ષાબેન જેપાર અને સચિનકુમાર પરગડુની આ સિદ્ધિ, જે સંઘર્ષની સફળતાનું પ્રતીક છે, તે સમસ્ત મારવાડા સમાજની દિકરા-દિકરીઓ માટે પ્રેરણાદાયક બની રહેશે. યુવા પેઢીને સખત મહેનત અને રાષ્ટ્ર સેવા માટે પ્રોત્સાહિત કરવા બદલ સમાજે ગર્વની લાગણી વ્યક્ત કરી છે.

## સરદાર પટેલની 150મી જન્મજયંતી | શહેર ભાજપ દ્વારા યુનિટી માર્ચનું ઉષ્માભર્યું સ્વાગત

# ચાણસ્મા વિધાનસભા દ્વારા ગંગેટથી ચાણસ્મા સુધી ભવ્ય યુનિટી માર્ચ

નીતિન ઠાકર, ચાણસ્મા | તા.17

દેશના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી ની ઉજવણીના ભાગરૂપે ૧૭-ચાણસ્મા વિધાનસભા દ્વારા એક ભવ્ય યુનિટી માર્ચ (પદયાત્રા) નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રાનો પ્રારંભ ચાણસ્માના ગંગેટ ગામેથી કરવામાં આવ્યો હતો અને તે ચાણસ્માના સરદાર ચોક સુધી યોજવામાં આવી હતી. સરદાર પટેલની દેશપ્રેમની ભાવના અને અખંડ ભારતની મજબૂતાઈના સંદેશને વહેતો કરવા માટે આ યુનિટી માર્ચનું મુખ્ય આકર્ષણ ૧૫૦ ફૂટનો વિશાળ રાષ્ટ્રધ્વજ (તિરંગો) હતો. આ તિરંગા સાથે યોજાયેલી પદયાત્રામાં રાજકીય, ધાર્મિક અને



સ્વૈચ્છિક સંસ્થાઓના અગ્રણીઓ સહિત વિશાળ સંખ્યામાં જનમેદની ઉત્સાહભેર જોડાઈ હતી. પદયાત્રાના વહન દરમિયાન જીતોડા ગામના લોકોએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ઉપરાંત, રોડ પર આવેલ ઘોડા ફાર્મ પાસે ચાણસ્મા શહેર ભાજપ દ્વારા પણ પદયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. યુનિટી માર્ચ ચાણસ્માના સરદાર ચોક ખાતે આવી પહોંચતા નગરજનો દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કિસાન મોરચાના પ્રદેશ અગ્રણી હિતેશભાઈ પટેલ, પાટણ લોકસભાના સાંસદ ભરતસિંહ ડાભી, પૂર્વ ધારાસભ્ય દિલીપજી ઠાકોર સહિતના મહાનુભાવોએ સરદાર પટેલની પ્રતિમાને માલ્યાર્પણ કરીને શ્રદ્ધાંજલિ આપી હતી. આ યુનિટી માર્ચ પદયાત્રામાં પાટણ જિલ્લા ભાજપ પ્રમુખશ્રી રમેશભાઈ સિંધવ સાહેબ, દિનેશભાઈ અનાવાડીયા, શ્રી ભાવેશભાઈ પટેલ, વિનયસિંહ ઝાલા, વિવેકભાઈ પટેલ, દશરથજી ઠાકોર, ચાણસ્મા નગરપાલિકા પ્રમુખ પ્રતીક્ષાબેન પટેલ, ચાણસ્મા શહેર પ્રમુખ જયભાઈ, તાલુકા ભાજપ પ્રમુખ કિરણભાઈ જાની, FRC મેમ્બર શ્રી જિમીભાઈ, મહામંત્રીશ્રી બ્રિજેશ પટેલ, મામલતદાર ગઢવી, તાલુકા વિકાસ અધિકારી બેલાબેન પટેલ, ડીવાયએસપી ડી.ડી. ચૌધરી સહિત ચાણસ્મા વિધાનસભામાં આવતા તમામ શહેર-તાલુકાના પ્રમુખ-મહામંત્રીઓ, સંગઠનના પદાધિકારીશ્રીઓ અને સૌ રાષ્ટ્રપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર આયોજન સરદાર પટેલના એક ભારત, શ્રેષ્ઠ ભારતના વિઝનને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ સાથે સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

# શિણાયના 12થી વધુ સોસાયટીઓના પ્રશ્નો મુદ્દે મ્યુનિસિપલ કમિશ્નરની સમક્ષ લેખિત રજૂઆત



(એજન્સી) ગાંધીધામ | તા.17

ગાંધીધામના શિણાય વિસ્તારમાં આવેલી ૧૨થી વધુ સોસાયટીઓના સ્થાનિક પ્રશ્નોને લઈને તાજેતરમાં શૈલેષભાઈ બારોટ અને દેવેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા ગાંધીધામના મ્યુનિસિપલ કમિશ્નર શ્રી મનીષ ગુરવાનીજી સાહેબની રૂબરૂ મુલાકાત કરી લેખિત રજૂઆત કરવામાં આવી હતી. આ મુલાકાત શનિવાર ૧૫.૧૧ના રોજ થઈ હતી. ૧૪.૧૧.૨૦૨૫ના રોજ આમ આદમી પાર્ટીના પ્રતિનિધિ શ્રી નિલેશભાઈ મહેતાએ પણ આ વિસ્તારની રૂબરૂ મુલાકાત લઈ સોસાયટીઓના આ પ્રશ્નો વિશે સ્થાનિક લોકો સાથે ચર્ચાઓ કરી હતી.

## જોરાવર પેલેસથી સાગ્રોસણા સુધી 8 થી 10 કિલોમીટરની ભવ્ય પદયાત્રા

# પાલનપુરમાં 'સરદાર@150 યુનિટી માર્ચ'

મહેશ સોલંકી | પાલનપુર | તા.17

ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ભારત સરકાર દ્વારા આયોજિત રાષ્ટ્રવ્યાપી અભિયાન 'સરદાર@૧૫૦ યુનિટી માર્ચ' અંતર્ગત આજે પાલનપુર ખાતે જિલ્લા કક્ષાની ભવ્ય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યસભાના સાંસદશ્રી રમીલાબેન બારાના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ પદયાત્રા પાલનપુર વિધાનસભા વિસ્તારની એકતા અને રાષ્ટ્ર પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતીક બની હતી.

આ પદયાત્રાનો પ્રારંભ પાલનપુરના જોરાવર પેલેસથી કરવામાં આવ્યો હતો અને તેની પૂર્ણાહુતિ સાગ્રોસણા ગામ ખાતે કરવામાં આવી હતી. આઠથી દસ કિલોમીટર લાંબી આ પદયાત્રામાં યુવાનો, વિદ્યાર્થીઓ, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને નગરજનો બહોળી સંખ્યામાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. પદયાત્રીઓએ 'એક ભારત, આત્મનિર્ભર ભારત' અને રાષ્ટ્રીય એકતાના સૂત્રોચ્ચાર સાથે પદયાત્રા કરી હતી, જેને નગરજનોએ ઠેર ઠેર ઉષ્માભેર વધાવી હતી. સાગ્રોસણા ખાતે પદયાત્રાની પૂર્ણાહુતિના કાર્યક્રમમાં રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવવા માટે એકતા શપથ લેવામાં આવ્યા હતા અને વંદે માતરમ્નું ગાન કરાયું હતું. આ ઉપરાંત, સમાજમાં પ્રેરણા પૂરી પાડવા માટે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. રાજ્યસભા સાંસદ શ્રીમતી રમીલાબેન બારાએ જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલે રાષ્ટ્રીય એકતાનું જે સ્વપ્ન સાકાર કર્યું હતું, તે આજે પણ દેશની પ્રગતિનો આધારસ્તંભ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, યુનિટી માર્ચ જેવી પ્રવૃત્તિઓ યુવાનોમાં દેશપ્રેમ, શિસ્ત અને રાષ્ટ્રીય જવાબદારીની ભાવના પ્રજ્વલિત કરે છે. પાલનપુરના ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકરે જણાવ્યું હતું કે, સરદાર પટેલના વિચારો અને આદર્શો યુવા પેઢીને રાષ્ટ્ર નિર્માણ માટે પ્રેરિત કરે છે. આ યુનિટી માર્ચ યુવાનોને દેશના ભવિષ્યના કર્ણધાર બનવા માટેનું મહત્વપૂર્ણ માધ્યમ સાબિત થશે. સરદાર પટેલના આદર્શોને યુવાનોમાં પ્રેરિત કરવાના સંકલ્પ સાથે આ આયોજન કરાયું હતું. પદયાત્રા પૂર્વે અને તે દરમિયાન સ્વચ્છતા અભિયાન, વ્યસનમુક્તિ જાગૃતિ શિબિર અને યોગ શિબિર જેવા વિવિધ રચનાત્મક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેનાથી સમાજમાં રાષ્ટ્રભાવના વધુ મજબૂત બની હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ. જે. દવે, નિવાસી અધિક જિલ્લા કલેક્ટરશ્રી સી.પી.પટેલ, પાલનપુર પ્રાંત અધિકારી કમલ ચૌધરી, નગરપાલિકા પ્રમુખ ચીમન સોલંકી સહિત મોટી સંખ્યામાં મહાનુભાવો, આગેવાનો અને સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## મંત્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને

# ડીસામાં 'સરદાર@૧૫૦ યુનિટી માર્ચ' અંતર્ગત ભવ્ય પદયાત્રા

મહેશ સોલંકી | પાલનપુર | તા.17

ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ભારત સરકાર દ્વારા આયોજિત રાષ્ટ્રવ્યાપી અભિયાન 'સરદાર@૧૫૦ યુનિટી માર્ચ' અંતર્ગત આજે ડીસા ખાતે ભવ્ય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના વન અને પર્યાવરણ, વાહનવ્યવહાર અને ક્લાયમેન્ટ ચેન્જ રાજ્યમંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ પદયાત્રામાં તમામ સમાજના લોકોએ ઉત્સાહભેર ભાગ લઈ એકતા અને રાષ્ટ્ર પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતીક બની હતી. દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રનિર્માણમાં સરદાર સાહેબના યોગદાનને બિરદાવવાના ઉદ્દેશ્ય સાથે આ પદયાત્રા યોજાઈ હતી. જેમાં અધિકારીશ્રીઓ, યુવાનો, વિદ્યાર્થીઓ, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને નગરજનો બહોળી સંખ્યામાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ પ્રસંગે મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલે દેશના રજવાડાઓનું વિલીનીકરણ કરીને દેશને એક સૂત્રમાં બાંધવાનું જે ઐતિહાસિક કાર્ય કર્યું, તે પ્રત્યેક ભારતીય માટે પ્રેરણાસ્ત્રોત છે. મંત્રીશ્રીએ યુવા પેઢીને આહ્વાન કરતાં કહ્યું હતું કે, 'યુવા પેઢી દેશના વિકાસની સૌથી મોટી શક્તિ છે. તેમણે સરદાર સાહેબના શિસ્ત, સંકલ્પ, દેશપ્રેમ અને એકતા જેવા મૂલ્યોને જીવનમાં ઉતારી રાષ્ટ્ર નિર્માણમાં મહત્વનો ફાળો આપવો જોઈએ. સરદાર સાહેબના આદર્શો તેમને સાચો માર્ગ બતાવે છે.' તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ પદયાત્રા થકી સમાજમાં રાષ્ટ્રભાવના જાગૃત કરવાની શક્તિશાળી પ્રેરણા છે. ભારતને વધુ સશક્ત અને આત્મનિર્ભર બનાવવા માટે સૌએ સાથે મળીને કામ કરવું જોઈએ.

# આર્મીમેનની દીકરી શિવાની વાઢીયાની અનેરી સિધ્ધી

જૂનાગઢ » જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના અંતરિયાળ ઘેડ વિસ્તારના બાલાગામ ઘેડ ખાતેના ખેડૂત પરિવારની દીકરી કુ. શિવાની વિજયભાઇ વાઢીયાએ સાયન્સ ક્ષેત્રે અસાધારણ સિદ્ધિ હાંસલ કરીને પરિવાર, યુનિવર્સિટી અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. તેમના પિતા વિજયભાઇ વાઢીયાએ સરહદના સિમાડા સાચવવા આર્મીમાં સેવા આપી નિવૃત્ત થયા છે. પિતા પાસેથી મળેલા રાષ્ટ્ર ઉત્થાનની ભાવનાના વારસાને શિવાનીએ વૈજ્ઞાનિક ક્ષેત્રે આગળ વધારવાનું સંધાન કર્યું છે. કુ. શિવાનીએ પોતાની કારકિર્દી લાઇફ સાયન્સમાં નિખારવાનું નક્કી કર્યું. તેમની મહેનતની શરૂઆત સ્નાતક કક્ષાએ જ દેખાઈ હતી, જ્યાં તેમણે આખરી પરીક્ષામાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. આ જ રફતાર તેમણે અનુસ્નાતક કક્ષાએ જાળવીને એમ.એસસી.માં પણ સુવર્ણ ચંદ્રક મેળવી વિદ્યાભ્યાસ માટેની પોતાની તત્પરતા પ્રસ્થાપિત કરી હતી.

# દાહોદ કલેક્ટર કચેરીમાં મોઢવાડિયાની અધ્યક્ષતામાં બેઠક

દાહોદ » દાહોદ કલેકટર કચેરી ખાતે આજે રાજ્યના પ્રભારી મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં પ્રભારી મંત્રીશ્રીએ દાહોદ જિલ્લાના સર્વાંગી વિકાસ, ખાસ કરીને આદિજાતિ લોકોના વિકાસ માટેના કામોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને ઝડપથી અને સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા માટે જિલ્લાના તમામ અમલીકરણ અધિકારીઓને તાકીદ કરી હતી. પ્રભારી મંત્રીશ્રી મોઢવાડિયાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે દાહોદ જિલ્લામાં હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ સુધારવાની તાતી જરૂર છે. આ સંદર્ભમાં તેમણે આદિજાતિ વિસ્તારોમાં રહેલા કુપોષણ, માતા અને બાળકના થતા મૃત્યુદરને ઘટાડવા માટે તાત્કાલિક અને અસરકારક પગલાં લેવા પર ભાર મૂક્યો હતો. તેમણે વેક્સિનેશનની કામગીરી તેમજ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે પણ વિશેષ ધ્યાન આપવાની જરૂરિયાત જણાવી હતી.

# દાહોદમાં મોઢવાડિયાની હાજરીમાં 'સરદાર@૧૫૦' યુનિટી માર્ચ

દાહોદ » ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે આજે દાહોદ શહેરના વિધાનસભા મતવિસ્તારમાં 'સરદાર@૧૫૦: યુનિટી માર્ચ' અંતર્ગત ભવ્ય એકતા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના પ્રભારી મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષ સ્થાને આયોજિત આ કાર્યક્રમમાં મંત્રીશ્રી રમેશભાઈ કટારા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કલેકટરશ્રી યોગેશ નિરગુડેએ સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે મહાનુભાવોનું સ્વાગત પરંપરાગત આદિજાતિ નૃત્ય અને ઢોલ-નગારા-શરણાઈના સથવારે કરવામાં આવ્યું હતું, જેણે કાર્યક્રમને એક અનેરો માહોલ પૂરો પાડ્યો હતો. પ્રભારી મંત્રીશ્રી, મંત્રીશ્રી સહિત ઉપસ્થિત તમામ મહાનુભાવોએ સરદાર સન્માન યાત્રા અંતર્ગત સરદાર પટેલની પ્રતિમાને ફુલહાર ચઢાવી-ફૂલો અર્પણ કરીને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

## 'સ્વદેશી સ્વાવલંબન યાત્રા'નું આયોજન

# દાહોદ જિલ્લામાં ગુંજ્યા 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' ના નારા

દીપક રાવલ, દાહોદ | તા.17

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત અને ગુજરાતની શાન સમા ગૂજરાત વિદ્યાપીઠના ધ્યેયોને મૂર્તિમંત કરવા માટે દાહોદ જિલ્લામાં એક સરાહનીય અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી અને વિદ્યાપીઠના સ્વાવલંબન તથા સ્વદેશીના સંકલ્પો ઉદ્દેશ સાથે તારીખ ૧૦ થી ૧૫ નવેમ્બર દરમિયાન છ દિવસીય 'સ્વદેશી સ્વાવલંબન યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અને સેવકોએ જોડાઈને દાહોદ જિલ્લાના ગામડાઓમાં 'હર ઘર સ્વદેશી, ઘર ઘર



સ્વદેશી' ના નારા ગુંજતા કર્યા હતા. ગૂજરાત વિદ્યાપીઠના ધ્યેયોમાં હંમેશા ગ્રામ્ય સમાજજીવનની પ્રાથમિકતા રહી છે, જેમાં ખેતી, પશુપાલન, સ્વાવલંબન અને પ્રાકૃતિક ચિકિત્સા પદ્ધતિનો સમાવેશ થાય છે. આ ધ્યેયોની પરિપૂર્તિ માટે વિદ્યાપીઠના પૂર્વ કુલાધિપતિ મુરબ્બી નારાયણભાઈ દેસાઈ દ્વારા વર્ષ ૨૦૦૭થી શરૂ કરાયેલી ગાંધી ગ્રામજીવન પદયાત્રાની પરંપરા આજે પણ જીવંત છે.

# પ્રો. નવલ કપૂરિયાની કેન્દ્ર સરકારના IP મિશનમાં વૈજ્ઞાનિક સલાહકાર તરીકે નિમણૂક

નરેન્દ્ર દવે | જૂનાગઢ | તા.17



જૂનાગઢ સ્થિત ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી માટે ગૌરવશાળી સમાચાર છે કે યુનિવર્સિટીના કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટના કાર્યકારી અધ્યક્ષ પ્રો. નવલ કપૂરિયાની કેન્દ્ર સરકારના મહત્વપૂર્ણ હોદ્દા પર નિમણૂક કરવામાં આવી છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળના પેટન્ટ, ડિઝાઈન અને ટ્રેડ માર્ક્સ કંટ્રોલર જનરલના કાર્યાલયે પ્રો. કપૂરિયાને આઈ.પી. મિશન (ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી મિશન) માટે વૈજ્ઞાનિક સલાહકાર તરીકે નિયુક્ત કર્યા છે.

## કિસાન પરિવારની પહેલને કૃષિકારોએ આવકારી

# અમરેલીમાં આજે ખેડૂત હિતેચ્છુ દાતાઓનું પોંખણું

તખુભાઈ સાંડસુર, અમરેલી | તા.17

જગતનો તાત ખેડૂત જ્યારે જ્યારે કુદરતી આપત્તિનો અનુભવ કરે છે, ત્યારે તેને સધિયારો આપનારા દાતાઓ જગતમાં વિરલ હોય છે. તાજેતરમાં ઓક્ટોબર મહિનામાં વરસેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતો દયનીય સ્થિતિનો અનુભવ કરી રહ્યા છે. સરકારી મદદ ઉપરાંત, કેટલાક દિલદાર દાતાઓએ પોતાનો હાથ લંબાવીને ખેડૂતોને જે મોટો સધિયારો આપ્યો છે, તે બદલ અમરેલીનો કિસાન પરિવાર આજે, તારીખ ૧૮ને મંગળવારના રોજ સવારે ૯:૦૦ કલાકે આ મહાનુભાવોના ઋણ અદા કરવા માટે સન્માન કાર્યક્રમ યોજવા જઈ રહ્યો છે. આ સન્માન કાર્યક્રમમાં બે મહાન ખેડૂત હિતેચ્છુ દાતાઓનું અભિવાદન કરવામાંઆવશે, જેમણેઆપત્તિકાળમાં કૃષિ જગતના ઈતિહાસમાં અમરપાને લખાય તેવું કાર્ય કર્યું છે. ખેતી અને ઉદ્યોગ સાથે સંકળાયેલા, જૂનાગઢ જિલ્લાના વતન બાદલપુર અને આજુબાજુના ગામો - પ્રભાતપુર, સેમરાણા, અને શેખડાવદર મળીને કુલ 4 ગામના ખેડૂતોને કમોસમી વરસાદની આપત્તિમાંથી બહાર કાઢવા માટે તેમણે હેક્ટર દીઠ ૧૧,૦૦૦ની સહાય કરી હતી. જ્ઞાતિ, જાતિ અને ધર્મને બાજુ પર મૂકીને ૧૨૦૦ ખેડૂતોને અપાયેલી આ મદદની કુલ રકમ ૨.૨૫ કરોડથી પણ વધારે થાય છે.

# બનાસકાંઠામાં SIR 2025 અંતર્ગત મતદારો માટે 'ચૂનાવ સેતુ' વેબસાઈટ લોન્ચ

(એજન્સી) પાલનપુર | તા.17

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા દેશના ૧૨ રાજ્યોમાં ચાલી રહેલા મહત્વપૂર્ણ મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના મતદારોને તેમની વિગતો આંગળીના ટેરવે ઉપલબ્ધ થાય તે હેતુથી ચૂનાવ સેતુ વેબસાઈટ એક હાથવગા સાધન તરીકે પ્રસ્તુત કરવામાં આવી છે. આ વેબસાઈટ પર મતદારો માત્ર એક ક્લિક પર તેમની જરૂરી વિગતો સરળતાથી જોઈ શકે છે. મતદારોને SIR સંદર્ભે માહિતી અને વિગતો પૂરી પાડવા માટે ચૂંટણી પંચે બનાવેલી chunav setu વેબસાઈટની લિંક: https://chunavsetu-search.gujarat.gov.in/ છે.

## ગાયત્રી શક્તિપીઠ ખાતે 111 પાટલા સાથે

# જૂનાગઢમાં 'સેવાયજ્ઞ' શ્રીમદ્ ભાગવત સપ્તાહનો પ્રારંભ

નરેન્દ્ર દવે | જૂનાગઢ | તા.17

જૂનાગઢ સ્થિત ગિરનાર રોડ પર આવેલા શ્રી ગાયત્રી શક્તિપીઠ ખાતે 'સેવા મારું કર્મ, સેવા મારો ધર્મ'ના સૂત્રને સાર્થક કરતા ચતુર્થ સેવાયજ્ઞરૂપ ૧૧૧ શ્રીમદ્ ભાગવત કથામૃતમ્ નું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી ગાયત્રી શક્તિપીઠ, શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ અને સત્યમ સેવા યુવક મંડળ દ્વારા આયોજિત આ ભવ્ય કથાનો પ્રારંભ તારીખ ૧૨/૧૧/૨૦૨૫ ના રોજ થયો છે, જેની પૂર્ણાહુતિ તારીખ ૧૮/૧૧/૨૦૨૫ ના રોજ કરવામાં આવશે. આ સેવાયજ્ઞમાં કુલ ૧૧૧ પાટલાની સંખ્યા સાથે મોટી સંખ્યામાં યુવાનો, યુવતીઓ તથા આબાલ વૃદ્ધ સૌ કોઈ ભક્તજનો કથા શ્રવણનો લાભ લઈ રહ્યા છે. વ્યાસપીઠ ઉપર વિદ્વાન ભાગવતાચાર્યશ્રી રવિભાઈ દવે બિરાજમાન છે, જેમના મુખારવિંદથી વહેતા શ્રીમદ્ ભાગવત્ કથામૃતમ્ ના પ્રવાહમાં ભાવિકો મોટી સંખ્યામાં ડૂબી રહ્યા છે. કથાના શ્રવણ બાદ રોજ સાંજે સમુહ ભોજન અને ત્યાર પછી સત્સંગનું આયોજન કરવામાં આવે છે, જેનાથી ભક્તજનોને આત્મિક શાંતિ મળી રહી છે. કથા દરમિયાન ગઈકાલે નંદ ઉત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

## પાંચ કુંજ પક્ષીઓને સોલાર આધારિત GPS-GSM ટ્રાન્સમીટરથી ટેગ કરાયા

# રશિયાથી ગુજરાત આવતા કુંજ પક્ષીના સ્થળાંતર પર પ્રથમ રસપ્રદ સંશોધન

કિશોર આર. સોલંકી | જાફરાબાદ | તા.17

ગુજરાતની વાર્તાઓ અને લોકગીતોમાં વણાયેલા કુંજ પક્ષીના સ્થળાંતર પર એક અત્યંત રસપ્રદ અને મહત્વપૂર્ણ સંશોધન તાજેતરમાં પ્રસિદ્ધ થયું છે. શિયાળો ગાળવા માટે હજારોની સંખ્યામાં કચ્છ, નળસરોવર અને થોળ અભ્યારણ્ય સહિત રાજ્યના વિવિધ જળપ્લાવિત વિસ્તારોમાં આવતા કુંજ પક્ષીઓ વસંત અને પાનખર ઋતુમાં રશિયાથી ગુજરાત વચ્ચે કઈ રીતે અનુકૂલન સાધી સ્થળાંતર કરે છે,



તેના પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ સંશોધન વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયાના પીએચ. ડી. સ્કોલર હરીન્દ્ર એલ. બારૈયાની આગેવાની હેઠળ કરવામાં આવ્યું હતું, જેને ગુજરાત વન વિભાગ અને પાવરગ્રીડ દ્વારા સહયોગ મળ્યો હતો. આ સંશોધન માટે નળસરોવર અને થોળ અભ્યારણ્યમાં આવેલા પાંચ કુંજ પક્ષીઓને સોલાર આધારિત જીપીએસ-જીએસએમ ટ્રાન્સમીટરથી ટેગ કરવામાં આવ્યા હતા. ૨૦૨૦ થી ૨૦૨૩ સુધીના ત્રણ વર્ષના વૈજ્ઞાનિક ડેટાનું પૃથક્કરણ કરીને ૪૦,૩૩૬ જીપીએસ પોઈન્ટ્સ આધારિત આ સંશોધનપત્ર તૈયાર કરવામાં આવ્યું છે. ત્રણ વર્ષમાં પાંચ કુંજ પક્ષીઓના નવ સ્થળાંતરનો ટ્રેકિંગ અભ્યાસ સેન્ટ્રલ એશિયન ફ્લાયવેમાં સ્થળાંતરસમય, માર્ગો, સ્ટોપઓવર વિસ્તારો અને નિવાસસ્થાનની પસંદગી અંગે મહત્ત્વપૂર્ણ માહિતી પૂરી પાડે છે. આ સંશોધનને ગૌરવ શીરોલાનો સહયોગ અને અંજુ બારોઠ તેમજ આર. સુરેશકુમારનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. જીપીએસ ડેટાએ એક અત્યંત રસપ્રદ હકીકત સાબિત કરી બતાવી છે. પક્ષીઓમાં પણ 'નોટેમ' જેવું સેન્સ હોય છે!

# વાવ-થરાદના ખોરડા ખાતે ૫૯૦ વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષા અને AI યુગના જોબ માર્કેટ પર પરિસંવાદ

પાલનપુર | બનાસકાંઠા જિલ્લાના વાવ-થરાદ વિસ્તારના ખોરડા ખાતે આવેલ એ.પી. ત્રિવેદી શૈક્ષણિક સંકુલ અને બનાસકાંઠા જિલ્લા રોજગાર કચેરીના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે એક મહત્વપૂર્ણ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં આગામી સ્પર્ધાત્મક પરીક્ષાઓ, ભવિષ્યમાં આવનારી ટેક્નોલોજી અને જોબ માર્કેટ તેમજ જુદા જુદા સ્કીલ બેઝ ઉદ્યમો જેવા વિષયો પર વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં કુલ ૫૯૦ જેટલા વિદ્યાર્થીઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા જિલ્લા રોજગાર અધિકારીશ્રી મુકેશ પ્રજાપતિએ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી વિશે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડયું હતું.

## 19મો ગુજરાત વ્હેલ શાર્ક દિવસ-2025

# આજે માંગરોળ ખાતે વ્હાલી દીકરીના સવર્ધન કાર્યક્રમો યોજાશે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ | તા.17

વિશ્વની સૌથી મોટી અને ગુજરાતનું ગૌરવ ગણાતી દુર્લભ પ્રજાતિની માછલી વ્હેલ શાર્કના સંરક્ષણ અને સવર્ધનના મહત્વને ઉજાગર કરવા માટે ગુજરાત વ્હેલ શાર્ક દિવસ-2025 અંતર્ગત 19મો મહોત્સવ આજે જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે ઉજવવામાં આવશે. સોમનાથ કોમ્યુનિટી હોલ ખાતે તા.20/11ના રોજ સવારે 11થી12 વાગ્યા દરમિયાન આ કાર્યક્રમ યોજાશે. સમગ્ર રાજ્યમાં દરિયા કિનારાના જિલ્લાઓના સાગરકાંઠાના ગામોમાં આ ઉત્સવ દર વર્ષે કારતક વદ અમાસે પ્રોત્સાહન અને જાગૃતિના ભાગરૂપે મનાવવામાં આવે છે. વ્હેલ શાર્કને 'વ્હાલી દીકરી' સમજીને તેના સહિયારા પ્રયાસથી બચાવવા માટે રાજ્યના તત્કાલીન વનમંત્રી મંગુભાઈ પટેલે 2007ની કારતક વદ અમાસથી વ્હેલ શાર્ક દિવસ મનાવવાની શરૂઆત કરી હતી. છેલ્લા 20 વર્ષોમાં વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા અને ગુજરાત વન વિભાગના સહયોગથી થયેલા સંરક્ષણ અભિયાનને કારણે અત્યાર સુધીમાં 1000 જેટલી વ્હેલ શાર્ક માછલીઓ કે જે આકસ્મિક રીતે માછીમારોની જાળમાં ફસાઈ ગઈ હતી, તેમને મુક્ત કરવામાં આવી છે. માછીમારોએ પોતાની કિંમતી જાળી કાપીને તેનું રેસ્ક્યુ કર્યું હતું અને તેને ફરી દરિયામાં જીવતદાન આપીને વહેતી કરી હતી. વ્હેલ શાર્ક વિભાગના ફારૂક બ્લોચે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, વિશ્વની સૌથી મોટી માછલી અને ગુજરાત રાજ્યના ગૌરવ વ્હેલ શાર્કના સંરક્ષણ-સવર્ધન માટે પ્રસિદ્ધ કથાકાર મોરારીબાપુએ પણ અપીલ કરેલ છે.

# દિવ્યાંગો, સિનિયર સીટીઝન અને વિચરતી તથા વિમુક્ત જાતિ માટે જિલ્લાવાર કેમ્પ યોજાશે

(એજન્સી) ગાંધીનગર | તા.17

સમગ્ર ગુજરાત રાજ્યમાં હાલમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ પૂરજોશમાં ચાલી રહી છે, જેનો ગણતરીનો તબક્કો ૪થી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. આ મહત્ત્વપૂર્ણ પ્રક્રિયામાં તમામ નાગરિકોનો અપ્રતિમ સહકાર મળી રહ્યો છે, ત્યારે રાજ્ય ચૂંટણીપંચે એક સહાયક અભિગમ અપનાવ્યો છે. ચૂંટણીપંચ દિવ્યાંગજનો, સિનિયર સિટીઝન તથા વિચરતી અને વિમુક્ત જાતિના લોકોને એનુમરેશન ફોર્મ ભરવામાં કોઈ મુશ્કેલી ન પડે તેની ખાસ દરકાર લઈ રહ્યું છે. આ વિશિષ્ટ સમુદાયોની સવલત માટે સહાયક અભિગમ દર્શાવતા મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી હારીત શુક્લાએ તમામ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓને પત્રના માધ્યમથી ખાસ અનુરોધ કર્યો છે.જિલ્લા ચૂંટણી અધિકારીઓને સ્થાનિક કક્ષાએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સાથે સંકલન સાધીને આ સમુદાય માટે વિશિષ્ટ કેમ્પનું આયોજન કરવા જણાવાયું છે. કેમ્પની સુચારુ વ્યવસ્થા માટે જિલ્લા કક્ષાએ નિમાયેલા નોડલ અધિકારીશ્રી અને નોડલ એજન્સીના સંપર્કમાં રહેવા તથા નાગરિકોને આ કેમ્પ બાબતે આગોતરી જાણ કરવા માટે પણ નિર્દેશ આપવામાં આવ્યો છે. ચૂંટણીપંચનું મુખ્ય ધ્યેય છે કે, 'પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય' અને 'પાત્રતા ન ધરાવતા મતદાર સામેલ ન થાય'. આ ઝુંબેશ દ્વારા દિવ્યાંગજનો, સિનિયર સિટીઝન અને વિચરતી તથા વિમુક્ત જાતિના લોકો માટે મતદાર યાદીમાં નામ નોંધાવવું કે સુધારાવું એકદમ સરળ બની રહેશે.

## ગાંધીનગરમાં સી.એમ. ફેલોશીપ યુવાઓનો એક દિવસીય વર્કશોપ સંપન્ન

(એજન્સી) ગાંધીનગર | તા.17

ગુજરાત રાજ્યની પ્રશાસનિક વ્યવસ્થાઓમાં પરિવર્તનકારી બદલાવો લાવીને સામાન્ય માનવીની સુવિધા, સુખાકારીના કામો અને ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વધુ સંગીન બનાવવાની નેમ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વ્યક્ત કરી છે. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટ કર્યું કે, યુવાશક્તિના જ્ઞાન, કૌશલ્ય અને વરિષ્ઠ સચિવોના અનુભવના સમન્વયથી આ નેમ સાકાર કરવી છે. મુખ્યમંત્રીશ્રી સી. એમ. ફેલોશીપ અંતર્ગત પસંદગી પામેલા અને રાજ્ય શાસનમાં વિવિધ વિભાગોમાં કાર્યરત ૨૪ સી.એમ. ફેલોના એક દિવસીય વર્કશોપનો પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા.

### વહીવટી તંત્ર અને પોલીસની મદદથી પદયાત્રા ભવ્ય બની

# ગળતેશ્વરમાં ઠાસરા વિધાનસભાની ભવ્ય યુનિટી માર્ચ પદયાત્રા યોજાઈ

અશેષ વ્યાસ, ખેડા | તા.17



ભારતને એક કરનાર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે કેન્દ્ર સરકારે 'સરદાર @૧૫૦' તરીકે આ વર્ષની ભવ્ય ઉજવણીની જાહેરાત કરી છે. આ ઐતિહાસિક ઉજવણીના ભાગરૂપે, ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકામાં ઠાસરા વિધાનસભા ક્ષેત્રની યુનિટી માર્ચ પદયાત્રાનું ભવ્ય આયોજન થયું હતું.

આ પદયાત્રાનો પ્રારંભ વણાકબોરી થર્મલ ખાતે સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, લગભગ નવ કિલોમીટરનું અંતર કાપીને આ એકતા યાત્રા સેવાલિયા ખાતેની સરદાર સાહેબની પ્રતિમાએ પહોંચી હતી. આ યાત્રા ખરેખર સર્વ સમાજને જોડતી સાબિત થઈ હતી અને ભાજપ સંગઠન તેમજ સ્થાનિક વહીવટી તંત્રના સંયુક્ત પ્રયાસથી તે ધાર્યા કરતાં પણ વધુ સફળ અને ભવ્ય બની હતી.

આ ભવ્ય કાર્યક્રમનો પ્રારંભ ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી રમણભાઈ સોલંકીએ કરાવ્યો હતો. તેમની સાથે ઠાસરા વિધાનસભાના ધારાસભ્ય શ્રી યોગેન્દ્ર સિંહ પરમાર, ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ શ્રીમતી નયનાબેન પટેલ અને આ કાર્યક્રમના ઈનચાર્જ શ્રી વિનુભાઈ પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ મહાનુભાવોએ માત્ર હાજરી આપી નહોતી, પરંતુ સમગ્ર નવ કિલોમીટરની પદયાત્રામાં પગપાળા ચાલીને પદયાત્રીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ આગેવાનોની ઉપસ્થિતિએ એકતા યાત્રાના મૂળભૂત હેતુને વધુ મજબૂત બનાવ્યો હતો.

## ન્યૂઝ ઈન બૉક્સ

### રાજુલાના મોટા આગારીયા ગામે 6 સિંહોનું ટોળું ઘૂસતાં ફિલ્મી દ્રશ્યો સર્જાયા

કિશોર આર.સોલંકી, જાફરાબાદ | અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોટા આગરીયા ગામમાં ગત મોડી રાતે દિલધડક દ્રશ્યો સર્જાયા હતા. ૬ જેટલા સિંહોનું ટોળું ગામમાં ઘૂસી જતાં આખા ગામમાં ભયનો માહોલ ફેલાયો હતો. જાણે કે સિંહોએ ગામને બાનમાં લીધું હોય તેમ, શિકાર કરવા માટે દોટ મૂકતા દૂધાળા પશુઓ અને શ્વાન જીવ બચાવવા નાસભાગ કરવા લાગ્યા હતા. મધરાતે સિંહોના ટોળાએ ગામમાં પ્રવેશ કર્યો હતો અને ગલી ગલીમાં ઘૂસી જઈને પશુઓ અને શ્વાન પાછળ દોટ મૂકી હતી. ગાય, આખલા સહિતના વિવિધ પશુઓનો શિકાર કરવા સાવજોએ પશુઓને દોડાવ્યા હતા. મોટા આગરીયા ગામની શેરીઓમાં સિંહો અને પશુઓ વચ્ચે જાણે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. આ નાસભાગ દરમિયાન દોડતા દોડતા પશુઓ અને શિકાર પાછળ દોટ મૂકેલા સિંહો રાજુલા-સાવરકુંડલા હાઈવે પર પહોંચી ગયા હતા. જેના કારણે તે સમયે પસાર થઈ રહેલા વાહન ચાલકો પણ સિંહોને જોઈને થંભી ગયા હતા. આટલી ગંભીર ઘટના બની હોવા છતાં, આ વિસ્તારમાં શેત્રુંજી ડિવિઝન વનવિભાગના પેટ્રોલિંગનો અભાવ જોવા મળ્યો હતો, જેને કારણે ગ્રામજનોમાં વન વિભાગ પ્રત્યે ભારે આક્રોશ છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે જ્યારે સિંહો ગામમાં ઘૂસી ગયા, ત્યારે વન વિભાગનો સ્ટાફ ક્યાં હતો?

### જામનગરમાં સિપાહી સમાજનો ભવ્ય રાજ્ય કક્ષાનો ભવ્ય સન્માન સમારંભ યોજાયો

જામનગર | ગુજરાત સહિત સમગ્ર વિશ્વમાં વસતા ઈમાનદાર, વફાદાર અને શાંતિપ્રિય એવા રાષ્ટ્રવાદી સિપાહી સમાજ ની ગૌરવશાળી પરંપરાને આગળ ધપાવતાં, જામનગર શહેર સિપાહી સમાજ દ્વારા ધીરુભાઈ અંબાણી ચેમ્બર ઓફ કોમર્સ હોલ, જામનગર ખાતે રાજ્ય કક્ષાનો વિદ્યાર્થી સન્માન અને ભવ્ય એવોર્ડ અભિવાદન સમારંભ યોજાયો હતો. રાજ્યભરના 150 થી વધુ પ્રતિભાશાળી વિદ્યાર્થી ઓને મંચ પર સન્માનિત કરી તેમના ભાવિ સફળતાની શુભેચ્છા આપવામાં આવી હતી. સાથે જ સમાજની સેવા માટે જીવન સમર્પિત કરનાર વડીલોને 'સિપાહી રત્ન એવોર્ડ' અને સમાજને વિવિધ ક્ષેત્રમાં ગૌરવ અપાવનાર વડીલો, બહેનો અને યુવાનોને 'સિપાહી ગૌરવ એવોર્ડ'થી નવાજવામાં આવ્યા હતા. આ ભવ્ય કાર્યક્રમનું માર્ગદર્શન જાણીતા TV મીડિયા જર્નાલિસ્ટ અને અખિલ ગુજરાત સિપાહી સમાજના ટ્રસ્ટી જનાબ હનીફ ખોખરે સંભાળ્યું હતું. સમારંભનું ઉદઘાટન મનપા ના કોર્પોરેટર અને સંજરી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અલ્તાફભાઈ ખફી એ કર્યું હતું.



### આણંદના ખેડૂતે હળદરની ખેતીમાં એક વિઘે રૂ. ૮૦,૦૦૦નો ચોખ્ખો નફો મેળવ્યો

આણંદ » આણંદ જિલ્લાના ઈસરામા ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી દિપકભાઈ છગનભાઇ પટેલે છેલ્લા પાંચ વર્ષથી પ્રાકૃતિક ખેતી અપનાવીને સફળતાની નવી ગાથા લખી છે. પ્રાકૃતિક ખેતીના વિવિધ ઘટકો જેમ કે જીવામૃત, ઘનજીવામૃત અને બીજામૃતનો અસરકારક ઉપયોગ કરીને દિપકભાઈ તેમના ખેતરમાં હળદર, તુવેર, મરચાં અને કાકડી જેવા પાકો ઉગાડે છે. વર્ષ ૨૦૨૦ દરમિયાન તેમણે પોતાના ખેતર પર સંપૂર્ણપણે પ્રાકૃતિક રીતે હળદરનો પાક ઉગાડ્યો હતો. આમ, પ્રાકૃતિક રીતે હળદરની ખેતીમાં તેમણે એક વિઘે આશરે ૮૦ હજારનો શુદ્ધ નફો મેળવ્યો હતો. ચાલુ વર્ષે તેમણે ફરી એક વિઘામાં હળદરની ખેતી કરી છે, જેમાંથી તેમને અંદાજે રૂ. ૩ લાખ જેટલી આવક થવાની આશા છે. બાગાયત વિભાગ તરફથી ખેડૂતશ્રી દીપકભાઈને હળદરના પ્રોસેસિંગ સાધનો માટે રૂ. ૪૨,૦૦૦ની સહાય અને ચાલુ વર્ષે શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૯,૬૦૦ની વધારાની સહાય આપવામાં આવેલ છે. આ સહાયોથી પ્રાકૃતિક ખેતીને વધુ ગતિ મળી છે. દિપકભાઇ પટેલ અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ આપીને જમીનની ફળદ્રુપતા વધારવા અને દવામુક્ત પાક ઉગાડવા માટે પ્રોત્સાહન આપે છે.

### સરદાર@150 : પેટલાદ વિધાનસભામાં એકતા પદયાત્રાનું ભવ્ય આયોજન

આણંદ » અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના અવસરે સમગ્ર રાષ્ટ્રમાં રાષ્ટ્રીય પદયાત્રા યોજાવાની છે, તેના ભાગરૂપે આણંદ જિલ્લાની પેટલાદ વિધાનસભામાં ભવ્ય એકતા પદયાત્રા યોજાઈ હતી. રાજ્યના નાણાં મંત્રી શ્રી કમલેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આ પદયાત્રાનો પેટલાદની એન.કે.હાઈસ્કૂલ ખાતેથી પ્રારંભ થયો હતો અને તે રણછોડરાય મંદિર ચોકડી, શાહપુર થઈને સુંદરણા ગામ ખાતે સમાપન પામી હતી. મંત્રી શ્રી કમલેશભાઈ પટેલે પદયાત્રીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, સરદાર પટેલના માદરે વતનમાંથી આ એકતા પદયાત્રા યોજાઈ રહી છે, ત્યારે દેશની એકતા અને અખંડિતતાના તેમના સ્વપ્નને સાચા અર્થમાં ભાવાંજલિ અર્પણ કરવામાં આવી છે. મંત્રીએ સરદાર પટેલના આઝાદીના યોગદાનથી લઈને ચરોતર પ્રદેશમાં શરૂ કરાયેલ શૈક્ષણિક સંસ્થાઓ અને સહકારી કાર્યોનું વર્ણન કર્યું હતું. તેમણે વર્ષ ૧૯૪૮માં નર્મદા નદી પરના ડેમ અને સાંસ્કૃતિક ધરોહર એવા સોમનાથ મંદિરના જીર્ણોધ્ધાર સહિતના કાર્યોનો પણ ઉલ્લેખ કર્યો હતો.

## આણંદમાં આરટીઓ દ્વારા પસંદગીના નંબરનું ઓનલાઈન રી-ઓક્શન શરૂ

આણંદ | એ.આર.ટી.ઓ.કચેરી, આણંદ દ્વારા મોટરીંગ પબ્લીકની સગવડતા માટે પસંદગી નંબરનું ઓનલાઈન REAUCTION શરૂ કરવામાં આવેલ છે. જેમાં M/CYCLE ની GJ23- CA થી CJ શરૂ કરવામાં આવી છે. 3W- પેસેન્જર તેમજ ગુડ્ઝ પ્રકારના વાહન માટે GJ-23-AU,AY,AX અને GJ-23-AW,AT,AY સીરીઝ શરૂ કરવામાં આવી છે. પસદગી નંબર મેળવવાની ઈચ્છા ધરાવનાર વાહન માલીકોએ તેઓના વાહનની રજીસ્ટ્રેશન ફી ભરપાઈ કર્યા પછી ઓનલાઈન http://parivahan.gov.in/fancy વેબ લિંક પરથી AUCTION માં ભાગ લઈ શકશે. તા.૨૨/૧૧/૨૦૨૫ સમય 4:00 PM થી તા.૨૪/૧૧/૨૦૨૫ સમય 4:00 PM સુધી AUCTION માટે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે અને એપ્લીકેશન કરવાની રહેશે.

### 'મિશન મંગલમ' થકી મહિલાઓ બની 'આત્મનિર્ભર ગુજરાત'નો આધાર

# ગાંધીનગર મેટ્રો સ્ટેશનના કેન્ટીનથી વાર્ષિક રૂ. 6 લાખની આવક

(એજન્સી) ગાંધીનગર | તા.17



ગુજરાત સરકારની મહત્વાકાંક્ષી 'મિશન મંગલમ' યોજના લાખો ગ્રામીણ અને શહેરી ગરીબ મહિલાઓના જીવનમાં આર્થિક આત્મનિર્ભરતા અને મહિલા સશક્તીકરણ પ્રત્યેના રાજ્ય સરકારના મજબૂત સંકલ્પનું જીવંત ઉદાહરણ બની છે. આ યોજના થકી અનેક મહિલાઓ 'આત્મનિર્ભર ગુજરાત' અને 'હર ઘર સ્વદેશી'નો સંકલ્પ સાકાર કરી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારના પ્રોત્સાહનથી, ગાંધીનગર મેટ્રો સ્ટેશન, સેક્ટર-૧ ખાતે સંચાલિત 'મંગલમ કેન્ટીન' મહિલા સ્વ-રોજગારનું ઝળહળતું ઉદાહરણ બન્યું છે. આ યોજનાની સાર્થકતા ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના શ્રીમતી પુષ્પાબેન પરમાર અને કલોલ તાલુકાના શ્રીમતી વૈશાલીબેન રાઠોડ જેવી હજારો મહિલાઓના જીવનમાં જોઈ શકાય છે. પુષ્પાબેન 'જય ચામુંડા' ગ્રુપ સાથે જોડાયા હતા. રાજ્ય સરકારે મિશન મંગલમ દ્વારા સખી મંડળને મજબૂત પ્લેટફોર્મ આપીને બેંક સાથે જોડાણ કરાવ્યું, જેથી ધિરાણ સરળ બન્યું. પુષ્પાબેને પ્રથમ રૂ. ૦૧ લાખ અને બીજીવાર રૂ. ૦૪ લાખની લોન મેળવી. ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપનીના માર્ગદર્શનથી, પુષ્પાબેન અને વૈશાલીબેને સાથે મળીને ગાંધીનગર સેક્ટર-૦૧ મેટ્રો સ્ટેશન ખાતે કેન્ટીન બનાવી પોતાનો સ્વ-ઉદ્યોગ શરૂ કર્યો. આજે પુષ્પાબેનનું સખી મંડળ વાર્ષિક અંદાજે રૂ. ૬ લાખ સુધીની આવક મેળવી રહ્યું છે. આ સફળતા તેમના પરિવારો માટે ગૌરવ અને આર્થિક સુરક્ષા લઈને આવી છે. મંગલમ કેન્ટીનમાં સવારે ૮ થી સાંજે ૭.૩૦ વાગ્યા સુધી ગરમ થેપલા, આલુ પરાઠા, મેગી, પૌંઆ, સમોસા અને ઢોકળા જેવા નાસ્તા પીરસવામાં આવે છે. આ બંને બહેનો દ્વારા કેન્ટીનમાં તમામ વસ્તુઓ તાજી અને શુદ્ધ સીંગતેલથી જ બનાવવામાં આવે છે, જે ગ્રાહકોમાં આકર્ષણનું મુખ્ય કેન્દ્ર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મિશન મંગલમ હેઠળ અત્યાર સુધીમાં લાખો સખી મંડળોએ હજારો કરોડ રૂપિયાનું ધિરાણ મેળવીને આત્મનિર્ભરતા તરફ કદમ માંડ્યા છે. જ્યારે રાજ્ય સરકાર મહિલાઓને કેન્દ્રમાં રાખીને નક્કર નીતિઓ અમલમાં મૂકે છે, ત્યારે સામાજિક અને આર્થિક પરિવર્તનની લહેર સમગ્ર રાજ્યમાં જોવા મળે છે.

# ભારત પર્વ મંચ દ્વારા દેશનો સમૃદ્ધ વારસો ઉજાગર કરી રહી છે તેલંગાણાની ચેરિયાલ ચિત્રકાર

(એજન્સી) ગાંધીનગર | તા.17




રાષ્ટ્રના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીના ભવ્ય અવસર નિમિત્તે એકતા નગર ખાતે સ્થિત વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઑફ યુનિટી'ના પરિસરમાં 'ભારત પર્વ ૨૦૨૫'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ભારત સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત સહયોગથી યોજાયેલો આ જીવંત ઉત્સવ ભારતની વૈવિધ્યસભર સંસ્કૃતિ, કલા અને હસ્તકલાને ઉજાગર કરીને દેશની 'અનેકતામાં એકતા'ની ભાવનાની ઝલક સમગ્ર વિશ્વ સમક્ષ રજૂ કરે છે. આ પર્વમાં વિવિધ પ્રાંતો દ્વારા પોતાના વિશિષ્ટ વારસાનું પ્રદર્શન જોવા મળી રહ્યું છે, જેમાં તેલંગાણાની અનોખી ચેરિયાલ પેઈન્ટિંગ્સ દર્શાવતો સ્ટોલ તેના જીવંત રંગો, અદ્ભુત કથાઓ અને સદીઓ જૂના ઈતિહાસ માટે મુલાકાતીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

તેલંગાણાની ૨૪ વર્ષીય ચેરિયાલ કલાકાર સી.એચ. વંશિથા અને તેમની માતા આ પ્રાચીન કળાને સાચવવાના અને તેના દ્વારા તેમના પ્રાંતની સંસ્કૃતિની સદીઓ જૂની વાર્તાને રજૂ કરવાના મિશન પર છે. એકતા નગર ખાતે આયોજિત ભારત પર્વના માધ્યમથી તેઓ આ મહત્વપૂર્ણ મિશનને આગળ ધપાવી રહ્યા છે. ચેરિયાલ કળા એ તેલંગાણાના ચેરિયાલ ગામની એક પરંપરાગત સ્ક્રોલ પેઈન્ટિંગ શૈલી છે. આ જીવંત અને જટિલ કથાત્મક ચિત્રોમાં હિન્દુ પૌરાણિક કથાઓ, લોકકથાઓ અને ગ્રામીણ જીવનના દ્રશ્યોનું નિરૂપણ કરવામાં આવે છે.

### સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યમાં

# સૌ પ્રથમ વખત નેશનલ કક્ષાની 'ધ યુનિટી ટ્રેઈલ' સાઈક્લોથોન યોજાઇ

(એજન્સી) એકતાનગર, નર્મદા | તા.17



નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે વિશ્વવિખ્યાત સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યમાં સૌ પ્રથમ વખત 'ધ યુનિટી ટ્રેઈલ' શીર્ષક હેઠળ બે દિવસીય રાષ્ટ્રીય સ્તરની સાયકલિંગ ઈવેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના પ્રવાસન, રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા સાયકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ સ્પર્ધામાં દેશભરના સાઈક્લિસ્ટોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ સાઈક્લોથોનમાં દેશના ૨૧ રાજ્યોમાંથી ૧૬૦ કરતાં વધુ સાઈક્લિસ્ટો જોડાયા હતા, જેમાં ૧૨૧ પુરૂષ અને ૩૯ મહિલા સાયક્લિસ્ટનો સમાવેશ થાય છે. આ સ્પર્ધામાં પ્રોફેશનલ સાઈક્લિસ્ટો સાથે ઈન્ડિયન રેલવે અને ઈન્ડિયન એરફોર્સના સાઈક્લિસ્ટ પણ સામેલ થયા હતા. કાર્યક્રમના પ્રથમ દિવસે, રવિવારે, ગુજરાત સરકારના પ્રવાસન, રમત-ગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજ્ય મંત્રીશ્રી ડૉ. જયરામ ગામીતે લીલી ઝંડી આપીને ૫ કિમીની સાઈક્લોથોનનો પ્રારંભ કરાવ્યો હતો, જેમાં ૬૫૦થી વધુ સાઈક્લિસ્ટોએ ભાગ લીધો હતો. બીજા દિવસે, સોમવારે, મુખ્ય સ્પર્ધા યોજાઈ હતી.

### યુવાઓમાં દેશપ્રેમ, શિસ્ત અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીની ભાવના પ્રજ્વલિત

# ભાવનગર ખાતે 'સરદાર@150 : યુનિટી માર્ચ'માં રાષ્ટ્રીય એકતાનો ગુંજ

(એજન્સી) ભાવનગર | તા.17



અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીની ભવ્ય ઉજવણીના રાષ્ટ્રવ્યાપી અભિયાન અંતર્ગત, આજે ભાવનગર ખાતે જિલ્લા કક્ષાની ભવ્ય સરદાર@૧૫૦ યુનિટી માર્ચ' યોજાઈ હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આયોજિત આ પદયાત્રાને પ્રવક્તા અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી નીમુબેન બાંભણિયા અને પ્રભારી મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ પ્રસ્થાન કરાવ્યું હતું. ભાવનગર પશ્ચિમ વિસ્તારના જશોનાથ સર્કલથી મસ્તરામ મંદિર સુધી યોજાયેલી લગભગ આઠથી દસ કિલોમીટર લાંબી આ પદયાત્રા રાષ્ટ્ર પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતીક બની હતી, જેમાં બહોળી સંખ્યામાં યુવાનો, વિદ્યાર્થીઓ અને નગરજનો ઉત્સાહપૂર્વક સહભાગી થયા હતા.

મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ અવસરે જણાવ્યું હતું કે, સરદાર પટેલે રાષ્ટ્રીય એકતાનું જે સ્વપ્ન સાકાર કર્યું હતું, તે આજે પણ દેશની પ્રગતિનો આધાર સ્તંભ છે. તેમણે ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીના અમૂલ્ય યોગદાનનું સ્મરણ કર્યું. મંત્રીશ્રીએ જણાવ્યું કે, સરદાર સાહેબે દેશની એકતા માટે કરેલા આહ્વાનને ઝીલીને ભાવનગરના નેકનામદાર શ્રી કૃષ્ણકુમારસિંહજીએ દેશને પ્રથમ રજવાડું અર્પણ કર્યું હતું. આ ત્યાગની ભાવનાને યાદ રાખીને દરેક નાગરિકે એક ભારત શ્રેષ્ઠ ભારત બનાવવા માટે પોતાનો અમૂલ્ય ફાળો આપવો જરૂરી છે. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં યુનિટી માર્ચ જેવી પ્રવૃત્તિઓ યુવાઓમાં દેશપ્રેમ, શિસ્ત અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીની ભાવના પ્રજ્વલિત કરે છે. મંત્રીશ્રીએ સરદાર પટેલના દ્રઢ નિશ્ચયનું સ્મરણ કરતા કહ્યું કે, પાડોશી દેશના મલીન ઈરાદાઓને નેસ્તનાબૂદ કરનાર સરદારના અડગ વલણને યાદ કરીને આપણે દેશની રક્ષા અને સાર્વભૌમત્વ જાળવવું પડશે.પદયાત્રામાં વિશેષરૂપે ગુજરાતના લોકસાહિત્યકાર માયાભાઈ આહિર, રાજભા ગઢવી, કિર્તીદાન ગઢવી, સાગરદાન ગઢવી અને પરેશદાન ગઢવી ઉપસ્થિત રહીને રાષ્ટ્રીય એકતાના આ અવસરને વધુ ગૌરવપૂર્ણ બનાવ્યો હતો.

# જેના જીવનનું ધ્યેય પરમાત્મા બની જાય છે એને દુન્વીય સુખ દુઃખ,લાભની પડી નથી



ભક્ત અને ભગવાન

- રુપાલી દવે

સત કી નાવ ખેવટિયા સતગુરુ,
ભવસાગર તર આયો|
મીરા કે પ્રભુ ગિરધર નાગર
હર્ષ હર્ષ જશ ગાયો ||
મીરાંબાઈ.

ભક્તિ નો રંગ લાગવો એ સામન્ય વાત નથી જેના પર પૂર્ણ પરમાત્મા કૃપા કરે છે એને જ ભગવાન ની ભક્તિ માં સુખ આનંદ મળે છે. લોકો ભલે હાંસી ઉડાવે પણ ભક્ત ને મન એનો આનંદ ભક્તિ રસ માં તરબોળ થઈ ને "મેરે તો ગિરિધર ગોપાલ દૂસરો ન કોઈ.." માંજ આનંદ આવે છે. જેના જીવન નું ધ્યેય પરમાત્મા બની જાય છે એને દુન્વીય સુખ દુઃખ,લાભ ગેરલાભ,ન્યાય અન્યાય, માન સન્માન વગેરે ની પડી નથી હોતી.શેરી માં અંધ ભિખારી હાથ માં મંઝિરા લઈને કૃષ્ણ સ્મરણ માં ભજન ગાઈ ને ફરતો હતો.ભાખરી નિયમિત આ શેરી માં અગિયારસ અને પૂનમ માં આવીને ભજન ગાતો હતો. શેરી ના લોકો ભિખારીના ખંભા માં લટકતી થેલી માં અનાજ અને રોકડ રૂપિયા નાખતા હતા.અંધ ભિખારી નો અવાજ એટલો કર્ણપ્રિય હતો કે ભજન સાંભળતા જ શેરી ના લોકો ને મંત્ર મુગ્ધ થઈ જતા હતા.આ શેરી માં માલતુજાર સંગીતકાર રહેવા આવ્યા.દેશ દુનિયામાં એના કોન્સર્ટ માં લોકો લાખો રૂપિયા ખર્ચી નાખતા હતા. સંગીતકાર ને પોતાના સંગીત અને ગાયકી પર ભારે અભિમાન હતું. સંગીતકાર રહેવા આવ્યા એના લીધે શેરી ના લોકો ખુશ હતા પરંતુ સવાર સવારે સંગીતકાર ખુલ્લી બાલ્કની માં રિયાઝ કરવા બેસતા ત્યારે લોકો ની નીંદર બગડતી હતી. ફેમસ સંગીતકાર એટલે એને ત્યાં ફરિયાદ કરવા જતા લોકોને ભય લાગતો હતો તેમ છતાંય હિંમત એકઠી કરીને લોકો એ એને રિયાઝ ને લીધે નીંદર માં ખલેલ પહોંચે છે એવી ફરિયાદ કરી દીધી.સંગીતકાર પણ ઉમદા નિખાલસ સ્વભાવ ના હતા એટલે લોકોની વાત સ્વીકારી ને રૂમની વિશાળ બાલ્કની બદલે રૂમની અંદર રિયાઝ કરવા લાગ્યા.

અગિયારસના દિવસે નિયમ મુજબ સવારે મંઝિરાના સુરતાલમાં ભજન ગાતા ગાતા અંધ ભિખારી શેરી માં પ્રવેશ્યો. લગભગ કલાકો સુધી અંધ ભિખારી એ વિવિધ સંતો એ લખેલ ભજનો સુમધુર અવાજ માં ગાયા. રૂમ ની બાલ્કની માંથી અંધ ભિખારી ના ભજનો અને શેરી ના લોકો નું ભજન માં મંત્ર મુગ્ધ થવું એ નજરો જોઈને સંગીતકાર ના મનમાં સહજ ઈર્ષા એ પ્રવેશ કર્યો. ઈર્ષા માં સંગીતકાર ઉઘાડા પગે ગુસ્સા માં બંગલા ની બહાર નીકળી ને અંધ ભિખારી ની પાસે જઈને બોલ્યો કે ભાઈ,કલાક થી તને સાંભળું છું ને તારી હરકતો જોયા કરું છું.ભલે તને શેરી વાળા ન જાણે પણ હું તને જાણી ગયો છું તું અંધ નથી પણ બધાને આંધળા બનાવીને અંધ હોવાનો ફાયદો ઉઠાવે છે. શેરી ના લોકો એ સંગીતકાર ને સમજાવ્યું કે ખરેખર બાબા અંધ છે ને પાંચ વર્ષ થી નિયમિત અગિયારસ અને પૂનમ ના દિવસે ભજન ગાવા આવે છે એણે ભજન ના બદલા માં ક્યારેય અમારા પાસે માંગ્યું નથી અમે અમારી ઈચ્છા મુજબ દાન એની થેલી માં જાતે મૂકીએ છીએ.

સંગીતકાર ને પોતાની કલા નું ખૂબ ઘમંડ હતું એટલે એણે શેરી ના લોકોની એક વાત કાને ન ધરી. એણે તાન માં ને તાન માં અંધ ભિખારી ના ગાલ પર થપ્પડ મારી દીધી. ભગવાન ના ભક્ત ને પ્રતાડિત કરવા કે વિના કારણ માર મારવો એ પરમાત્મા થી સહન થતું નથી.અચાનક સંગીતકાર નો પગ લથડતા એ પડવા જતો હતો ત્યાં એનો હાથ અનાયસે અંધ ભિખારી ના હાથ માં આવતા જમીન પર પડતાં બચી ગયો ત્યારે એને એની ભૂલ સમજાતા અંધ ભિખારી ને પૂછ્યું કે બાબા,ભૂલ મારી હતી છતાંય તમે મને પડતા કેમ બચાવ્યો? અંધ ભિખારી એ કહ્યું કે તે મને ગાલ માં થપ્પડ મારી ત્યારે મારા પરમ કૃપાળુ શ્રી કૃષ્ણ ને ગુસ્સો આવતા એણે તને દંડ આપવા નું નક્કી કર્યું હશે એટલે તું જમીન પર પડવા જતો હતો પણ મારા હદયમાં " તારા વર્તન બદલ તને માફ કરવાના" ભાવ સાંભળીને એણે તને મારા ભરોસે છોડી દીધો.હું આટલુ સમજું છું કે સંગીત મંઝિરાના અને ભજનો સંતો ના,કંઠ પરમાત્માની દેન છે તો આમાંથી મારું પોતાનું શું? પરમાત્મા ની સાધના માં મારા કંઠે ગવાયેલા ભજનો શેરી ના લોકોને સુમધુર સંભળાય છે એનો અર્થ એ નથી કે મારો કંઠ સુમધુર છે. જન્મ થી અનાથ અંધ ની આંગળી પરમાત્મા એ પકડી ને સનાથ કર્યો ત્યાર થી પ્રભુ સ્મરણ માં જીવન વીત્યું છે.સંગીતકારે એ અંધ ભિખારી ને એના બંગલા માં પધારવા નિમંત્રણ આપ્યું ત્યારે અંધ ભિખારી એ મંઝિરા ના તાલ માં મીરાંબાઈ નું પદ ગાતા ગાતા ચાલવા માંડ્યું

જોગિયા રિ પ્રીતડી હૈ,દુખડા રિ મૂલ,
હિલ મિલ બાત બણાવટ મીઠી પાછે,
જાવત ભૂલ..
મીરાંબાઈ.

અકુર જી એ બે સંદેશ વ્રજ માં પધારી ને નંદ બાબા ને આપ્યા નહતા કંસ નો કાળા મનસૂબા અને વ્રજ વાસીઓ ને કેદ. ઉત્સવ નિમિતે માત્ર નંદ બાબા ને વ્રજવાસીઓ સાથે કૃષ્ણ બલરામ ને આમંત્રણ નો સંદેશ આપ્યો હતો,કેમ? વિદ્વાનોનું માનવું છે કે અક્રૂરજી દુવિધા માં હતાં જો એ કૃષ્ણ બલરામ ને મથુરા કાયમ માટે લઈ જવા આવ્યા છે એવો સંદેશો આપશે તો નંદ એના લાડલા લાલ ને મથુરા મોકલી શક્યા ના હોત.અક્રૂરજી એ ભગવાન શ્રી કૃષ્ણ ના ભક્ત હતા એટલે ભગવાન નો પ્રભાવ જાણતા હતા એને ખબર હતી કે કંસ કે એના અનુયાયીઓ ની તાકત નથી કે કૃષ્ણ સામે ઉભા રહેવાની કદાચ કંસ ના વધ બાદ ભગવાન શ્રી કૃષ્ણ પોતેજ નંદબાબા સાથે વ્રજ પરત ફરશે પણ નહિ.

વ્રજ છોડીને ભગવાન મથુરા જઈ રહ્યા હતા ત્યારે રાધાજી અને ગોપીઓ ને સંદેશો મોકલી ને ભગવાન એનકહ્યું હતું કે હું આવીશ..ત્યારે ગોપીઓ અને રાધાજી એ રડતા રડતા અપાસ માં હરીગીત ગાતા કહ્યું હતું કે અમને લાગે છે કે અમારા પ્રિય વ્રજ પરત ફરશે નહિ.ભગવાન શ્રી કૃષ્ણ એ સાંત્વના આપતા કહ્યું હતું કે રાધે,આપ જાણો છો કે વ્રજ એ મારું હદય છે એટલે નિત્ય લીલા માટે વ્રજ પધારિશ.મથુરા ગયા બાદ ભગવાન ક્યારેય વ્રજ માં પધાર્યા હોય એનો ઉલ્લેખ નથી. પુષ્ટિ સાહિત્ય કહે છે કે ભગવાન એ વ્રજ માં રાધા કૃષ્ણ અને ગોપીઓ સાથે લીલા કરી છે ને વર્તમાન માં પણ કરે છે.સુરદાસ જી ને આંખ નહતી છતાંય ભગવાન શ્રી કૃષ્ણ ના દર્શન કરતા હતા એ તો એના ભગવાન સાથે નિત્ય વાર્તાલાપ પણ કરતા હતા.ભક્ત ને ભગવાન એનાથી દૂર હોય એવું લાગતું નથી,ભક્ત ના મનમાં ભગવાનનું સતત સ્મરણ રહેતું હોય છે.ભગવાન ની પત્ની રુકમણી અને રાધા વચ્ચે પત્ની અને ભક્ત નો ભેદ છે .રૂક્ષ્મણીજી પત્ની પ્રિયા અને રાધાજી ભક્ત પ્રેયસી છે...ભગવાન નો વૈકુંઠ નિવાસ માનવામાં આવે છે પરંતુ એનો નિત્ય નિવાસ વ્રજ રાધાજી સાથે વ્રજ માં હોય છે, કેમ? રાધાજી નો નિત્ય નિવાસ વ્રજ માં છે.

## 'નાગિન' ફેમ સુરભી ચંદનાએ ટીવીથી દૂર રહેવાનું સાચું કારણ જણાવ્યું



# સ્ટેજનો ડર જીતવા અને થિયેટરના આકર્ષણ માટે ટીવીથી અંતર રાખ્યું

મુંબઈ: 'ઈશ્કબાઝ' અને 'નાગિન' જેવા સુપરહિટ શોથી લોકપ્રિયતા મેળવનાર ટીવી અભિનેત્રી સુરભી ચંદના ઘણા સમયથી નાની સ્ક્રીનથી દૂર છે. ચાહકો સતત એ જાણવા આતુર હતા કે આ ટોચની અભિનેત્રી ટીવી જગતમાંથી કેમ ગાયબ છે. હવે સુરભીએ પોતાના સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કરીને આ રહસ્ય પરથી પડદો ઉઠાવ્યો છે. સુરભી ચંદનાએ ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલા વીડિયો અને પોસ્ટમાં જણાવ્યું કે તેણે યોગ્ય કારણોસર નાના પડદાથી અંતર બનાવ્યું છે. તેણે ખુલાસો કર્યો કે થિયેટર માટેનું તેનું આકર્ષણ લાંબા સમયથી હતું અને સ્ટેજના ડર પર કાબૂ મેળવવાની ઈચ્છાએ તેને આ માધ્યમમાં ઊંડાણપૂર્વક ઉતરવા માટે પ્રેરિત કરી. શનિવારે, અભિનેત્રીએ તેના આગામી સ્ટેજ પ્લેની ઝલક દર્શાવતો વીડિયો પોસ્ટ કર્યો. સુરભીએ સ્વીકાર્યું કે થિયેટરે તેને એક અભિનેત્રી તરીકે તેની ક્ષમતાઓ પર સવાલ કરવા મજબૂર કરી અને શું તે ક્યારેય જીવંત પ્રદર્શનનો સામનો કરી શકશે કે નહીં તે અંગે પણ વિચાર્યું. 'સંજીવની' ફેમ અભિનેત્રીએ લખ્યું, 'હવે હું એક એવી જગ્યામાં પગ મૂકી રહી છું જ્યાં કંઈપણ એડિટ, કાપી કે ફરીથી લઈ શકાતું નથી. એક એવી દુનિયા જ્યાં દરેક લાગણી અને દરેક શ્વાસનો અનુભવ કરવો પડે છે.' સુરભીએ 'મંટો કે દસ્તાવેઝ' નામના પ્લે સાથે તેની થિયેટર ડેબ્યૂની જાહેરાત કરી. તેણે તેને એક નવી કલાત્મક યાત્રાની શરૂઆત ગણાવી. તેણે તેની ટીમને પણ આભાર માન્યો અને કહ્યું કે તે જીવનભર માટે તેમની ચાહક બની ગઈ છે. તેણે ચેતવણી આપી કે આ એક વ્યસન બની જશે, અને તેને લાગે છે કે તે હવે બીજા નાટક માટે પણ તૈયાર છે.

# દિશા પાટનીના પિતાને હથિયારનું લાઈસન્સ મળ્યું, ઘર પરના હુમલા બાદ સુરક્ષા વધી

## દિશા પાટનીના ઘરની આસપાસનો સુરક્ષા બંદોબસ્ત કડક કરાયો



બરેલી: બોલિવૂડ અભિનેત્રી દિશા પાટનીના પિતા અને નિવૃત્ત ડીએસપી જગદીશ પાટનીને બરેલી જિલ્લાના અધિકારીઓ તરફથી હથિયારનું લાઈસન્સ મળી ગયું છે. આ વર્ષે સપ્ટેમ્બર મહિનામાં તેમના ઘર નજીક થયેલા ગોળીબારના બનાવ બાદ અધિકારીઓ દ્વારા આ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. એક અધિકારીએ રવિવારે આ માહિતી આપી હતી. દિશા પાટનીના પિતા જગદીશ પાટનીએ તેમના ઘર પર થયેલા હુમલા બાદ સ્વ-બચાવ માટે લાઈસન્સ માટે અરજી કરી હતી. આ ઘટના ૧૨ સપ્ટેમ્બરના રોજ બની હતી, જ્યારે બાઈક પર સવાર બે બંદૂકધારીઓએ અભિનેત્રીના ઘરને નિશાન બનાવીને લગભગ ૧૦ જેટલી ગોળીઓ ચલાવી હતી. આ બનાવ બાદ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ખાતરી આપી હતી કે દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. મીડિયા અહેવાલ મુજબ, માત્ર પાંચ દિવસ પછી, યુપી એસટીએફ, હરિયાણા એસટીએફ અને દિલ્હી પોલીસે મળીને ગાઝિયાબાદમાં થયેલા એન્કાઉન્ટરમાં સંદિગ્ધ લોકોને ઠાર માર્યા હતા. દિશા પાટનીના પિતા જગદીશ પાટનીના ઘરની આસપાસ સુરક્ષા કડક કરી દેવામાં આવી હતી.

## અભિનેત્રી તેજસ્વી પ્રકાશનું અનિદ્રાનું દુઃખ

# તેજસ્વીને રાત્રે ઊંઘ નથી આવતી, કલાકો વીતી જાય છે અને સૂર્યોદય દેખાય છે

મુંબઈ: ટેલિવિઝન જગતની લોકપ્રિય અભિનેત્રી તેજસ્વી પ્રકાશએ તાજેતરમાં એક મોટો ખુલાસો કરતાં જણાવ્યું કે તેમને છેલ્લા ઘણા સમયથી રાત્રે પૂરતી ઊંઘ નથી આવતી. કોમેડિયન ભારતી સિંહ અને હર્ષ લિમ્બાચિયાના પોડકાસ્ટ શોમાં હાજર રહેલી તેજસ્વીએ તેની આ તકલીફ વિશે વિગતવાર વાત કરી. મીડિયા રિપોર્ટ અનુસાર, જ્યારે હર્ષે તેજસ્વીને વહેલા સૂઈ જવાની સલાહ આપી, ત્યારે અભિનેત્રીએ તરત જ કહ્યું, 'મને ગમે તેમ પણ ઊંઘ નથી આવતી. હું બસ પથારીમાં સૂઈ જાઉં છું, હાથમાં મોબાઈલ કે ટીવી જેવું કોઈ ધ્યાન ભટકાવનારું સાધન હોતું નથી. હું બસ સૂઈને કલાકો સુધી પંખાને જોતી રહું છું.' તેજસ્વી પ્રકાશે વધુમાં કહ્યું કે આ ખરેખર ખૂબ જ નિરાશાજનક છે. કલાકો વીતી જાય છે અને ક્યારેક તો પડદા પાછળથી સૂર્યોદય થતો પણ દેખાય છે, છતાં તેને એક રાત પણ પૂરતી ઊંઘ મળતી નથી. આ અઠવાડિયામાં કેટલીય રાતો હોય છે જ્યારે તે એક મિનિટ માટે પણ સૂતી નથી. રો હાઉસમાં રહેતી હોવાથી, સવાર પડતાં જ તે વહેલી સવારમાં પક્ષીઓનો અવાજ સાંભળી શકે છે, અને ત્યારે જ તેને ખબર પડે છે કે હવે સવાર થઈ ગઈ છે.

### સવારે પક્ષીઓનો અવાજ સાંભળીને ખબર પડે છે કે હવે સવાર પડી

તેજસ્વીએ જણાવ્યું કે આ મુશ્કેલી લગભગ એક વર્ષથી ચાલી રહી છે. શરૂઆતમાં તે ખૂબ જ ચીડિયાપણું અનુભવતી હતી, પણ હવે તેને સમજાયું કે જો તે રાત્રે સૂઈ ન શકી, તો તેનાથી બીજા દિવસને બગાડવો ન જોઈએ. પોડકાસ્ટના શૂટિંગ માટે આવતી વખતે પણ તે સવારે 6 વાગ્યે સૂઈ અને 11 વાગ્યે ઊઠી હતી, એટલે કે માત્ર 5 કલાકની ઊંઘ લીધી હતી! તેજસ્વીએ આશ્ચર્ય સાથે કહ્યું, 'મને ઊંઘ જ નથી આવી રહી!'



# અજય દેવગનની સામે જ મોત, યાદ કર્યો ભયાનક સ્કાયડાઈવિંગ અકસ્માત

## પેરાશૂટ ન ખૂલતાં એક વ્યક્તિ નીચે પડીને મૃત્યુ પામ્યો, પછી અજયે છલાંગ લગાવી



મુંબઈ: ફિલ્મોમાં પોતાની શાનદાર એક્ટિંગની સાથે સાથે જોરદાર એક્શન માટે જાણીતા અભિનેતા અજય દેવગને તાજેતરમાં એક ભયાનક ઘટનાનો ખુલાસો કર્યો છે. અજય દેવગને જણાવ્યું કે અમેરિકામાં તેની સ્કાયડાઈવિંગ ટ્રેનિંગ દરમિયાન તેના સગી આંખે એક વ્યક્તિનું કરુણ મૃત્યુ થયું હતું. મીડિયા અહેવાલ મુજબ, બુકમાયશો સાથેની વાતચીતમાં આર. માધવને અજય દેવગનની પ્રશંસા કરતાં કહ્યું કે એકવાર અજયે કોઈ પણ તાલીમ વગર જ વિમાનમાંથી સ્કાયડાઈવિંગની છલાંગ લગાવી દીધી હતી. આના જવાબમાં, અજય દેવગને અમેરિકામાં પોતાની તાલીમ સમયનો એક ડરામણો બનાવ યાદ કરતાં કહ્યું, 'જેવો હું ત્યાં પહોંચ્યો, મેં જોયું કે એક વ્યક્તિ પેરાશૂટ ન ખૂલવાને કારણે નીચે પડી ગયો અને મારી સામે જ તેનું મૃત્યુ થઈ ગયું.' એક્શન સ્ટારે જણાવ્યું કે આ વ્યક્તિના મૃત્યુ પછી તરત જ મારે સ્કાયડાઈવિંગ કરવાનું હતું. આવી ભયાનક ઘટના જોયા પછી પણ અજયે હિંમત રાખી અને તાલીમ ચાલુ રાખી, જે તેની મજબૂત માનસિકતા દર્શાવે છે. અજય દેવગને આગળ જણાવ્યું કે હોલિવૂડના પ્રખ્યાત સ્ટાર લિયોનાર્ડો ડીકેપ્રિયો સાથે પણ આવી જ ઘટના બની હતી, પરંતુ તેમના ટ્રેનરે તેમનો જીવ બચાવ્યો હતો. આ પછી લિયોનાર્ડોએ એક સંદેશમાં લખ્યું હતું, 'મારો જીવ બચાવવા બદલ આભાર.' અજય દેવગનના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, તે તાજેતરમાં ૨૦૧૯ની ફિલ્મ 'દે દે પ્યાર દે'ના સિક્વલ **'દે દે પ્યાર દે ૨'**માં જોવા મળ્યા હતા.

# ગોલ્ડન ઑફ શોલ્ડર બ્રાલેટ અને ફિશકટ સ્કર્ટમાં શનાયા કમાલ લાગી

## સંજય કપૂરે દિલના ઈમોજી સાથે દીકરીના લુકની ત્રીજી તસવીર પર કૉમેન્ટ કરી



મુંબઈ: બોલિવૂડ એક્ટર સંજય કપૂરની દીકરી અને ફિલ્મ 'આંખો કી ગુસ્તાખિયાં'થી ડેબ્યૂ કરનારી અભિનેત્રી શનાયા કપૂર સોશિયલ મીડિયા પર ખૂબ સક્રિય રહે છે. તેના આકર્ષક ફેશન સેન્સથી તે હંમેશા ફેન્સનું દિલ જીતી લે છે. તાજેતરમાં, શનાયાએ ઈન્સ્ટાગ્રામ પર તેના ગ્લેમરસ ફોટોઝ શેર કર્યા છે, જેના પર તેના પિતા સંજય કપૂરનું રિએક્શન વાયરલ થઈ રહ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, શનાયા કપૂરે ઈન્સ્ટાગ્રામ પર ઓલ-ગોલ્ડન લુકમાં પોતાની તસવીરો પોસ્ટ કરી છે, જેમાં તેનો અત્યંત ગ્લેમરસ અંદાજ જોવા મળ્યો હતો. તેણે ગોલ્ડન કલરની હેવી વર્કવાળી ઑફ શોલ્ડર બ્રાલેટ પહેરી છે, જેની સાથે મેચિંગ ફિશકટ સ્કર્ટ પેર કરી છે. આ આઉટફિટમાં તે ખૂબ જ સુંદર લાગી રહી હતી. એક્ટ્રેસે આ સાથે પ્લેન મેચિંગ દુપટ્ટાને જોડીને પોતાના લુકને દેશી ટચ આપ્યો છે. મેચિંગ ડબલ લેયર નેકલેસ અને સ્ટેટમેન્ટ ઈયરિંગ્સે તેના દેખાવમાં વધારો કર્યો છે. શનાયા કપૂરે સટલ મેકઅપ અને બ્રાઉન લિપસ્ટિક સાથે કર્લી હેર સ્ટાઈલ અપનાવી હતી. આ ફોટોઝમાં, શનાયા ઘણી તસવીરોમાં પોતાના કર્વ્સ ફ્લોન્ટ કરતી જોવા મળી હતી. તેણે કેપ્શનમાં લખ્યું હતું, 'તમે ખૂબ ગોલ્ડન છો.' અભિનેત્રીની આ ગ્લેમરસ તસવીરો પર ફેન્સ ભરપૂર કૉમેન્ટ્સ કરી રહ્યા છે, પણ સૌથી વધુ ધ્યાન તેના પિતા સંજય કપૂરના રિએક્શને ખેંચ્યું છે. તસવીર પોસ્ટમાં શનાયાની ત્રીજી ફોટોમાં તે ખુરશી પર બેસીને હસી રહી હતી. આ તસવીર પર સંજય કપૂરે કૉમેન્ટ કરતાં લખ્યું, 'ત્રીજી તસવીર' અને તેની સાથે હાર્ટ ઈમોજી પણ એડ કર્યા હતા. આ શનાયા કપૂરના લુક પર પિતા તરફથી આવેલી સરાહના દર્શાવે છે.

# કોણ છે આકૃતિ અગ્રવાલ? જેમના કારણે ક્રિકેટર પૃથ્વી શૉનું નામ ચર્ચામાં

- સોશિયલ મીડિયા સ્ટાર આકૃતિ અગ્રવાલના ઈન્સ્ટાગ્રામ પર ૩.૨ મિલિયન ફોલોઅર્સ છે
- તાજેતરમાં પૃથ્વી શૉ અને આકૃતિએ ગણેશ ચતુર્થીનો ઉત્સવ સાથે ઉજવ્યો હતો



મુંબઈ: ભારતીય ક્રિકેટર પૃથ્વી શૉ, જેઓ હાલમાં મહારાષ્ટ્ર ટીમ તરફથી રણજી ટ્રોફી રમી રહ્યા છે, તેઓ પોતાના અંગત જીવનને લઈને સતત ચર્ચામાં રહે છે. હાલમાં તેમની રૂમર્ડ ગર્લફ્રેન્ડ આકૃતિ અગ્રવાલ સમાચારોમાં છવાયેલી છે. આજે રવિવારના દિવસે ગૂગલ પર આકૃતિ અને પૃથ્વી શૉનું નામ ખૂબ જ ટ્રેન્ડ થઈ રહ્યું છે. તો ચાલો જાણીએ આ સોશિયલ મીડિયા સ્ટાર વિશે. મીડિયા અહેવાલ મુજબ, આકૃતિ અગ્રવાલ સોશિયલ મીડિયા પર ખૂબ જ જાણીતી છે. તેના ઈન્સ્ટાગ્રામ પર ૩.૨ મિલિયન ફોલોઅર્સ અને યુટ્યુબ પર ૮૮ હજાર સબસ્ક્રાઈબર્સ છે. આકૃતિ અગ્રવાલનો જન્મ લખનઉમાં થયો હતો, પરંતુ બાદમાં તે મુંબઈ આવી ગઈ હતી. મુંબઈના એક રેસ્ટોરન્ટમાંથી બ્લેક આઉટફિટમાં પૃથ્વી શૉ સાથે બહાર નીકળતો તેનો એક વીડિયો વાયરલ થયો હતો, જેના કારણે તે રાતોરાત સ્ટાર બની ગઈ અને તેના ફોલોઅર્સની સંખ્યામાં મોટો વધારો થયો.

### આકૃતિ અગ્રવાલ બોલિવૂડ ડેબ્યૂની તૈયારીમાં

આકૃતિ અગ્રવાલ માત્ર ઈન્ફ્લુએન્સર જ નથી, પરંતુ હવે તે ફિલ્મો તરફ પણ પોતાનું પગલું વધારી રહી છે. તેને બોલિવૂડ ફિલ્મ **'ત્રિમુખા'**થી ડેબ્યૂ કરવાની વાત છે, જે તેની કારકિર્દીની એક મોટી શરૂઆત માનવામાં આવે છે. પૃથ્વી શૉ અને આકૃતિ અગ્રવાલના ડેટિંગની અફવાઓ ત્યારે વધુ તેજ થઈ, જ્યારે બંનેએ ગણેશ ચતુર્થી ૨૦૨૫નો તહેવાર સાથે ઉજવ્યો હતો.

# અદિતિ રાવ હૈદરીના નામે વૉટ્સએપ પર ફેક ફોટોશૂટની વિનંતી, અભિનેત્રીએ લોકોને ચેતવ્યા

## અદિતિએ કહ્યું, 'વ્યક્તિગત નંબરનો ઉપયોગ કામ માટે કરતી નથી, બધું ટીમ દ્વારા થાય છે'



મુંબઈ: અભિનેત્રી અદિતિ રાવ હૈદરીએ તાજેતરમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક નિવેદન બહાર પાડીને ખુલાસો કર્યો છે કે મેસેજિંગ પ્લેટફોર્મ વૉટ્સએપ પર કોઈ વ્યક્તિ તેની નકલ કરીને છેતરપિંડી કરી રહ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, ૧૬ નવેમ્બરના રોજ, અદિતિ રાવ હૈદરીએ તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક નોટ સાથે નકલ કરનારની વૉટ્સએપ વિગતો શેર કરી હતી. તેમણે લખ્યું, 'હું એક વાત જણાવવા માંગતી હતી જે મને થોડા લોકોએ આજે મારા ધ્યાન પર લાવી. કોઈ વ્યક્તિ વૉટ્સએપ પર મારા ફોટાનો ઉપયોગ કરીને મારી હોવાનો ઢોંગ કરી રહ્યું છે અને ફોટોગ્રાફરોને 'ફોટોશૂટ' માટે મેસેજ કરી રહ્યું છે. આ હું નથી.' અભિનેત્રીએ સ્પષ્ટતા કરી કે તે આ રીતે સંપર્ક કરતી નથી, અને તે કામ માટે ક્યારેય કોઈ વ્યક્તિગત નંબરનો ઉપયોગ કરતી નથી. તેણે ભારપૂર્વક જણાવ્યું કે, 'બધું જ હંમેશા મારી ટીમ દ્વારા થાય છે. અદિતિએ આગળ કહ્યું, 'કૃપા કરીને સાવધાન રહો અને તે નંબરથી સંપર્ક ન કરો. જો તમને કંઈપણ અસામાન્ય લાગે, તો ફક્ત મારી ટીમને જણાવો.' તેણે તેના સમર્થનમાં રહેલા તમામ લોકોનો આભાર માન્યો. આ પોસ્ટ પર અભિનેત્રી કુશા કપિલાએ ટિપ્પણી કરી, 'તેઓ તમારી ગજગામિની ચાલની નકલ કરી શકશે નહીં,' અને 'નોટ ધેમ યુઝિંગ યોર ઈન્સ્ટાગ્રામ ડીપી,' લખીને હસવાનું ઈમોજી ઉમેર્યું હતું. જોકે રવિવાર અભિનેત્રી માટે એક નાની મુશ્કેલી લઈને આવ્યો હતો, પરંતુ ગયા મહિને તેણે પાળેલા મિત્રો સાથે પોતાનો વિકેન્ડ આરામથી વિતાવ્યો હતો. અદિતિએ તેના ઈન્સ્ટાગ્રામ પર શ્વાન સાથે રમતા હોય તેવી તસવીરો અપલોડ કરી હતી. તેણે બચાવ અને સંભાળ રાખનારા માનવોની પ્રશંસા કરી હતી.

# શેફાલી શાહે જયદીપ અહલાવતને ગણાવ્યા મનપસંદ કલાકાર, સફળતાના કર્યા વખાણ



મુંબઈ: સિનેમા જગતમાં પોતાના દમદાર અભિનય માટે જાણીતી અભિનેત્રી શેફાલી શાહે તાજેતરમાં તેના મનપસંદ કલાકાર વિશે ખુલાસો કર્યો છે. આ સાથે તેણે કહ્યું કે તે કલાકારની સફળતા જોઈને તેમને ખૂબ જ ખુશી થાય છે. મીડિયા અહેવાલ મુજબ, શેફાલી શાહે દેહરાદૂન લિટરેચર ફેસ્ટિવલના સાતમા સંસ્કરણમાં જણાવ્યું કે અભિનેતા જયદીપ અહલાવત તેમના પ્રિય કલાકાર છે. તેમણે કહ્યું, 'તે ખૂબ જ સારા છે. OTT પ્લેટફોર્મ્સે આપણું જીવન બદલી નાખ્યું છે. અમે બધાને પ્રતિભાશાળી માનવામાં આવતા હતા, પરંતુ તે મોટી વ્યવસાયિક ફિલ્મોમાં અમારી કઈ જગ્યા હોત? તેથી, જ્યારે હું તેમની પ્રગતિ જોઉં છું, ત્યારે મને ખૂબ જ ખુશી થાય છે.' શેફાલી શાહે વધુમાં કહ્યું કે જયદીપ અહલાવત તમામ પ્રશંસાના ખરા હકદાર છે. જ્યારે 'પાતાળ લોક ૨' રિલીઝ થઈ, ત્યારે તેમણે અમૂલનું એક હોર્ડિંગ જોયું હતું જેમાં અહલાવત દેખાઈ રહ્યા હતા, ત્યારે તેમને ખૂબ જ ગર્વ અનુભવાયો હતો. અભિનેત્રીએ કહ્યું કે જયદીપ અહલાવતનો ઉદય સિનેમા ઉદ્યોગમાં એક બદલાવનું પ્રતીક છે. વાતચીતમાં આગળ વધતાં શેફાલી શાહે તેની પહેલી બુક વિશે પણ વાત કરી. તેમણે કહ્યું, 'મેં એક બુક લખી છે, જોકે મને ખાતરી નથી કે તે મારી પહેલી બુક હશે. મેં તેને વાંચી છે, મારા મિત્રોએ પણ વાંચી છે અને તેમને તે ગમી છે. હવે, તે પ્રકાશિત થશે કે નહીં, તે સમય જતાં ખબર પડશે.' અભિનેત્રીએ બધાને પુસ્તકો વાંચવાનો આગ્રહ કર્યો અને કહ્યું કે વાંચન આપણને ક્યાંય ફરવા જવાથી પણ વધુ પ્રેરિત કરે છે.

# સફેદ લહેંગામાં પ્રિયંકા ચોપરાનો દેશી લુક ચર્ચામાં, ચાહકોને તેલુગુ બોલવાનું વચન

- પ્રિયંકાએ 'વારાણસી' ઈવેન્ટમાં મહેશ બાબુના વખાણ કર્યા, કહ્યું 'હૈદરાબાદ મારું બીજું ઘર છે'



હૈદરાબાદ : સાઉથ સિનેમાના લોકપ્રિય ફિલ્મમેકર એસએસ રાજમૌલીએ તાજેતરમાં હૈદરાબાદમાં એક ભવ્ય 'ગ્લોબટ્રોટર' ઈવેન્ટનું આયોજન કર્યું હતું. આ ઈવેન્ટમાં મહેશ બાબુ અને પ્રિયંકા ચોપરાની આગામી ફિલ્મનું ટાઈટલ 'વારાણસી' જાહેર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રિયંકા ચોપરાએ તેના વ્હાઈટ લહેંગાના દેશી લુકથી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, ઈવેન્ટમાં પ્રિયંકા ચોપરાએ સૌથી પહેલા હાથ જોડીને બધાનું અભિવાદન કર્યું અને સ્ટેજ પર પોતાના દિલની વાત શેર કરી. તેણે કહ્યું, 'આ એ ધરતી છે જ્યાં હું પાછી આવીને ખૂબ ખુશ છું. તેલુગુ સિનેમામાં કામ કરવાની સૌથી વધુ મજા ત્યારે જ આવે છે, જ્યારે તમે ઈન્ડસ્ટ્રીના દિગ્ગજો સાથે કામ કરો છો.' ફિલ્મમાં પ્રિયંકા સાથે સાઉથ સિનેમાના પ્રિન્સ મહેશ બાબુ મુખ્ય ભૂમિકામાં છે. પ્રિયંકાએ મહેશ બાબુની જોરદાર પ્રશંસા કરતાં કહ્યું, 'મહેશ બાબુ અને તેમના સુંદર પરિવાર, નમ્રતા-સિતારાએ મને અનુભવ કરાવ્યો કે હૈદરાબાદ મારું ઘર છે. આ માટે તેમનો ખૂબ ખૂબ આભાર.' 'વારાણસી' દ્વારા પ્રિયંકા ચોપરા લગભગ છ વર્ષ પછી ભારતીય સિનેમામાં કદમ મૂકવા જઈ રહી છે. અભિનેત્રીએ ઈવેન્ટમાં મોટાભાગે હિન્દીમાં વાત કરી હતી, તેથી તેણે ચાહકોને એક મોટું વચન પણ આપ્યું. તેણે કહ્યું, 'અત્યારે મને તેલુગુ આવડતી નથી, પણ હું વચન આપું છું કે આગલી વખતે જ્યારે પણ અહીં આવીશ, ત્યારે તમને તેલુગુ બોલતી જ દેખાઈશ...

# રૂપલ ત્યાગી પાંચ ડિસેમ્બરે સાત ફેરા લેશે, નોમશિ ભરદ્વાજ સાથે સગાઈ



મુંબઈ: 'સપને સુહાને લડકપન કે'માં ગુજનનું પાત્ર ભજવીને જાણીતી બનેલી ટીવી અભિનેત્રી રૂપલ ત્યાગીના ચાહકો માટે ખુશખબર છે. અભિનેત્રીએ તાજેતરમાં તેના બૉયફ્રેન્ડ નોમશિ ભરદ્વાજ સાથે સગાઈ કરી લીધી છે. નોમશિએ રૂપલ ત્યાગીને ગોવામાં ખૂબ જ રોમેન્ટિક અંદાજમાં પ્રપોઝ કર્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, રૂપલ ત્યાગીએ રવિવાર, ૧૬ નવેમ્બરે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર સગાઈની તસવીરો શેર કરીને પોતાની ખુશી વ્યક્ત કરી હતી. તસવીરો પોસ્ટ કરતાં તેણે લખ્યું, 'બસ અમે... એકદમ પરફેક્ટ! હા... હંમેશ માટે.' શેર કરેલી તસવીરોમાં જોઈ શકાય છે કે નોમશિ ઘૂંટણિયે બેસીને રૂપલને પ્રપોઝ કરી રહ્યા છે. અન્ય તસવીરોમાં રૂપલ ગર્વથી પોતાની સગાઈની વીંટી ફ્લોન્ટ કરતી પણ જોવા મળી હતી.

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# ભારતની હાર 'પચાવી ન શકાય' ચેતેશ્વર પુજારા ભડક્યા!

**● ઘરઆંગણે હારવા પર પુજારાકહ્યું: પ્રતિભા હોવા છતાં ભૂલ છે!, સંક્રમણનો બચાવ ન ચાલે, પ્રથમ શ્રેણી રેકોર્ડ છતાં પરાજય અસ્વીકાર્ય!**

અમદાવાદ

ભારતીય ક્રિકેટ ટીમે કોલકાતામાં રમાયેલી દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટમાં ચોંકાવનારી 30 રનની હાર સહન કર્યા બાદ, ટીમના પૂર્વ અનુભવી બેટ્સમેન ચેતેશ્વર પુજારાએ પહેલીવાર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. સામાન્ય રીતે શાંત અને સૌમ્ય સ્વભાવ માટે જાણીતા પુજારાએ મીડિયા સમક્ષ આ હારને 'અસ્વીકાર્ય' ગણાવી હતી. રવિવારના રોજ થયેલી આ હાર બાદ સ્ટાર સ્પોર્ટ્સ પરની ચર્ચામાં ચેતેશ્વર પુજારાએ સ્પષ્ટ કહ્યું કે, 'સંક્રમણ (ટ્રાન્ઝિશન)ના કારણે ભારતીય ટીમ ભારતમાં હારે, તે વાત પચાવી શકાય તેમ નથી.' તેમનો ઈશારો તાજેતરમાં નિવૃત્ત થયેલા રોહિત શર્મા, વિરાટ કોહલી અને રવિચંદ્રન અશ્વિન જેવા દિગ્ગજોના સ્થાને નવા ખેલાડીઓ આવવા તરફ હતો. જોકે, પુજારાએ આ બચાવને ફગાવી દીધો અને કહ્યું કે, ભારત પાસે પ્રતિભાશાળી ખેલાડીઓનો મોટો પૂલ છે, તેથી ઘરઆંગણે હારવું એ 'કંઈક ખોટું' થવાના સંકેત આપે છે.'ભારતની પ્રતિભા અને ક્ષમતા જુઓ, આ રેકોર્ડ્સ છતાં આપણે ભારતમાં હારીએ છીએ, તો તેનો મતલબ છે કે કંઈક તો ખોટું છે,' પુજારાએ ઉમેર્યું.



# સિન્નેરે ATP ફાઇનલ્સ જીતી પણ કાર્લોસ અલ્કારાઝ વિશ્વનો નંબર વન!

**● 'સિનાલ્કારાઝ' ટક્કરમાં અંતિમ બાજી સિન્નેરના નામે, 7-6 (4), 7-5 થી જીત!**

**● ઈટાલિયન ચાહકોની સામે સિન્નેરે ટાઇટલ બચાવ્યું, વર્ષનું વિજયી સમાપન!**

દોહા

મેન્સ ટેનિસ પર વર્ચસ્વ જમાવી રહેલા બે મહાન ખેલાડીઓ, ઈટાલીના જાનિક સિન્નેર અને સ્પેનના કાર્લોસ અલ્કારાઝ વચ્ચે 2025ની સીઝનની અંતિમ 'સિનાલ્કારાઝ' ટક્કર સિન્નેરના નામે રહી. સિન્નેરે ટોચના ક્રમાંકિત અલ્કારાઝને 7-6 (4), 7-5થી હરાવીને ATP ફાઇનલ્સની ટ્રોફી જીતી લીધી. પોતાના હોમ ગ્રાઉન્ડ પર ઈટાલિયન ચાહકોની સામે સિન્નેરે આ ખિતાબનો બચાવ કર્યો, જે આ વર્ષે અલ્કારાઝ સામેની તેની બીજી જીત છે. આ પહેલા તેણે વિમ્બલ્ડનની ફાઇનલમાં પણ અલ્કારાઝને હરાવ્યો હતો.

**અલ્કારાઝનું નંબર વન...** જોકે, કાર્લોસ અલ્કારાઝે વર્ષના અંતે નંબર 1નું રેન્કિંગ પહેલેથી જ સુરક્ષિત કરી લીધું હતું. આ વર્ષના ટોચના આઠ ખેલાડીઓની આ ઈવેન્ટમાં તે તેની પ્રથમ ફાઇનલ રમી રહ્યો હતો. સિન્નેર સાથેની કારકિર્દીની મુલાકાતોમાં અલ્કારાઝ હજી પણ 10-6થી આગળ છે. આ બન્ને યુવા ખેલાડીઓએ આ વર્ષે સતત ત્રણ ગ્રાન્ડ સ્લેમ ફાઇનલમાં સામનો કર્યો હતો - ફ્રેન્ચ ઓપન અને યુએસ ઓપન અલ્કારાઝે જીત્યા, જ્યારે સિન્નેરે વિમ્બલ્ડનનો તાજ પોતાના નામે કર્યો.




## ATP ફાઇનલ્સ: જાનિક સિન્નેરની ઐતિહાસિક જીત

ઈટાલિયનપી અરેનામાં સિન્નેરને સપોર્ટ કરી રહેલા ચાહકોએ 'ઓલે, ઓલે'ના નારા લગાવ્યા હતા. પહેલા સેટમાં સિન્નેરે 5-6ના સ્કોર પર એક સેટ પોઈન્ટ બચાવ્યો અને ટાઈબ્રેકરમાં કમાલનું પ્રદર્શન કરીને નિયંત્રણ મેળવ્યું. સેટ પોઈન્ટ બૅક કર્યા બાદ સિન્નેરે કહ્યું, 'મેં પરિસ્થિતિને જે રીતે સંભાળી તેનાથી હું ખૂબ જ ખુશ છું.' બીજા સેટમાં અલ્કારાઝને બે વખત જમણા પગની સારવાર લેવી પડી હતી. અલ્કારાઝની સર્વિસ તોડ્યા બાદ સિન્નેરે સ્કોર 3-3થી બરાબર કર્યો. ત્યારબાદ એક લાંબી રેલી જીતીને બ્રેક મેળવ્યો અને જ્યારે અલ્કારાઝે બેકહેન્ડ બહાર માર્યો, ત્યારે સિન્નેરે મેચ જીતી લીધી અને કોર્ટ પર પીઠના બળે પડીને રાહત અનુભવી. તેણે કહ્યું, 'તે એક જબરદસ્ત લાગણી હતી.'

**વિજય સિલસિલો...**

જાનિક સિન્નેરે સતત 31 મેચોમાં ઈન્ડોર હાર્ડ કોર્ટ પર જીતનો સિલસિલો જાળવી રાખ્યો છે.

**ફાઇનલ્સનો રેકોર્ડ**

2023માં નોવાક જોકોવિચ સામેની હાર બાદ તેણે ફાઇનલ્સમાં સતત 10મી જીત મેળવી છે અને આ સમયગાળામાં એક પણ સેટ ગુમાવ્યો નથી.

## ડબલ્સ ફાઇનલ: હેલિઓવારા અને પેટ્ટનની જોડીનો દબદબો

ATP ફાઇનલ્સમાં ડબલ્સની ફાઇનલ મેચ પણ રોમાંચક રહી હતી. આ મુકાબલામાં હેરી હેલિઓવારા અને હેનરી પેટ્ટનની જોડીએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. બંને ખેલાડીઓએ પાવરફુલ સર્વિસ અને કોર્ટ પરના ઉત્તમ તાલમેલથી વિરોધીઓને દબાવી દીધા. પ્રથમ સેટમાં મુશ્કેલી બાદ, બીજા સેટમાં તેમનું પ્રદર્શન સર્વોત્તમ રહ્યું. તેમની સામેની જોડી જો સેલિસબરી અને નીલ સ્કુપ્સ્કીને 7-5, 6-3થી હરાવીને હેલિઓવારા અને પેટ્ટને ટાઇટલ પોતાના નામે કર્યું હતું.

# હાલૅન્ડના બે ગોલથી નોર્વે 28 વર્ષ પછી FIFA વર્લ્ડ કપમાં: ઈટાલી પર સંકટ!

### નોર્વેનો ઈટાલી સામે 4-1થી વિજય: હાલૅન્ડ ક્વોલિફાઇંગમાં બન્યો 'ગોલ મશીન'!

**વર્લ્ડ કપ ક્વોલિફાયર: સતત ત્રીજી વાર ઈટાલીના બહાર થવાનો ગંભીર ભય!**

કોલકાતા: ફૂટબોલ જગત માટે એક મોટી ખબર સામે આવી છે, જ્યાં સ્ટાર સ્ટ્રાઈકર અર્લિંગ હાલૅન્ડના બે ગોલની મદદથી નોર્વેની ટીમે ઈટાલીને 4-1થી હરાવીને FIFA વર્લ્ડ કપમાં 28 વર્ષ પછી જગ્યા નિશ્ચિત કરી છે. આ જીત સાથે નોર્વેએ ઉત્તર અમેરિકામાં યોજાનાર 2026ના વર્લ્ડ કપ માટે ગ્રુપ Iમાંથી એકમાત્ર ઓટોમેટિક સ્થાન સીલ કર્યું છે. બીજી બાજુ, ચાર વખતની ચેમ્પિયન ઈટાલીની ટીમ માટે સતત ત્રીજા વર્લ્ડ કપમાં ક્વોલિફાય થવામાં નિષ્ફળ રહેવાનો ગંભીર ખતરો ઊભો થયો છે. ઈટાલીના સાન સિરો સ્ટેડિયમમાં 70,000 દર્શકોની સામે નોર્વેએ પોતાનું ક્વોલિફાઈંગ અભિયાન શાનદાર રીતે પૂર્ણ કર્યું. ટીમે 8માંથી 8 મેચ જીતીને પરફેક્ટ 24 પોઈન્ટ મેળવ્યા. જોકે, ઈટાલીના પિઓ એસ્પોસિટોએ 11મી મિનિટે ગોલ કરીને શરૂઆતમાં લીડ લીધી હતી, પરંતુ 63મી મિનિટે એન્ટોનિયો નુસાના જોરદાર ગોલથી સ્કોર બરાબર થયો. ત્યારબાદ, હાલૅન્ડનો જાદુ ચાલ્યો.



## ઈટાલી પર 'બ્લેક ક્લાઉડ'



માન્ચેસ્ટર સિટીના આ સ્ટ્રાઈકરે 78મી અને 79મી મિનિટમાં સેકન્ડોના અંતરે બે નિર્ણાયક ગોલ ફટકાર્યા, જેણે નોર્વેને 28 વર્ષ પછી વર્લ્ડ કપના મુખ્ય તબક્કામાં પહોંચાડી દીધું. કોચ સ્ટેલ સોલબાકને હાલૅન્ડને 'ગોલ મશીન' ગણાવ્યો, જેણે ક્વોલિફાઈંગમાં કુલ 16 ગોલ કર્યા છે. ઈજાના સમયમાં જોર્ગેન સ્ટ્રાન્ડ લાર્સનના શાનદાર વ્યક્તિગત ગોલે 4-1થી વિજય સુનિશ્ચિત કર્યો. આ હાર બાદ ઈટાલી ગ્રુપમાં 6 પોઈન્ટ પાછળ રહી ગયું અને હવે તેમણે માર્ચમાં રમાનારી જોખમી પ્લે-ઓફ મેચો પર નિર્ભર રહેવું પડશે. છેલ્લા બે વર્લ્ડ કપમાં પણ ઈટાલી પ્લે-ઓફમાં સ્વીડન અને નોર્થ મેસેડોનિયા સામે શરમજનક હાર સહન કરીને બહાર થઈ ગયું હતું. કોચ ગેનારો ગટ્ટુસોએ આ પ્રદર્શન બદલ ચાહકોની માફી માગી હતી. ગટ્ટુસોએ મીડિયા રિપોર્ટ સાથેની વાતચીતમાં બીજા હાફના ધબડકા પર ચિંતા વ્યક્ત કરી: 'આ ચિંતાજનક છે. હું જૂઠું બોલું તો ખોટું કહેવાશે, કારણ કે જ્યારે આવી રાત હોય ત્યારે એકસાથે રહેવું અને સુધારો કરવો સહેલું હોય છે. પરંતુ હવે ચિંતા એ છે કે અમે ત્રણ મહિના પછી મળીશું.' ઈટાલીની ટીમને હાલૅન્ડ જેવો વર્લ્ડ-ક્લાસ પ્લેયરનો અભાવ ખૂબ નડી રહ્યો છે, જેના કારણે યુરોપિયન ચેમ્પિયન હોવા છતાં તેમના પર સતત ત્રીજી વાર વર્લ્ડ કપમાં ક્વોલિફાય ન થવાનું સંકટ તોળાઈ રહ્યું છે.

### બ્લાઈન્ડ મહિલા ટી૨૦ ક્રિકેટ...શ્રીલંકામાં પ્રથમ દૃષ્ટિહીન મહિલા ટી૨૦ ટૂર્નામેન્ટમાં ભારતનો ૮ વિકેટે વિજય

# ભારત-પાક ખેલાડીઓએ તણાવ ભૂલી હાથ મિલાવ્યા



કટુનાયકે

ક્રિકેટના મેદાન પર ચાલી રહેલા રાજકીય તણાવને અવગણીને, ભારત અને પાકિસ્તાનની દૃષ્ટિહીન મહિલા ખેલાડીઓએ રવિવારે શ્રીલંકામાં યોજાયેલી બ્લાઈન્ડ મહિલા ટી૨૦ ટૂર્નામેન્ટમાં એકબીજા સાથે હાથ મિલાવીને ખેલદિલીનો ઉત્તમ દાખલો પૂરો પાડ્યો. આ ટૂર્નામેન્ટને આયોજકો દ્વારા વિશ્વનો પ્રથમ બ્લાઈન્ડ મહિલા ટી૨૦ વિશ્વ કપ ગણાવવામાં આવી રહ્યો છે. ભારત અને પાકિસ્તાનની નિયમિત ક્રિકેટ ટીમો વચ્ચે તાજેતરમાં તણાવ ઘણો વધારે રહ્યો છે. સપ્ટેમ્બરમાં એશિયા કપ દરમિયાન ભારતીય પુરુષોએ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવવાનો ઈનકાર કર્યો હતો, અને મહિલા ટીમોએ પણ ટી૨૦ વિશ્વ કપમાં આવું જ વલણ અપનાવ્યું હતું. પરંતુ દૃષ્ટિહીન મહિલા ક્રિકેટરોએ આ બધાથી દૂર રહીને તંદુરસ્ત ખેલદિલી બતાવી. મીડિયા અહેવાલ મુજબ, મેચની શરૂઆતમાં ટૉસ વખતે ખેલાડીઓએ હાથ નહોતા મિલાવ્યા, જેથી લાગતું હતું કે દૃષ્ટિ ધરાવતી ટીમોનું વલણ અહીં પણ જોવા મળશે. પરંતુ મેચના અંતે, બંને ટીમોએ એકબીજાનું ઉષ્માભેર અભિવાદન કર્યું અને હાથ મિલાવ્યા. ખાસ વાત એ હતી કે બંને ટીમો એક જ બસમાં મેદાન પર મુસાફરી કરવા પણ સાથે આવી હતી. કોલંબોથી ૩૦ કિલોમીટર દૂર કટુનાયકેના ફ્રી ટ્રેડ ઝોન ગ્રાઉન્ડ્સ પર રમાયેલી આ મેચમાં ભારતે શાનદાર જીત મેળવી. પાકિસ્તાને ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૩૫ રન બનાવ્યા હતા, જે લક્ષ્યને ભારતીય ટીમે માત્ર ૧૦.૨ ઓવરમાં ૮ વિકેટથી હાંસલ કરી લીધો.

# સિલેક્શનમાં સ્પષ્ટતાનો અભાવ

## ભારતની હાર બાદ કોચ ગંભીર-અજીત અગરકર પર વેંકટેશ પ્રસાદનો હુમલો!



કોલકાતા: દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતની શરમજનક હાર બાદ ક્રિકેટ જગતમાં હોબાળો મચી ગયો છે. ભારતના પૂર્વ ફાસ્ટ બોલર વેંકટેશ પ્રસાદે આ હાર માટે સિલેક્ટર્સ અને ટીમ મેનેજમેન્ટ પર સીધો દોષારોપણ કર્યું છે. એડન ગાર્ડન્સ ખાતેના પ્રથમ બે દિવસમાં વર્ચસ્વ જમાવ્યા પછી પણ, ત્રીજા દિવસે દક્ષિણ આફ્રિકાની ટીમે ભારતને સંપૂર્ણપણે હરાવી દીધું હતું. જીતવા માટે માત્ર 124 રનના લક્ષ્યનો પીછો કરતા ભારતીય ટીમ માત્ર 93 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. કેપ્ટન શુભમન ગિલ ગરદનની ઈજાને કારણે બીજી ઈનિંગ્સમાં બેટિંગ કરવા પણ નહોતો આવ્યો. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર વેંકટેશ પ્રસાદે આ હારનો દોષ સીધો હેડ કોચ ગૌતમ ગંભીર અને સિલેક્ટર્સ (અજીત અગરકરની કમિટી) પર નાખ્યો હતો. તેમણે કહ્યું કે જ્યારે વાઈટ-બોલ ક્રિકેટમાં ભારતનું પ્રદર્શન ઉત્કૃષ્ટ રહ્યું છે, ત્યારે આવા આયોજન સાથેની ટીમને ટોચની ટેસ્ટ ટીમ કહી શકાય નહીં. 'સિલેક્શનમાં સ્પષ્ટતાનો અભાવ અને વધુ પડતું વ્યૂહાત્મક વિચારવું (ઓવર-ટેક્ટિકલ થિંકિંગ) ટીમ માટે ભારે પડી રહ્યું છે,' પ્રસાદે પોસ્ટ કર્યું. તેમણે ઉમેર્યું કે ઈંગ્લેન્ડમાં ડ્રો થયેલી સિરીઝ સિવાય, છેલ્લા એક વર્ષમાં ટેસ્ટમાં ભારતના પરિણામો ખૂબ જ નબળા રહ્યા છે.

## કોલકાતા ટેસ્ટ પીચ વિવાદ: હરભજન સિંહ ગુસ્સે! કહ્યું: 'RIP ટેસ્ટ ક્રિકેટ'!

અમદાવાદ: ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે કોલકાતામાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતની કારમી હાર અને પીચના અસામાન્ય વર્તન પર ભારતના પૂર્વ દિગ્ગજ સ્પિનર હરભજન સિંહ (ભજ્જી) ખૂબ ગુસ્સામાં જોવા મળ્યા હતા. તેમણે સોશિયલ મીડિયા પર આક્રોશ વ્યક્ત કરતા 'RIP ટેસ્ટ ક્રિકેટ' સુધી લખી દીધું હતું. મેચ માત્ર બે-અઢી દિવસમાં સમાપ્ત થતા, ક્રિકેટ જગતમાં પીચને લઈને સવાલો ઉઠી રહ્યા છે. હરભજન સિંહે પોતાની વાત હંમેશાની જેમ બેબાકીથી રજૂ કરી. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' (અગાઉનું ટ્વિટર) પર પોસ્ટ કરતા લખ્યું કે, 'ભારત વિરુદ્ધ દક્ષિણ આફ્રિકાની ટેસ્ટ મેચ બીજા જ દિવસે લગભગ પૂરી થઈ ગઈ હતી. આ શું મજાક બનાવી દીધી છે.' આ સાથે જ તેમણે ★RIPTESTCRICKET હેશટેગનો ઉપયોગ કર્યો. ત્યારબાદ, એક વીડિયો શેર કરીને હરભજન સિંહે વધુમાં જણાવ્યું કે, 'કોલકાતા ટેસ્ટમાં ટેસ્ટ ક્રિકેટનો સત્યાનાશ કરી નાખ્યો છે.



**બેટિંગનો અણધાર્યો ધબડકો: ૯૧/૩થી ભારતીય ટીમ માત્ર ૧૩૬ રનમાં ઓલઆઉટ**

# એશિયા કપમાં ભારતનો કારમો પરાજય, પાકિસ્તાને 8 વિકેટે હરાવ્યું, વૈભવ સૂર્યવંશીની લડત કામ ન આવી

દોહા

એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ ટુર્નામેન્ટમાં રવિવારે દોહા ખાતે રમાયેલી એક મેચમાં અણધાર્યો બેટિંગ ધબડકો થતાં ભારત એનો પાકિસ્તાન એ સામે ૮ વિકેટે પરાજય થયો હતો. ટૉસ જીતીને પાકિસ્તાન એના કપ્તાને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. એક સમયે ૧૦ ઓવરમાં ૩ વિકેટે ૯૧ રનના મજબૂત સ્કોર પર રમી રહેલી ભારત એની ટીમ અણધારી રીતે ૧૩૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત એની ઈનિંગ્સની શરૂઆતમાં યુએઈ સામેની મેચમાં સદી ફટકારનાર યુવા બેટિંગ સેન્સેશન વૈભવ સૂર્યવંશીએ ૨૮ બોલમાં ૪૫ રન અને નમન ધીરે ૨૦ બોલમાં ૩૫ રન સાથે ઝડપી શરૂઆત કરી હતી. પરંતુ આ પછી પાકિસ્તાનના બોલરોએ જોરદાર વાપસી કરી. મધ્યમ ઝડપી બોલર શાહિદ અઝીઝે ૩ ઓવરમાં ૨૪ રન આપી ૩ વિકેટ ઝડપી, જ્યારે સાદ મસૂદ અને માઝ સદાકતે પણ ૨-૨ વિકેટ લઈને ભારતીય બેટ્સમેનો પર દબાણ વધાર્યું. મીડિયા અહેવાલ મુજબ, હાફ-વે માર્ક સુધી ૧૭૫ થી ૧૮૦ રન તરફ જોઈ રહેલી ભારતીય ટીમે અંતિમ ૧૦ ઓવરમાં માત્ર ૩૫ રન ઉમેરીને ૮ વિકેટ ગુમાવી દીધી. ૧૪ વર્ષીય ડાબોડી બેટ્સમેન વૈભવ સૂર્યવંશીની વિકેટ ટર્નિંગ પોઈન્ટ બની, જેણે લોન્ગ-ઓન ફિલ્ડર મોહમ્મદ ફૈકને કેચ આપી દીધો. સૂર્યવંશીની આ વિકેટે મેચનો રંગ બદલી નાખ્યો અને પાકિસ્તાની બોલરોએ બાકીના ભારતીય બેટ્સમેનોને આસાનીથી આઉટ કર્યા. પાકિસ્તાન એની આ ટુર્નામેન્ટમાં સતત બીજી જીત છે, જ્યારે યુએઈ સામે મોટી જીત સાથે શરૂઆત કરનાર ભારત એનો આ પ્રથમ પરાજય છે.




**ક્રિસ્ટિયાનો રોનાલ્ડો છઠ્ઠા ફૂટબોલ વિશ્વ કપ રમવા માટે તૈયાર**

# પોર્ટુગલે આર્મેનિયાને ૯-૧થી હરાવી ફૂટબોલ વિશ્વ કપ માટે ક્વોલિફાય કર્યું

**બ્રૂનો ફર્નાન્ડિઝ અને જવાઓ નેવેસે હેટ્રિક ફટકારી વિજયની ગાથા લખી**

પોર્ટો: યુરોપિયન ફૂટબોલ જગતમાં મોટા સમાચાર સામે આવ્યા છે. સ્ટાર ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની ગેરહાજરીમાં પણ પોર્ટુગલે આર્મેનિયાને ૯-૧ના જંગી સ્કોરથી હરાવીને ૨૦૨૬ના ફૂટબોલ વિશ્વ કપ માટે ક્વોલિફાય કરી લીધું છે. આ સાથે જ પોર્ટુગલે ગ્રુપ એફમાં ટોચનું સ્થાન મેળવીને ટૂર્નામેન્ટમાં પોતાનું સ્થાન પાક્કું કર્યું છે. પોર્ટુગલ સતત સાતમી વખત ફૂટબોલ વિશ્વ કપમાં રમવા જઈ રહ્યું છે, અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો આ છઠ્ઠો વિશ્વ કપ હશે. રોબર્ટો માર્ટિનેઝની આગેવાની હેઠળની ટીમે પોર્ટો ખાતે રમાયેલી આ નિર્ણાયક મેચમાં આક્રમક શરૂઆત કરી. પોર્ટુગલે સાતમી મિનિટે જ રેનાટો વેઈગાના હેડરથી ગોલ કરીને ખાતું ખોલાવ્યું હતું. જોકે, આર્મેનિયાના કેપ્ટન એડ્યુઅર્ડ સ્પર્ટ્સયાને ગોલ કરીને તરત જ બરાબરી કરી લીધી હતી. જોકે, ત્યારબાદ પોર્ટુગલે પાછળ વળીને જોયું નહીં અને ગોલનો વરસાદ શરૂ કર્યો.

**પોર્ટુગલનો ઈતિહાસ**

અગાઉ ઓક્ટોબરમાં હંગેરી સામે ડ્રો અને ગુરુવારે આયર્લેન્ડ સામે મળેલી આશ્ચર્યજનક હાર પછી, પોર્ટુગલે અંતિમ ગ્રુપ મેચમાં જીત મેળવીને ક્વોલિફિકેશન નિશ્ચિત કર્યું. જોકે યુરો ૨૦૧૬ના ચેમ્પિયન પોર્ટુગલે હજી સુધી ફૂટબોલ વિશ્વ કપ જીત્યો નથી. મીડિયા અહેવાલ મુજબ, આર્મેનિયા સામેની જીત પોર્ટુગલના ઈતિહાસની સૌથી મોટી જીતોમાંની એક છે. આ જ ગ્રુપની અન્ય મેચમાં આયર્લેન્ડે હંગેરીને ૩-૨થી હરાવીને પ્લે-ઑફમાં જગ્યા બનાવી લીધી છે. આયર્લેન્ડ તરફથી ટ્રોય પૅરોટે હેટ્રિક ફટકારી હતી.



# પી. હરિકૃષ્ણ ફિડે વિશ્વ કપમાંથી બહાર

**પાંચમા રાઉન્ડની ટાઈ-બ્રેક રમતોમાં મેક્સિકોના જોસ માર્ટિનેઝ સામે હાર**



પનાજી

ભારતીય ચેસ ચાહકો માટે રવિવારનો દિવસ મિશ્ર રહ્યો. એક તરફ જ્યાં ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગૈસી ફિડે વિશ્વ કપની ક્વાર્ટર ફાઇનલમાં જગ્યા બનાવનાર એકમાત્ર ભારતીય ખેલાડી બન્યો, તો બીજી તરફ અનુભવી જીએમ પી. હરિકૃષ્ણ પાંચમા રાઉન્ડની ટાઈ-બ્રેક રમતોમાં હારીને ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા. પી. હરિકૃષ્ણ, જેઓ અત્યાર સુધી શાનદાર ફોર્મમાં હતા, તેઓ આખરે મેક્સિકોના જોસ માર્ટિનેઝ અલ્કાન્ટારા સામે ટકી શક્યા નહીં. માર્ટિનેઝે આ પહેલાં ઉઝબેકિસ્તાનના નોદિરબેક યાકુબબોવને હરાવીને ટુર્નામેન્ટમાં હલચલ મચાવી દીધી હતી. હરિકૃષ્ણ સામેની ટાઈ-બ્રેક રમતોમાં, ૧૫ મિનિટના ટાઈમ કંટ્રોલ સાથેની બે રમતો ડ્રોમાં સમાપ્ત થયા બાદ, હરિકૃષ્ણ આગામી સેટમાં જીત માટે દબાણ કરી રહ્યા હતા. જોકે, મિડલ ગેમ શરૂ થતાં જ તેની ઘડિયાળમાં સમય ઓછો થવા લાગ્યો. મીડિયા અહેવાલ મુજબ, આર્મેનિયા સામેની જીત પોર્ટુગલના ઈતિહાસની સૌથી મોટી જીતોમાંની એક છે. આ જ ગ્રુપની અન્ય મેચમાં આયર્લેન્ડે હંગેરીને ૩-૨થી હરાવીને પ્લે-ઑફમાં જગ્યા બનાવી લીધી છે. આયર્લેન્ડ તરફથી ટ્રોય પૅરોટે હેટ્રિક ફટકારી હતી.

## માર્ટિનેઝની નજર ટોપ-થ્રી સ્થાન પર

હરિકૃષ્ણએ તેની બીજી ગેમ બ્લેક પીસથી રમતા જીત મેળવવી જરૂરી હતી, પરંતુ તે માત્ર ડ્રો જ કરી શક્યા અને ૩૦ ચાલ પછી તેઓ હરીફાઈમાંથી બહાર થઈ ગયા. માર્ટિનેઝે આ નોકઆઉટ ઈવેન્ટમાં ત્રીજા ઉચ્ચ-રેટેડ ખેલાડીને હરાવ્યો છે અને હવે તેની નજર સેમિફાઈનલ પર છે. માર્ટિનેઝે ટોચના-ત્રણ સ્લોટ માટે લડવાની સુવર્ણ તક છે, જે તેને આવતા વર્ષની કેન્ડીડેટ્સ ટુર્નામેન્ટમાં સ્થાનની બાંયધરી આપશે.

**ગિલની સ્થિતિ પર નજર // પૂર્વ કપ્તાન સૌરવ ગાંગુલીએ હોસ્પિટલમાં શુભમન ગિલ સાથે મુલાકાત કરી**

# શુભમન ગિલ હોસ્પિટલમાંથી રજા, બીજી ટેસ્ટમાં રમવા અંગે શંકા

કોલકાતા

ભારતીય ક્રિકેટ ટીમના કપ્તાન શુભમન ગિલને રવિવારે હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ તે ટીમ હોટેલ પરત ફર્યા છે. શનિવારે દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટ મેચની બીજી ઈનિંગ્સ દરમિયાન શુભમન ગિલને ગરદનમાં ઈજા થઈ હતી, જેના કારણે તે બેટિંગ કરવા માટે મેદાનમાં આવ્યો નહોતો. મીડિયા અહેવાલ મુજબ, ગિલને કોલકાતાની વુડલેન્ડ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમને શરૂઆતમાં ઈન્ટેન્સિવ કેર યુનિટ (ICU) માં રાખવામાં આવ્યા હતા. જોકે, હાલમાં તેમની સ્થિતિ સ્થિર છે અને તે કોઈ ખાસ તકલીફ વિના ચાલી શકે છે તેમજ ગરદનને હલાવી પણ શકે છે. પૂર્વ ભારતીય કપ્તાન અને ક્રિકેટ એસોસિએશન ઑફ બેંગાલ (CAB)ના અધ્યક્ષ સૌરવ ગાંગુલીએ હોસ્પિટલમાં તેમની મુલાકાત લીધી હતી અને ૧૫ મિનિટ સુધી વાતચીત પણ કરી હતી. હાલમાં શુભમન ગિલ ટીમ હોટેલમાં આરામ કરી રહ્યા છે અને બીસીસીઆઈની મેડિકલ ટીમ દ્વારા તેમની પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવશે. જોકે, સ્ટાર બેટ્સમેન ૨૨ નવેમ્બરથી ગુવાહાટીમાં શરૂ થનારી દક્ષિણ આફ્રિકા સામેની બીજી ટેસ્ટ મેચમાં ભાગ લેશે કે કેમ, તે હજી સ્પષ્ટ થયું નથી.




## કોચ ગંભીરનું નિવેદન

